અમદાવાદ
# એક્સપ્રેસ
Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654






પેજ-08
અનન્યાની નવી ફિલ્મમાં ટોક્સિક રિલેશનશિપની ઝલક...



પેજ-09
ગુજરાત ટાઈટન્સની જીત વિજય રથ અવિરત



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| --- | --- | --- |
| અમદાવાદ | 43.00 | 28.00 |
| વડોદરા | 43.00 | 29.00 |
| સુરત | 37.00 | 29.00 |


પેજ 5 સોના ચાંદી પર આયાત ડ્યૂટી વધતા ભાવમાં મોટો ભડકો



14 MAY-2026 THURSDAY



ટ્રમ્પની ચીન મુલાકાત બેજિંગે ખેંચી 4 લક્ષ્મણ રેખા પેજ 10


**શેરબજાર**

| | | |
| --- | --- | --- |
| સેન્સેક્સ | 74608.98 ▲ | 49.74 |
| નિફ્ટી | 23412.60 ▲ | 33.05 |
| સોનું | 162069.00 ▲ | 8627.0 |
| ચાંદી | 298800.0 ▲ | 19738.0 |




વર્ષ-15 । અંક-182 । વિક્રમ સંવત-2082 । વૈશાખ વદ-13 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# ભારતની પ્રથમ સેમી હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટને મળી મંજૂરી

## કેબિનેટે અમદાવાદ-ધોલેરા સેમી હાઈ-સ્પીડ ડબલ લાઈન રેલવે પ્રોજેક્ટને આપી મંજૂરી : ₹20,667 કરોડના ખર્ચે વિકસિત થશે ભારતીય રેલ્વેની પ્રથમ સ્વદેશી સેમી હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલ આર્થિક બાબતોની મંત્રિમંડળીય સમિતિ (CCEA) એ આજે રેલ મંત્રાલયની અમદાવાદ (સરખેજ) - ધોલેરા સેમી હાઈ-સ્પીડ ડબલ લાઈન રેલવે પ્રોજેક્ટને મંજૂરી આપી છે. અંદાજે 20,667 કરોડના ખર્ચવાળી આ પ્રોજેક્ટ ભારતીય રેલ્વેની પ્રથમ સ્વદેશી ટેકનોલોજી આધારિત સેમી હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ બનશે.

લગભગ 134 કિલોમીટર લાંબી આ નવી રેલવે લાઈન અમદાવાદ, ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજન (SIR), આવનારા ધોલેરા એરપોર્ટ તેમજ લોથલ નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સને આધુનિક રેલ કનેક્ટિવિટી પૂરી પાડશે. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ અમદાવાદ અને ધોલેરા વચ્ચેના પ્રવાસ સમયમાં નોંધપાત્ર ઘટાડો થશે, જેના કારણે મુસાફરો માટે દૈનિક આવાગમન તથા એક જ દિવસે આવવા-જવાની સુવિધા વધુ સરળ અને આરામદાયક બનશે.રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આ ઐતિહાસિક નિર્ણય અંગે જણાવ્યું: “અમદાવાદ-ધોલેરા સેમી હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ ભારતના રેલવે ઈતિહાસમાં નવી શરૂઆત છે. આ માત્ર એક રેલ લાઈન નથી, પરંતુ ‘ન્યૂ ઈન્ડિયા’ની આધુનિક, ઝડપી અને આત્મનિર્ભર પરિવહન વ્યવસ્થાનું પ્રતિક છે. સ્વદેશી ટેકનોલોજી આધારિત આ પ્રોજેક્ટ આગામી વર્ષોમાં દેશભરમાં સેમી હાઈ-સ્પીડ રેલ નેટવર્કના વિસ્તરણનો આધાર બનશે.”અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક (DRM) વેદ પ્રકાશે જણાવ્યું કે આ પ્રોજેક્ટ ગુજરાતના ઔદ્યોગિક અને આર્થિક વિકાસને નવી ગતિ આપશે. તેમણે કહ્યું:“આ પ્રોજેક્ટ અમદાવાદ અને ધોલેરા વિસ્તારને વિશ્વસ્તરીય રેલ કનેક્ટિવિટી આપશે. તેના દ્વારા મુસાફરોને ઝડપી, સુરક્ષિત અને આધુનિક મુસાફરીની સુવિધા મળશે તેમજ વિસ્તારમાં રોજગાર, ઉદ્યોગ અને લોજિસ્ટિક્સ ક્ષેત્રને પણ મોટો લાભ થશે. આ પ્રોજેક્ટથી ધોલેરા અને અમદાવાદ વચ્ચેનું અંતર 1 કલાકથી પણ ઓછા સમયમાં પૂર્ણ થઈ શકશે અને ધોલેરા સીધું અમદાવાદ-મુંબઈ હાઈ-સ્પીડ રેલ કોરિડોર સાથે જોડાઈ જશે.”આ પ્રોજેક્ટ પ્રધાનમંત્રી ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાનને અનુરૂપ તૈયાર કરવામાં આવ્યો છે, જેનો હેતુ મલ્ટી-મોડલ કનેક્ટિવિટી અને લોજિસ્ટિક કાર્યક્ષમતાને મજબૂત બનાવવાનો છે.







# સોનિયા ગાંધીની તબિયત લથડી

## સવારે ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને બુધવારે ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમની નાની મેડિકલ પ્રોસિજર થવાની છે. રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી પણ હોસ્પિટલમાં તેમની સાથે જ જોવા મળ્યા હતા. અગાઉ 24 માર્ચના રોજ પણ તાવ અને ઈન્ફેક્શનની ફરિયાદ બાદ તેમને દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હાલમાં ડૉક્ટરો તેમના પેટ અને યુરિનરી ટ્રેક્ટમાં સંભવિત ઈન્ફેક્શનની તપાસ માટે આગળની પ્રક્રિયા કરી રહ્યા છે.

આ પહેલા માર્ચમાં પણ તેમની તબિયત લથડતા દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તે સમયે તેમને કેટલાક દિવસો સુધી ડોકટરોની ટીમની દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા હતા.



### માર્ચમાં પ્રદૂષણને કારણે ખાંસીની તકલીફ થઈ હતી

માર્ચમાં કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીને દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું હતું કે સોનિયા ગાંધીને નિયમિત તપાસ માટે દાખલ કરવામાં આવ્યા છે. તે સમયે તેમની હાલત સ્થિર હતી અને તેમને છાતી રોગ નિષ્ણાતની દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા હતા. સૂત્રો અનુસાર સોનિયા ગાંધીને લાંબા સમયથી ઉધરસની સમસ્યા હતી, જેના કારણે તેઓ સમયાંતરે ચેકઅપ માટે આવતા રહે છે. ખાસ કરીને દિલ્હીમાં વધતા પ્રદૂષણને કારણે તેમની તકલીફ વધી જાય છે. સોનિયા ગાંધી ડિસેમ્બર 2025માં 79 વર્ષના થઈ ચૂક્યા છે.

### 11 મહિના પહેલાં અચાનક બ્લડ પ્રેશર વધી ગયું હતું

*11 મહિના પહેલાં કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીનું બ્લડ પ્રેશર અચાનક વધી ગયું હતું. તેમને શિમલાની ઈન્દિરા ગાંધી મેડિકલ કોલેજ (IGMC) હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવ્યા હતા. અહીં ડોક્ટરોની એક ટીમે તેમની તપાસ કરી હતી. IGMCના ડેપ્યુટી મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડો. અમન ચૌહાણે કહ્યું હતું કે ગભરાવાની કોઈ જરૂર નથી. સોનિયા ગાંધી એકદમ સ્વસ્થ છે. તેઓ બ્લડ પ્રેશર વધવાની ફરિયાદ માટે રૂટિન ચેકઅપ માટે હોસ્પિટલમાં આવ્યા હતા. ચેકઅપ પછી તેઓ ત્યાંથી ચાલ્યા ગયા હતા.*

## રાત્રે 11 વાગ્યે દાખલ કરવામાં આવ્યા, પછી ઘરે પાછા ફર્યા; સવારે હોસ્પિટલ પહોંચતા પહેલા જ મોત

# અખિલેશ યાદવના ભાઈ પ્રતીકનું લખનઉમાં નિધન

*સૂત્રો અનુસાર, 30 એપ્રિલે પ્રતીકને ગંભીર હાલતમાં લખનઉની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. 3 દિવસ પછી તેમને થોડો આરામ મળ્યો. આ પછી તેઓ હોસ્પિટલમાંથી રજા લીધા વિના ઘરે ચાલ્યા ગયા હતા. પ્રતીક મુલાયમ સિંહ યાદવની બીજી પત્ની સાધના ગુપ્તાના પુત્ર હતા.*

(એજન્સી) લખનઉ । તા. 13

સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવના ભાઈ પ્રતીક યાદવનું બુધવારે નિધન થયું. તેમની ઉંમર 38 વર્ષ હતી. સવારે 6 વાગ્યે તેમને લખનઉની સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા, જ્યાં ડોકટરોએ તેમને મૃત જાહેર કર્યા.

સિવિલ હોસ્પિટલના CMS ડૉ. ડીસી પાંડેના જણાવ્યા અનુસાર, જ્યારે પ્રતીકને લાવવામાં આવ્યો ત્યારે તેનું હૃદય પણ બંધ થઈ ગયું હતું.

પ્રતીકના પત્ની ભાજપ નેતા અપર્ણા, મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા માટે આસામમાં ગયા હતા. તેઓ ટૂંક સમયમાં લખનઉ પહોંચશે. પ્રતીકના મૃત્યુનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. કિંગ જ્યોર્જ મેડિકલ યુનિવર્સિટી અથવા KGMU ખાતે પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. ત્યાંથી, મૃતદેહને પ્રતીકના ઘરે લઈ જવામાં આવશે.

હાલમાં મૃત્યુનું કારણ જાણી શકાયું નથી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે KGMU મોકલી દેવામાં આવ્યો હતો. જ્યા તેનું પોસ્ટમોર્ટમ પૂર્ણ થયું છે. સાથે અપર્ણાના ભાઈ અમન સિંહ બિષ્ટ હાજર છે.







### બ્રિટનથી અભ્યાસ કર્યો, રાજકારણથી દૂર હતા

પ્રતીકે બ્રિટનની લીડ્સ યુનિવર્સિટીમાંથી અભ્યાસ કર્યો હતો. તેઓ રાજકારણથી દૂર હતા. તેમનો રિયલ એસ્ટેટ અને ફિટનેસનો બિઝનેસ હતો. પ્રતીક લખનઉમાં 'ધ ફિટનેસ પ્લાનેટ' નામથી એક જીમના માલિક હતા. પ્રતીકે અપર્ણા યાદવ સાથે 14 વર્ષ પહેલાં લવ-મેરેજ કર્યા હતા. બંનેને બે દીકરીઓ છે. 19 જાન્યુઆરીના રોજ, પ્રતીકે અચાનક તેની પત્ની અપર્ણાથી છૂટાછેડાની જાહેરાત કરી. તેણે કહ્યું, "અપર્ણાએ મારું જીવન નરક બનાવી દીધું છે." જોકે, નવ દિવસ પછી સમાધાન થઈ ગયું હતું. ઈન્સ્ટાગ્રામ પર અપર્ણા સાથેનો ફોટો શેર કરતા પ્રતીકે લખ્યું, All is Good એટલે કે બધું સારું છે.



## CBI ડિરેક્ટરની પસંદગી પર અસહમતિ, PMના ઘરે દોઢ કલાક બેઠક; કહ્યું- ઉમેદવારોની વિગતો આપવામાં આવી નથી

# રાહુલે કહ્યું- વિપક્ષનો નેતા રબર સ્ટેમ્પ નથી

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

રાહુલ ગાંધીએ મંગળવારે પીએમ આવાસ પર યોજાયેલી બેઠકમાં નવા CBI ડિરેક્ટરની પસંદગી પર પોતાની અસંમતિ વ્યક્ત કરી છે. રાહુલે આરોપ લગાવ્યો કે પસંદગી માટે જે 69 ઉમેદવારોની યાદી આપવામાં આવી છે, તેમની વિગતો ઉપલબ્ધ કરાવાઈ નથી. રાહુલે કહ્યું- CBI ડિરેક્ટરની પસંદગી પ્રક્રિયા માત્ર એક ઔપચારિકતા બનાવી દેવામાં આવી છે. હું આ પક્ષપાતપૂર્ણ કામમાં સામેલ થઈને મારી બંધારણીય ફરજથી પાછળ હટી શકતો નથી, પરંતુ કડક શબ્દોમાં મારી અસંમતિ વ્યક્ત કરું છું. પ્રધાનમંત્રી આવાસ 7, લોક કલ્યાણ માર્ગ પર યોજાયેલી આ બેઠકમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંત અને રાહુલ ગાંધી સામેલ થયા હતા. બેઠક લગભગ એક કલાક ચાલી.



મીટિંગમાંથી બહાર નીકળ્યા પછી રાહુલે સોશિયલ મીડિયા પર એક પત્ર શેર કર્યો, જેમાં પોતાની અસંમતિનું કારણ જણાવ્યું. વર્તમાન CBI ડિરેક્ટર પ્રવીણ સૂદનો કાર્યકાળ 24 મેના રોજ સમાપ્ત થવાનો છે. CBI ડાયરેક્ટરની પસંદગી માટે વડાપ્રધાન, સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતાની બેઠકમાં નામ અંતિમ થાય છે. ત્યારબાદ ગૃહ મંત્રાલય તરફથી નિર્દેશ મળ્યા પછી ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેનિંગ (DOPT) આદેશ જારી કરે છે.

### રાહુલનો અસહમતિ પત્ર, 5 મુદ્દા; કહ્યું- તમે તમારો ઉમેદવાર પસંદ કરવા માંગો છો

- તમારી સરકારે વારંવાર CBIનો દુરુપયોગ કર્યો છે. આ ભારતની મુખ્ય તપાસ એજન્સી છે, પરંતુ તમે તેનો ઉપયોગ રાજકીય વિરોધીઓ, પત્રકારો અને ટીકાકારોને નિશાન બનાવવા માટે કર્યો.
- સંસ્થાઓ પર આવા કબજાને રોકવા માટે જ પસંદગી સમિતિમાં વિપક્ષના નેતાને સામેલ કરવામાં આવે છે. ખેદની વાત છે કે તમે આ પ્રક્રિયામાં મને એવી કોઈ ભૂમિકા આપી નથી જે પસંદગી પ્રક્રિયાને યોગ્ય બનાવે.
- જે ઉમેદવારોને સૂચિબદ્ધ કરવામાં આવ્યા છે. તેમની સ્વ-મૂલ્યાંકન રિપોર્ટ અથવા 360-ડિગ્રી રિપોર્ટ ઉપલબ્ધ કરાવવામાં આવી નથી. મને આ રિપોર્ટ આપવાની સ્પષ્ટ ના પાડી દેવામાં આવી.
- કોઈપણ કાનૂની આધાર વિના માહિતી આપવાનો ઈરાદાપૂર્વક ઈનકાર કરવો, પસંદગી પ્રક્રિયાની મજાક ઉડાવવા સમાન છે. આનાથી સ્પષ્ટ થાય છે કે ફક્ત તમારો પહેલેથી નક્કી કરેલો ઉમેદવાર જ પસંદ કરવામાં આવે.

# પીએમના રૂટ પર વિસ્ફોટક મળ્યા બાદ હવે ટાઈમર મળ્યું

## દાવો- આરોપીઓ જોડી શક્યા નથી; 10 મેના રોજ મોદી બેંગલુરુ ગયા હતા

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

પીએમ મોદીના 10 મેના રોજ બેંગલુરુ પ્રવાસ દરમિયાન મળેલી જિલેટીનની સ્ટીક્સ પછી હવે એવી વધારાની સામગ્રી પણ મળી આવી છે, જેનાથી વિસ્ફોટ ટ્રિગર કરી શકાય છે.

પોલીસને ત્રણ દિવસ પછી ત્યાંથી એક ઈલેક્ટ્રોનિક સર્કિટ અને ટાઈમર મળ્યું છે. આ સામગ્રી એક પૂંઠાના ડબ્બામાં હતી. પોલીસે આશંકા વ્યક્ત કરી કે જે લોકોએ તેને ત્યાં રાખવાનો પ્રયાસ કર્યો, તેઓ તેને એસેમ્બલ (જોડી) શક્યા નહીં.

વડાપ્રધાન 10 મેના રોજ બેંગલુરુમાં આર્ટ ઓફ લિવિંગ ફાઉન્ડેશનના 45મા સ્થાપના દિવસ સમારોહમાં ભાગ લેવા પહોંચ્યા હતા. વિસ્ફોટક સામગ્રી કાર્યક્રમ સ્થળ નજીક કાગલીપુરા વિસ્તાર પાસેથી મળી આવી હતી.



### પોલીસને કોલ આવ્યો કે બોમ્બ લગાવ્યો છે, ત્યારે તપાસ શરૂ થઈ

10 મેના રોજ જ્યારે પીએમ મોદીને બેંગલુરુમાં કાર્યક્રમમાં જવાનું હતું. તે જ દિવસે સવારે 7 વાગ્યાની આસપાસ પોલીસને એક ફોન કોલ આવ્યો. જેમાં કોલરે કહ્યું કે તેણે બોમ્બ લગાવ્યો છે. આ કોલના આધારે પોલીસ હરકતમાં આવી અને શહેરના કોરમંગલા વિસ્તારમાંથી એક વ્યક્તિની ધરપકડ કરી. થોડા કલાકો પછી, પોલીસ ટીમને હાઈવેથી થોડા મીટરના અંતરે જિલેટીનનો ડબ્બો મળ્યો. આ જ રસ્તેથી પીએમ મોદીની કાર પસાર થવાની હતી.

### મોદી બેંગલુરુમાં 'આર્ટ ઓફ લિવિંગ'ના 45મા સ્થાપના દિવસ પર ગયા હતા






# પેટ્રોલિયમ મંત્રી બોલ્યા-ભારત પાસે 60 દિવસનું ક્રૂડ ઓઈલ છે

## 45 દિવસનો LPG સ્ટોક છે; પીએમની વાતોનો મનફાવે એવો અર્થ ન કાઢો

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ મંગળવારે જણાવ્યું કે ભારત પાસે 60 દિવસનો ક્રૂડ ઓઈલ, 60 દિવસની LNG અને 45 દિવસની LPGનો સ્ટોક છે. સપ્લાયના મામલે કોઈ મુશ્કેલી નથી.

હરદીપ પુરીએ દિલ્હીમાં આયોજિત CII એન્યુઅલ બિઝનેસ સમિટમાં પીએમની બચતની અપીલનો પણ ઉલ્લેખ કર્યો. પુરીએ કહ્યું કે પીએમએ બે દિવસ પહેલા જે વાતો કહી છે. તેને લઈને અફરા-તફરી મચાવવી નકામી છે. પીએમની વાતોને ધ્યાનથી સાંભળો. તેનો મનફાવે એવો અર્થ ન કાઢો. ખરેખરમાં પીએમ મોદી સતત બે દિવસથી લોકોને ઈંધણ અને સંસાધનોનો ઓછો ઉપયોગ કરવાની અપીલ કરી ચૂક્યા છે. તેમણે કહ્યું કે જ્યાં શક્ય હોય ત્યાં પેટ્રોલ ડીઝલનો ઉપયોગ ઓછો કરો અને મેટ્રો, ઈલેક્ટ્રિક બસ અને પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરો. વિદેશી યાત્રાઓથી બચો. હરદીપ પુરીએ સમિટમાં કહ્યું કે સરકારે પશ્ચિમ એશિયા સંકટને કારણે ઉર્જા સપ્લાયમાં આવેલી અડચણોનો બોજ સામાન્ય જનતા પર પડવા દીધો નથી.

# મહારાષ્ટ્રમાં AIMIM કોર્પોરેટરના ઘર-ઓફિસ પર બુલડોઝર ચાલ્યું

(એજન્સી) મહારાષ્ટ્ર । તા. 13

મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં AIMIM કાઉન્સિલર મતીન પટેલના ઘર અને ઓફિસ પર બુધવારે સવારે બુલડોઝર ચલાવી દેવામાં આવ્યું. આ કાર્યવાહી નગર નિગમ દ્વારા ગેરકાયદેસર બાંધકામના મામલે કરવામાં આવી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી નિદા ખાનને 7 મેના રોજ છત્રપતિ સંભાજીનગરથી ધરપકડ કરવામાં આવી હતી. દાવો કરવામાં આવ્યો હતો કે મતીન પટેલે તેને પોતાના ઘરમાં આશ્રય આપ્યો હતો. ત્યારબાદ 9 મેના રોજ નગર નિગમે ગેરકાયદેસર બાંધકામ અંગે નોટિસ જારી કરી હતી અને 72 કલાકમાં જવાબ માંગ્યો હતો.

આ મામલે મહારાષ્ટ્રના મંત્રી સંજય શિરસાટે કહ્યું કે, એક તરફ પટેલ અને તેમના લોકો ઘરને પોતાનું નથી કહી રહ્યા હતા, જ્યારે બીજી તરફ નિગમની નોટિસ વિરુદ્ધ કોર્ટ જવાની વાત કરી રહ્યા હતા. આ ડબલ સ્ટાન્ડર્ડ છે. નિદા ખાન ફક્ત પેઈડ વર્કર હતી. આ કન્વર્ઝન રેકેટમાં કોઈ રાજકીય પક્ષની ભૂમિકા હોઈ શકે છે.

# નેતાઓ, ભ્રષ્ટ પોલીસ અધિકારીઓ અને NEET માફિયાઓ પેપર લીક કરીને હજારો કરોડોનો ધંધો કરે છે: બ્રિજરાજ સોલંકી AAP



અમદાવાદ/રાજકોટ/ભાવનગર/ગુજરાત | ગુજરાત આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ યુવા મોરચા પ્રમુખ બ્રિજરાજ સોલંકીએ વિડીયોના માધ્યમથી એક ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ફરીવાર NEETનું પેપર લીક થયું તે બદલ તમામ 23 લાખ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો પ્રત્યે હું સંવેદના વ્યક્ત કરું છું.

આ પહેલા 2017, 2021 અને 2024માં પણ NEETનું પેપર લીક થયું હતું. સરકાર અને તંત્રની મિલીભગતથી આ થાય છે. નેતાઓ, ભ્રષ્ટ પોલીસ અધિકારીઓ અને NEET માફિયાઓ પેપર લીક કરીને હજારો કરોડોનો ધંધો કરે છે. આ લોકો તમામ જાતિ-ધર્મના, ગરીબોના અને મધ્યમવર્ગના યુવાનોના ભવિષ્યને ધૂંધળું બનાવવાનું કામ કરે છે. અગાઉ જે પેપર લીક થયા હતા તેના ગુનેગારો ક્યાં છે? એના એક પણ ગુનેગાર જેલમાં નથી.

વધુમાં AAPના યુવા નેતા બ્રિજરાજ સોલંકીએ જણાવ્યું હતું કે આ લોકો પેપર સરખી રીતે નથી લઈ શકતા તો સરકાર કઈ રીતે ચલાવશે? મારુ માનવું છે કે આ સરકાર સદંતર રીતે નિષ્ફળ ગઈ છે, હવે યુવાનોએ મેદાને આવવું પડશે.

ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને માનવા વાળો દેશ છે, તો ક્યાં સુધી આપણે જિંદાબાદ મુર્દાબાદ કરીશું? હવે રોડ રસ્તા પર ઉતરીને આંદોલન કરવું પડશે. કારણ કે સરકાર સીધી રીતે નહીં માને પરંતુ જનાંદોલન થશે તો જ સરકાર માનશે. આખી આમ આદમી પાર્ટી યુવાનોની સાથે છે. પેપર લીકના ગુનેગારોને દસ વર્ષની સજા ફટકારવામાં આવે એવી અમે માંગ કરીએ છીએ. ગુજરાતમાં પણ 2014થી લઈને 2024 સુધી 34 પેપર લીક થયા હતા. તો હવે જનતાએ પોતાની આત્મા જગાડવાની છે.

# ગુજરાતનું પેપર લીકનું મોડલ જાણે દેશમાં લાગુ પડી ગયું: ધર્મેશ ભંડેરી

સુરત : આમ આદમી પાર્ટીના સુરત શહેર સંગઠન દ્વારા એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રેસ કોન્ફરન્સમાં સુરત શહેર પ્રમુખ ધર્મેશ ભંડેરી, આમ આદમી પાર્ટીના કોર્પોરેટર અસ્મિતા ધોરાજીયા અને પ્રદેશ પ્રવક્તા અને મીડિયા કો ઓર્ડિનેટર ચિરેશ અનાજવાલા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રેસ કોન્ફરન્સમાં શહેર પ્રમુખ ધર્મેશ ભંડેરીએ સરકાર અને પ્રશાસન પર ઉગ્ર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, 3 મેના રોજ NEETની પરીક્ષા લેવામાં આવી હતી અને 22 લાખ વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક આ પરીક્ષા આપી હતી. આ પરીક્ષામાં ફક્ત વિદ્યાર્થીઓની જ નહીં પરંતુ એમના આખા પરિવારોની મહેનત હતી. સાથે સાથે કોચિંગ સ્ટાફ અને શિક્ષકોની પણ ખૂબ જ મહેનત હતી. લાખો વિદ્યાર્થીઓએ આશા રાખી હતી કે આ પરીક્ષા આપીશું અને મેડિકલ ફિલ્ડમાં આગળ વધીશું અને દેશની આરોગ્ય વ્યવસ્થામાં શ્રેષ્ઠ યોગદાન આપીશું. આ વિદ્યાર્થીઓએ દિવસ રાત કરેલી મહેનત બાદ પરીક્ષા આપી હતી પરંતુ ગઈકાલે જાણકારી બહાર આવી કે આ પેપર પરીક્ષા પહેલાં જ લીક થઈ ગયું હતું. જેના કારણે સરકાર આ પરીક્ષા રદ કરી અને સીબીઆઈને આની તપાસ સોંપી.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ધર્મેશ ભંડેરીએ જણાવ્યું હતું કે, હવે સવાલ પેદા થાય છે કે પરીક્ષાનું પેપર લીક કેમ થાય છે? ક્યા કારણે પેપર લીક થયું? ગુજરાતમાં છેલ્લા સાત આઠ વર્ષમાં 20થી વધારે પરીક્ષાઓના પેપર લીક થયા. હવે આ જ મોડલ હવે જાણે આખા દેશમાં લાગુ પડી ગયું છે.

# જે લોકો "પરીક્ષા પે ચર્ચા" કરતા હતા, શું એ લોકો પેપર ફૂટવા પર ચર્ચા કરશે?: વિવેક લીંબાસીયા

અમદાવાદ : આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રવક્તા વિવેક લીંબાસીયાએ એક વીડિયોના માધ્યમથી મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગઈકાલે માહિતી બહાર આવી કે નીટનું પેપર ફૂટી ગયું. એટલે કે હવે પેપર ફૂટવાનું ગુજરાત મોડલ સમગ્ર દેશમાં લાગુ થઈ ગયું છે. 22 લાખ વિદ્યાર્થીઓએ જ્યારે મહામહેનત કરીને નીટની પરીક્ષા માટે તૈયારી કરી હતી, અને નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ આ પરીક્ષા દરમિયાન એટલા કડક નિયમો બનાવ્યા હતા કે પાણીની બોટલ પણ નહીં લઈ જવાની, કંઠી નહીં પહેરવાની, આ પ્રકારના નિયમો બનાવીને જાણે વિદ્યાર્થીઓને ગુનેગાર બનાવીને કઠગરામાં ઊભા રાખી દીધા હતા, ત્યારે પેપર ફોડવામાં જે આખું માફિયા સામેલ છે એ લોકો પર કોઈ પ્રકારની કાર્યવાહી નહીં? વધુ આમ આદમી પાર્ટીના નેતા વિવેક લીંબાસીયાએ જણાવ્યું હતું કે, મેં પેપર ફોડવાની ઘટનાને ગુજરાત મોડલ એટલા માટે કહ્યું કારણ કે 2015થી લઈને અત્યાર સુધી ગુજરાતમાં સ્પર્ધાત્મક પરીક્ષાના ઘણા પેપરો ફૂટ્યા છે. અમે પોતે પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા હતા તો અમે તેના સાક્ષી છીએ. તલાટીનું પેપર ફૂટ્યું, ડીવાયએસઓનું પેપર ફૂટ્યું, તો આ રીતે અનેક પેપરો ફૂટ્યા અને હવે સમગ્ર દેશમાં પેપર ફૂટવાનું ગુજરાત મોડલ લાગુ થયું છે, એવા સમયમાં ત્રણ પ્રશ્નો ઊભા થાય છે. જે લોકો "પરીક્ષા પે ચર્ચા" કરતા હતા શુ એ લોકો પેપર ફૂટવા પર ચર્ચા કરશે? બીજો પ્રશ્ન એ કે ઘણા વિદ્યાર્થીઓ બીજા શહેરમાં રહીને પરીક્ષાની તૈયારી કરતા હતા અને ઘણો ખર્ચો તેમના મા-બાપે કર્યો તો શું એ લોકોને કોઈ વળતર મળશે?

## ગુજરાતમાં 10 વર્ષમાં 34 પેપર લીક, ભાજપ હવે 'પેપર ફોડ પાર્ટી' બની ગઈ છે

# નીટ પેપર લીક મામલે ભાજપ સરકાર પર AAPનો આકરો પ્રહાર, વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમત બંધ કરો : યોગેશ જાદવાણી

## વિદ્યાર્થીઓ દિવસ-રાત મહેનત કરે છે અને ભાજપ સરકાર પેપર લીકથી તેમના સપનાઓ તોડી રહી છે : યોગેશ જાદવાણી AAP

અમદાવાદ/સુરત/ગુજરાત | આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતા યોગેશ જાદવાણીએ વિડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે નીટ પરીક્ષાનું પેપર લીક થયું અને પેપર ફોડ પાર્ટી એટલે કે ભાજપના પાપે ફરી એકવાર વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમત થઈ છે. ગુજરાતમાં છેલ્લા દસ વર્ષમાં અત્યાર સુધી 34 પેપર લીક થઈ ચૂક્યા છે. ગુજરાત ભાજપની આ શરૂ કરેલી યોજના હવે કેન્દ્ર સરકાર સુધી પહોંચી ગઈ છે. કેન્દ્ર સરકારમાં પણ આ ચોથું પેપર લીક છે.

વર્ષ 2017માં એક પેપર, 2021માં એક પેપર અને ત્યારબાદ 2024માં પણ પેપર લીકની ઘટનાઓ સામે આવી હતી. જ્યારે ચૂંટણી ચાલી રહી હતી ત્યારે ભાજપના નેતાઓ ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત હતા અને ED, CBI,IB જેવી કેન્દ્રની એજન્સીઓ પણ ભાજપને જીતાડવામાં વ્યસ્ત હતી. બીજી તરફ વિદ્યાર્થીઓ પોતાના ઉજ્જવળ ભવિષ્ય માટે દિવસ-રાત મહેનત કરી રહ્યા હતા. માતા-પિતા પોતાના બાળકોને ભણાવવા માટે મુશ્કેલીઓ સહન કરી રહ્યા હતા, પરંતુ ભાજપના લોકોએ તેમની મહેનત પર પાણી ફેરવી દીધું. વિદ્યાર્થીઓ રાતભર જાગીને તૈયારી કરતા હોય, પરીક્ષા પાસ કરવાની ચિંતા કરતા હોય અને અંતે પેપર લીક થઈ જાય, તે ખૂબ જ દુઃખદ બાબત છે.


AAP નેતા યોગેશ જાદવાણીએ વધુમાં જણાવ્યું હતું કે, આ કોઈ નવી ઘટના નથી.



ગુજરાતમાંથી શરૂ થયેલી આ ખરાબ પરંપરામાં ભાજપ સરકારે જાણે રેકોર્ડ બનાવી દીધો છે. કદાચ વિશ્વના કોઈપણ રાજ્ય કે દેશમાં આટલા પેપર લીક ન થયા હોય. હવે ભાજપને ભારતીય જનતા પાર્ટી નહીં પરંતુ પેપર ફોડ પાર્ટી કહેવું યોગ્ય લાગે છે. જ્યારે પણ પેપર લીક થાય છે ત્યારે મંત્રીઓ, તંત્રીઓ એક જ વાત કરે છે કે કોઈને છોડવામાં નહીં આવે, કડક કાર્યવાહી થશે, CBI તપાસ થશે, પરંતુ આજ સુધી કોઈ મોટા આરોપીને કડક સજા થઈ હોય તેવો દાખલો નથી. પેપર લીકના મામલામાં વારંવાર ભાજપ સાથે જોડાયેલા લોકોના નામ સામે આવે છે અને ભાજપના સંગઠનો સાથે સંબંધિત લોકોની સંડોવણી પણ બહાર આવે છે.

આ આખી વ્યવસ્થા પોતાના લોકોને ફાયદો કરાવવા માટે ચાલી રહી છે અને તેના કારણે દેશના બાળકોનું ભવિષ્ય બરબાદ થઈ રહ્યું છે. જે માતા-પિતા પોતાના બાળકોને પેટ પર પટ્ટા બાંધીને ભણાવે છે, તેમની લાગણીઓ સાથે સરકાર ખેલ કરી રહી છે. સરકારને માત્ર સત્તા બચાવવાની ચિંતા છે. પેપર લીક થયા પછી પરીક્ષા રદ કરવી અને ફરી પરીક્ષા લેવાની જાહેરાત કરવી એ કોઈ ઉકેલ નથી. જ્યારે પરીક્ષાઓ યોજાતી હોય ત્યારે સરકાર અને તપાસ એજન્સીઓ ક્યાં હોય છે? વિરોધ પક્ષના નેતાઓને દબાવવા, તોડવા અને ચૂંટણી જીતવા માટે સરકાર પાસે સમય છે, પરંતુ દેશના વિદ્યાર્થીઓ અને તેમના ભવિષ્ય માટે કોઈ ગંભીરતા નથી. ગુજરાતમાં દસ વર્ષમાં 34 પેપર લીક થવું એ શરમજનક બાબત છે. હવે દેશની જનતા ભાજપની હકીકત સમજી ગઈ છે. ભાજપ સરકારે પોતાની જવાબદારી નિભાવવી જોઈએ અને વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમવાનું બંધ કરવું જોઈએ, નહીં તો દેશની જનતા યોગ્ય જવાબ આપશે.

# NEETની પરીક્ષાનું પેપર લીક થયું, એ સરકાર માટે શર્મનાક ઘટના: ઈસુદાન ગઢવી



અમદાવાદ/ગુજરાત | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ એક વીડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે NEETની પરીક્ષા પેપર લીક થવાના કારણે રદ થઈ છે. છેલ્લા બે વર્ષથી 22-23 લાખ બાળકો અને તેમના પરિવારો દિવસ રાત જોયા વગર, કોઈ તહેવારો ઉજવ્યા વગર મહેનત કરતા હતા અને એવા બાળકોએ દિવસ રાત મહેનત કરીને પરીક્ષા આપી છે એ પેપર રદ થઈ ગયું છે, આ આખા દેશ માટે શર્મનાક ઘટના છે. ગુજરાતમાં છેલ્લા કેટલાય વર્ષોથી 21 પેપર લીક થયા છે અને હવે આ જ સિસ્ટમ કોઈએ કેન્દ્રમાં લાગુ કરી છે. કોના કારણે લાગુ કરી છે એ ખબર નથી? શું પોતાના માણસોને પાસ કરાવવા માટે પેપર લીક કરાવ્યા? ગુજરાતમાં પણ પોતાના લોકોને અને પોતાના મળતીયાઓ લોકોને પાસ કરાવવા માટે પોતે જ પેપર લીક કરાવતા હોય એવી ઘટનાઓ બની છે. ગુજરાતમાં આટલા પેપર લીક થયા છે છતાં પણ હજુ સુધી કોઈને મોટી સજા થઈ નથી.

વધુમાં AAP ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, અમે પેપર લીકનો વિરોધ કર્યો હતો અમને જેલમાં મોકલ્યા પરંતુ ચમરબંધીઓ પકડાતા નથી. અને હવે આવી જ સિસ્ટમ કેન્દ્રમાં લાગુ થઈ છે. NEETની પરીક્ષા પેપર લીકની ઘટના દેશના 140 કરોડ લોકો માટે દુઃખદ ઘટના છે અને દેશની સિસ્ટમ માટે આ એક શરમજનક ઘટના છે. આવી ઘટનાઓ તો બનતી રહેશે તો બાળકો કઈ રીતે વિશ્વાસ કરશે? બે વર્ષ સુધી મહેનત કરીને બાળકોએ NEETની પરીક્ષા આપીને એ બાળકોએ હાશકારો મેળવ્યો હશે અને પોતાનું વેકેશન એન્જોય કરતા હશે પરંતુ હવે આ બાળકોને ફરીથી પરીક્ષા આપવી પડશે તો ફરીથી એ નીટની પરીક્ષા માટે કેટલા તૈયાર થશે? તો આ રીતે ભાજપ સરકારે બાળકોનું ભવિષ્ય ધૂંધળું કરી નાખ્યું છે.

# News Brief

## AMCમાં એકપણ EV નહીં, કોન્ટ્રાક્ટ પૂર્ણ થતાં ધૂળ ખાય છે

અમદાવાદ | મધ્ય-પૂર્વના દેશોમાં ચાલી રહેલા યુદ્ધના કારણે આખા દેશમાં પેટ્રોલ ડીઝલના જથ્થાને લઈને અસર થઈ છે, ત્યારે પીએમ મોદીએ પેટ્રોલ અને ડીઝલનો ઉપયોગ ઘટાડવા પર નાગરિકોને અપીલ કરી છે અને ઈલેક્ટ્રીક વાહનોનો ઉપયોગ વધારવા જણાવ્યું છે. જોકે રાજ્યની સૌથી મોટી મહાનગરપાલિકા એવી અમદાવાદ મહાનગરપાલિકામાં પેટ્રોલ ડીઝલના વાહનોનો ઉપયોગ કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી. કારણ કે મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે એક પણ ઈલેક્ટ્રીક ગાડી નથી. તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને કર્મચારીઓ પેટ્રોલ અને ડીઝલથી ચાલતી જ ગાડીઓનો ઉપયોગ કરી રહ્યા છે. એક પણ ઈલેક્ટ્રીક વ્હીકલ ન હોવાના કારણે પેટ્રોલ અને ડીઝલની બચત અધિકારીઓ અને કર્મચારીઓ કરી શકે તેમ નથી.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સેન્ટ્રલ વર્કશોપ વિભાગનો હવાલો સંભાળતા અધિકારી વિજય મિસ્ત્રીએ દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ઈલેક્ટ્રીક ગાડીઓનો કોન્ટ્રાક્ટ પૂર્ણ થઈ ગયો છે અને સ્ક્રેપમાં ગાડીઓ રાખવામાં આવેલી છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી ટૂંક જ સમયમાં નવી ઈલેક્ટ્રીક 8 જેટલી ગાડીઓ ખરીદવામાં આવશે. હાલમાં કોર્પોરેશન દ્વારા ઈ- રીક્ષા ચલાવવામાં આવે છે.

15000 કરોડથી વધુનું બજેટ ધરાવનારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એક પણ ઈલેક્ટ્રીક વ્હીકલ નથી. જેના કારણે થઈને તમામ અધિકારીઓ અને કર્મચારીઓને ફરજિયાત પેટ્રોલ અને ડીઝલથી ચાલતી ગાડીઓનો ઉપયોગ કરવો પડી રહ્યો છે. એક વર્ષ પહેલાં મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે 25 થી વધુ ઈલેક્ટ્રીક ગાડીઓ હતી. જેનો અધિકારીઓ ઉપયોગ કરી રહ્યા હતા .પરંતુ વર્ષ 2025ના ઓગસ્ટ મહિનામાં ઈલેક્ટ્રીક ગાડીઓનો કોન્ટ્રાક્ટ પૂરો થઈ ગયો હોવાના કારણે હવે ગાડીઓ સ્ક્રેપમાં ધૂળ ખાઈ રહી છે.

## હવે આરોપીઓનો વરઘોડો નીકળશે નહીં : હિંસક ટોળા કે જાહેર રોષથી બચાવવાની જવાબદારી પણ પોલીસની

ગાંધીનગર | ગુજરાત પોલીસ માટે રાજ્યના ડીજીપીએ મહત્વપૂર્ણ અને કડક લેખિત આદેશ જાહેર કર્યો છે. આ આદેશ અનુસાર હવે કોઈપણ આરોપીનું જાહેરમાં સરઘસ કાઢી શકાશે નહીં તેમજ આરોપીઓ સાથે અપમાનજનક વર્તન કરનાર પોલીસકર્મીઓ સામે કાર્યવાહી થઈ શકે છે.

ડીજીપીએ આપેલી સૂચનામાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આરોપી ભલે ગંભીર ગુનામાં સંડોવાયેલ હોય, તેમ છતાં કાયદાની મર્યાદામાં રહીને જ તેની સાથે વ્યવહાર કરવો પડશે. આરોપીનું આત્મસન્માન જળવાય અને માનવ અધિકારોનું ઉલ્લંઘન ન થાય તે માટે રાજ્યભરની પોલીસને ખાસ તકેદારી રાખવા જણાવાયું છે.

આદેશ મુજબ આરોપીને મેજીસ્ટ્રેટ સમક્ષ રજૂ કરતી વખતે પણ પૂરતી સાવચેતી રાખવાની રહેશે. સાથે જ આરોપીને કોઈ હિંસક ટોળા કે જાહેર રોષથી સુરક્ષિત રાખવાની જવાબદારી પોલીસની રહેશે. ડીજીપીએ કેટલાક વર્તન પર સ્પષ્ટ પ્રતિબંધ પણ મૂક્યો છે. જેમાં જાહેરમાં ઉઠક-બેઠક કરાવવી, ઘૂંટણીએ ચલાવવો, લાત કે લાકડીથી માર મારવો, હાથ જોડાવી કે કાન પકડાવી માફી મંગાવવી તેમજ આરોપીને જાહેરમાં 'મુર્ગો' બનાવવાની જેવી પ્રવૃત્તિઓ પર સંપૂર્ણ રોક લગાવવામાં આવી છે. પોલીસ વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક સમયથી આરોપીઓ સાથે જાહેરમાં અપમાનજનક વર્તનના વીડિયો સામે આવતા હતા. તેવા બનાવોને ધ્યાનમાં રાખીને માનવ અધિકારો અને કાનૂની પ્રક્રિયાની જાળવણી માટે આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

## PMની અપીલ બાદ ગુજરાતીઓ ફોરેનની ટ્રિપ કેન્સલ કરવા લાગ્યા

સુરત | પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના અર્થતંત્રને મજબૂત કરવા માટે અને વધતી જતી આયાતને અંકુશમાં લાવવા માટે દેશવાસીઓને અપીલ કરી છે કે વિદેશમાં પ્રવાસ કરવાનું ટાળો અને ભારતમાં જ લગ્ન કરો. PMની અપીલના કારણે ટૂર એન્ડ ટ્રાવેલ્સ એજન્સીઓને તેમજ ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીઓને કેટલો ફાયદો થશે તે જાણવાનો દિવ્ય ભાસ્કરે પ્રયાસ કર્યો છે.

વડાપ્રધાનના નિવેદનના માત્ર 48 કલાકમાં જ ટ્રાવેલ માર્કેટમાં અસર જોવા મળી રહી છે. ખાસ કરીને ઉનાળુ વેકેશન માટે જે લોકો વિદેશ જવાના હતા, તેઓ હવે દેશના જ વિવિધ પ્રવાસન સ્થળો પર સ્વિચ થઈ રહ્યા છે. વિયેતનામ જવાનો પ્લાન કરી રહેલી સુરતની 3 યુવતીઓએ તેમની વિદેશી ટૂર રદ કરી દેશપ્રેમ અને આર્થિક હિતને પ્રાધાન્ય આપી સૌનું ધ્યાન ખેંચ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જ્યારે ભારતીયોને વિદેશમાં લગ્ન કરવાને બદલે 'વેડ ઈન ઈન્ડિયા' અને વિદેશ પ્રવાસને બદલે દેશના સ્થળોને પ્રાધાન્ય આપવાની અપીલ કરી, ત્યારે તેની સીધી અસર હવે જમીની સ્તરે દેખાઈ રહી છે. ગુજરાતની અગ્રણી ટ્રાવેલ એજન્સીઓના જણાવ્યા અનુસાર, છેલ્લા બે દિવસથી ઈન્ટરનેશનલ ટ્રિપ માટે આવતી ઈન્ક્વાયરીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જે લોકો અત્યાર સુધી દુબઈ, થાઈલેન્ડ કે વિયેતનામ જવા માટે ક્લોઝિંગ પર હતા, તેઓ હવે અચાનક પોતાના પ્લાન બદલી રહ્યા છે. સુરતના ટ્રાવેલ એજન્ટ કુલદીપ સોનીએ જણાવ્યું હતું કે, પીએમ મોદીના નિવેદન પછી તરત જ 10% જેટલી અસર દેખાઈ રહી છે. ઘણા બુકિંગ જે ફાઈનલ સ્ટેજ પર હતા, તે અટકી ગયા છે. ગ્રાહકો હવે ડોમેસ્ટિક પેકેજની માગ કરી રહ્યા છે.

# 70થી 80 બાળકો માટે શાળા નથી અને 30 નાના બાળકો માટે આંગણવાડી પણ નથી : આપ

અમદાવાદ : આમ આદમી પાર્ટીમાંથી ચૂંટાયેલા નવ નિર્માણ ચીખદા તાલુકાના આંબાવાડી જિલ્લા પંચાયતના સભ્ય ઘેમસીંગભાઈ વસાવા, ગંગાપુર તાલુકા પંચાયતના સભ્ય જયદીપભાઈ વસાવા તેમજ આમ આદમી પાર્ટીના આગેવાન મહેશભાઈ સહિતના આગેવાનો દ્વારા ગંગાપુર તાલુકામાં આવેલ તુમડાવાડી ગામની મુલાકાત લેવામાં આવી હતી. આગેવાનોએ ગામલોકો સાથે મુલાકાત કરી તેમની સમસ્યાઓ સાંભળી હતી. મુલાકાત દરમિયાન જાણવા મળ્યું હતું કે દેશને આઝાદી મળ્યાના 78 વર્ષ પૂર્ણ થયા છતાં ગામ આજે પણ વિકાસથી સંપૂર્ણપણે વંચિત છે. ગામમાં પીવાના પાણીની કોઈ સુવિધા ઉપલબ્ધ નથી અને હાલ ગ્રામજનો કોતેડામાથી પાણી પીવા મજબૂર બન્યા છે. ગામ સુધી યોગ્ય રસ્તાની સુવિધા ન હોવાથી ઈમરજન્સી 108 એમ્બ્યુલન્સ સેવા પણ પહોંચી શકતી નથી. ગામમાં અંદાજે 70થી 80 જેટલા બાળકો અભ્યાસ માટે યોગ્ય વયના હોવા છતાં શાળાની સુવિધા ઉપલબ્ધ નથી, જ્યારે આશરે 30 જેટલા નાના બાળકો માટે આંગણવાડી કેન્દ્ર પણ નથી. ગામની કુલ વસ્તી અંદાજે 600 જેટલી છે, જેમાંથી ઘણા પરિવારો રોજગાર માટે શહેરોમાં સ્થળાંતર કરવા મજબૂર બન્યા છે.ગામમાં સિંચાઈની કોઈ સુવિધા ન હોવાથી માત્ર ચોમાસા દરમિયાન જ ખેતી થઈ શકે છે. ગામના તમામ મકાનો કાચા અને ઝૂંપડપટ્ટી જેવા છે, તેમજ જંગલ ખાતા દ્વારા પાકા મકાન બનાવવા માટે પણ પરવાનગી આપવામાં આવતી નથી. હાલમાં માત્ર 71 લોકોના આધારકાર્ડ બન્યા છે, જ્યારે અનેક લોકો પાસે રાશનકાર્ડ અને ઘરવેરાની પાવતી પણ નથી.

# વિશ્વગુરુ અને ટેકનોલોજીની વાતો કરતી સરકાર પેપર લીક રોકવામાં સંપૂર્ણ નિષ્ફળ : પ્રવીણ રામ

અમદાવાદ : આમ આદમી પાર્ટીના પ્રદેશ ફ્રન્ટલ અધ્યક્ષ પ્રવીણ રામ અને સૌરાષ્ટ્ર ઝોન પ્રમુખ રાજુ બોરખતરીયાએ આજરોજ જૂનાગઢમાં પત્રકાર પરિષદ યોજી હતી. નીટની પરીક્ષા રદ થવાના મામલે વાત કરતા 'આપ' નેતા પ્રવીણ રામે જણાવ્યું હતું કે



નીટની પરીક્ષામાં પેપર લીક થયું અને તેના કારણે પરીક્ષા રદ કરવાની ફરજ પડી. આ મુદ્દો એટલા માટે ગંભીર છે કે અંદાજિત 22 લાખથી વધુ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી. આ તમામ વિદ્યાર્થીઓએ મહેનત કરીને પરીક્ષા આપી હતી, પરંતુ પરીક્ષા રદ થતાં તેમના સપનાઓ તૂટી ગયા છે અને તેમની મહેનત પર પાણી ફરી વળ્યું છે. પ્રવીણ રામે વધુમાં જણાવ્યું હતું કે સરકાર હાલમાં સત્તા મેળવવા અને રાજ્યોમાં સરકાર બનાવવામાં વ્યસ્ત છે. જ્યાં સરકાર બનાવવાની વાત આવે છે ત્યાં કોઈ પ્રકારની વાત લીક થતી નથી, પરંતુ જ્યારે વિદ્યાર્થીઓના ભવિષ્ય, પરીક્ષાઓ અને પેપરની વાત આવે છે ત્યારે વારંવાર પેપર લીક થાય છે. ગુજરાતમાં અંદાજિત 30 થી 35 વખત પેપરો ફૂટ્યા છે અને ભાજપ સરકારને જાણે પેપર લીક થવાનું વ્યસન થઈ ગયું હોય તેવી સ્થિતિ છે. હવે આ પરંપરા કેન્દ્ર સુધી પહોંચી ગઈ છે. NEET પરીક્ષાના મામલે વર્ષ 2017, 2021, 2024 અને હવે 2026માં પણ પેપર લીકની ઘટનાઓ સામે આવી છે.AAP નેતા પ્રવીણ રામે વધુમાં જણાવ્યુ હતુ કે આ પરીક્ષા એટલા માટે ગંભીર છે કારણ કે કોઈ બાળક ડોક્ટર બનવાના સપનાઓ જોતું હોય છે અને તેના વાલીઓ તથા પરિવાર પણ તેનું ભવિષ્ય બનાવવા માટે આશા રાખે છે. ઘણા પરિવારો મજૂરી કરતા હોય, ખેત મજૂરી કરતા હોય કે દહાડીએ જતા હોય, છતાં પણ લાખો રૂપિયાની ફી ભરીને બાળકોને કોચિંગ ક્લાસ કરાવે છે જેથી તેમનું ભવિષ્ય ઉજ્જવળ બની શકે. અત્યારે પેપર ફૂટી ગયું અને પરીક્ષા રદ થઈ ગઈ, તેના કારણે વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમય બની ગયું છે. હવે પછીની પરીક્ષા કેવી આવશે, કેવી રીતે લેવામાં આવશે, સરળ આવશે કે અઘરી આવશે, તેની કોઈ સ્પષ્ટતા નથી.

## પુરી સ્ટેશન પર બ્લોકના કારણે ગાંધીધામ-પુરી સાપ્તાહિક એક્સપ્રેસ આંશિક રીતે રદ

અમદાવાદ : પૂર્વ તટ રેલવેના ખુર્દા રોડ મંડળના પુરી સ્ટેશન પર પ્લેટફોર્મ અપગ્રેડેશન કાર્ય માટે બ્લોક લેવામાં આવ્યો છે. જેના કારણે ગાંધીધામ-પુરી સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનો આંશિક રીતે રદ રહેશે. વિગત નીચે મુજબ છે: આંશિક રીતે રદ ટ્રેનો : 15, 22 અને 29 મે 2026 ની ટ્રેન સંખ્યા 12993 ગાંધીધામ-પુરી એક્સપ્રેસ માલતીપાટપુર સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે.18 અને 25 મે 2026 ની ટ્રેન સંખ્યા 12994 પુરી-ગાંધીધામ એક્સપ્રેસ માલતીપાટપુર સ્ટેશન પરથી શોર્ટ ઓરિજિનેટ થશે.20 અને 27 મે 2026 ની ટ્રેન સંખ્યા 22973 ગાંધીધામ-પુરી એક્સપ્રેસ માલતીપાટપુર સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે.23 અને 30 મે 2026 ની ટ્રેન સંખ્યા 22974 પુરી-ગાંધીધામ એક્સપ્રેસ માલતીપાટપુર સ્ટેશન પરથી શોર્ટ ઓરિજિનેટ થશે. મુસાફરોને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરે. ટ્રેનના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે ભારતીય રેલવેની અધિકૃત વેબસાઈટ www.enquiry.indianrail.gov.in નું અવલોકન કરો.

# વિદ્યાર્થીઓના ગળામાંથી માળા કઢાવી લેવામાં આવે છે, પરંતુ પરીક્ષામાં ગેરરીતિ કરનારા લોકોને પકડતા નથી: ડો. કરન બારોટ AAP

અમદાવાદ/ગુજરાત | આમ આદમી પાર્ટીના પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો. કરન બારોટે વિડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે આજે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)નું નામ બદલીને "નોટ ટ્રસ્ટેબલ એજન્સી" રાખવું જોઈએ. તેમણે જણાવ્યું કે વર્ષ 2026ની નીટ પરીક્ષામાં સામે આવેલી ગેરરીતિઓ એ સ્પષ્ટ કરે છે કે NTA સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થઈ છે અને વિદ્યાર્થીઓ પ્રત્યે અસંવેદનશીલ બની ગઈ છે. સંસદીય સમિતિના રિપોર્ટ મુજબ વર્ષ 2024માં NTA દ્વારા લેવાયેલી 14 મોટી પરીક્ષાઓમાંથી 5 પરીક્ષાઓમાં ગેરરીતિઓ સામે આવી હતી. તેમાં ખાસ કરીને NEET પરીક્ષામાં પ્રશ્નપત્ર લીક અને કરપ્શન જેવી ગંભીર બાબતો સામે આવી છે. આજે 23 લાખ વિદ્યાર્થીઓના જીવન સાથે ચેડાં કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ દિવસ-રાત મહેનત કરે છે, પરિવારો લાખો રૂપિયા ખર્ચે છે જેથી બાળકો NEETમાં સારા માર્ક્સ મેળવી શકે, પરંતુ પેપર લીક જેવી ઘટનાઓ તેમના ભવિષ્યને જોખમમાં મૂકે છે. ઘણા વિદ્યાર્થીઓ એવા છે કે જેમણે આ વખતે સારા



માર્ક્સ મેળવ્યા છે, પરંતુ ફરી પરીક્ષા લેવાશે તો કદાચ એ જ પરિણામ મેળવી નહીં શકે. હવે ફરીથી કોચિંગની ફી ભરવાની ફરજ પડશે, તો એની જવાબદારી કોણ લેશે? એવો સવાલ પણ તેમણે સરકારને કર્યો હતો.

AAP પ્રવક્તા ડો. કરન બારોટે વધુમાં જણાવ્યું હતું કે સરકાર શા માટે આ સમગ્ર મામલામાં જવાબદાર લોકોને બચાવી રહી છે? કેટલીક માહિતી એવી પણ સામે આવી રહી છે કે જેમની ધરપકડ કરવામાં આવી છે તેમનું કનેક્શન ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયેલું છે અને તેઓ ભાજપમાં પદાધિકારી તરીકે પણ જોડાયેલા છે. તેમણે કહ્યું કે સરકારને શરમ આવવી જોઈએ કારણ કે પરીક્ષા કેન્દ્રો વિદ્યાર્થીઓના ઘરોથી દૂર આપવામાં આવે છે, વિદ્યાર્થીઓની તુલસીની માળા સુધી ઉતરાવી લેવામાં આવે છે, શરીરની કડક તપાસ કરવામાં આવે છે, પરંતુ જે લોકો પેપર લીક કરે છે તેમને પકડવામાં સરકાર અને NTA નિષ્ફળ સાબિત થઈ છે. વિદ્યાર્થીઓ પર કડક નિયમો લાદવામાં આવે છે પરંતુ સાચા આરોપીઓ સામે કાર્યવાહી થતી નથી. જો NTA યોગ્ય રીતે પરીક્ષાઓ લઈ શકતી ન હોય તો પરીક્ષાની જવાબદારી CBSE બોર્ડને સોંપવી જોઈએ અને NTAને બંધ કરી દેવી જોઈએ. આમ આદમી પાર્ટીની સરકાર સામે સ્પષ્ટ અને કડક માંગણી છે કે પેપર લીક કરનારાઓ સામે જેટલી કડક કાર્યવાહી કરવામાં આવે છે એટલી જ કડક કાર્યવાહી NTA સામે પણ થવી જોઈએ. આ સમગ્ર મામલે કોઈની જવાબદારી નક્કી થવી જોઈએ, કોઈએ એકાઉન્ટેબિલિટી સ્વીકારવી જોઈએ, જવાબદારી લેવી જોઈએ,

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## કોટણા બીચ પર્યાવરણ સંકટ ઘેરાયું, ગેરકાયદે ખનન અને જનઆક્રોશથી લોક સુનાવણી મોકૂફ

# કોટણા મહીસાગર રેતીખનન વિવાદ બીચનું અસ્તિત્વ જોખમમાં

(એજન્સી) વડોદરા । તા. 13



વડોદરા નજીક પ્રવાસન સ્થળ તરીકે ઉભરી રહેલા કોટણા બીચ પર અત્યારે વિકાસ અને વિનાશ વચ્ચે જંગ છેડાયો છે. મહીસાગર નદીના કુદરતી સૌંદર્યને માણવા આવતા પ્રવાસીઓ માટે લોકપ્રિય બનેલા આ સ્થળે ખાણખનિજ વિભાગ દ્વારા આપવામાં આવેલી રેતીની લીઝોએ વિવાદ વટોળ ઉભો કર્યો છે. એક તરફ સરકાર આ સ્થળને આધુનિક પ્રવાસન ધામ તરીકે વિકસાવવા માટે લાખોની ગ્રાન્ટ ફાળવી રહી છે, તો બીજી તરફ તે જ નદીના પટમાંથી મોટાપાયે રેતી ઉલેચવાની મંજૂરી અપાતા પર્યાવરણપ્રેમીઓ અને ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

કોટણા ગામની સીમમાં મહી નદીના કાંઠે રેતી ખનન માટે નવા બ્લોક મંજૂર કરવામાં આવ્યા છે. આ માટે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા પર્યાવરણીય મંજૂરી મેળવવા માટે લોક સુનાવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, આ સુનાવણીના આગલા જ દિવસે એક હૃદયદ્રાવક ઘટના બની હતી. રેતી ખનનને કારણે નદીમાં સર્જાયેલા ઊંડા ખાડાઓમાં બે નિર્દોષ યુવાનો ગરકાવ થઈ ગયા હતા અને ડૂબી જવાથી તેમના કરુણ મોત નીપજ્યા હતા. આ ઘટનાને પગલે ગ્રામજનોનો ગુસ્સો ફાટી નીકળતા તંત્રએ લોક સુનાવણી તાત્કાલિક અસરથી મોકૂફ રાખવાની ફરજ પડી હતી.

કોટણા બીચ પાસે અગાઉ પણ નદીમાં બોટ ઉતારીને ગેરકાયદેસર રીતે રેતી કાઢવાનું કૌભાંડ ઝડપાયું હતું. તેમ છતાં, ખાણખનિજ વિભાગ દ્વારા ફરી પાંચ જેટલી લીઝોને મંજૂરી આપવામાં આવતા અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, હાલમાં લક્ષ્મણ ગોહિલ, રણછોડ ગોહિલ અને નટવર ગોહિલના નામે પાંચ લીઝો કાર્યરત છે, જ્યાંથી સતત રેતી ઉલેચવામાં આવી રહી છે. પ્રવાસન સ્થળ તરીકે વિકસી રહેલા આ વિસ્તારમાં ભારે વાહનોની અવરજવર અને નદીના પટમાં થયેલા મોટા ખાડાઓ પ્રવાસીઓ માટે જીવતા જાગતા ડેથ ટ્રેપ સમાન બની ગયા છે.

સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે એક તરફ સરકાર કોટણાને ‘વડોદરાના ગોવા’ તરીકે પ્રમોટ કરી રહી છે અને તેના વિકાસ માટે મોટી રકમ ફાળવી રહી છે, તો બીજી તરફ આ મંજૂર થયેલી લીઝો પ્રવાસન સ્થળના અસ્તિત્વને જ ખતમ કરી રહી છે. રેતી ખનનથી નદીની પારિસ્થિતિકી (Ecology) બગડી રહી છે અને જળચર જીવો પર પણ ખતરો મંડાઈ રહ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, જો આ લીઝો તુરંત રદ કરવામાં નહીં આવે, તો આગામી સમયમાં કોટણા બીચ માત્ર કાગળ પર રહી જશે અને ત્યાં માત્ર રેતીના ખાડાઓ જ જોવા મળશે.

યુવાનોના મોત બાદ ગ્રામજનોમાં વ્યાપેલો રોષ હવે આંદોલનનું સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. લોકોની માંગ છે કે પ્રવાસન સ્થળની સુરક્ષા માટે અને ભવિષ્યમાં આવી કોઈ ગંભીર દુર્ઘટના ન બને તે માટે આ તમામ લીઝો કાયમ માટે બંધ કરી દેવી જોઈએ. તથ્યો મુજબ, નદીના વહેણને રોકીને કે કિનારાને નુકસાન કરીને કરાતું ખનન પર્યાવરણીય નિયમોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. જો ખાણખનિજ વિભાગ આ લીઝો રદ નહીં કરે, તો આગામી દિવસોમાં ગ્રામજનો ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવાની તૈયારી કરી રહ્યા છે.

જ્યારે કોઈ વિસ્તાર પ્રવાસન ક્ષેત્ર તરીકે જાહેર કરવામાં આવે, ત્યારે ત્યાં ખનન જેવી પ્રવૃત્તિઓ પર નિયંત્રણ હોવું અનિવાર્ય છે. પરંતુ કોટણાના કિસ્સામાં ખાણખનિજ વિભાગ અને પ્રવાસન વિભાગ વચ્ચે સંકલનનો અભાવ હોય તેવું સ્પષ્ટ જણાય છે. તટસ્થ તપાસની માંગ સાથે હવે વડોદરા કલેક્ટર કચેરી સુધી રજૂઆતો કરવામાં આવી છે. પ્રવાસીઓની સુરક્ષા અને કુદરતી વારસાને બચાવવા માટે હવે સરકાર શું કડક પગલાં લે છે, તેના પર સૌની નજર ટકેલી છે.

## વડોદરાના ગોત્રીમાં વીજ સંકટ: 10 કલાક અંધારપટ છવાતા રોષે ભરાયેલા લોકો ઓફિસમાં સુઈ ગયા



વડોદરા | સંસ્કારી નગરી વડોદરા હાલ આકરી ગરમી અને હીટવેવના સકંજામાં છે, ત્યારે બીજી તરફ વીજ કંપનીની લાપરવાહીએ લોકોની મુશ્કેલીમાં વધારો કર્યો છે. શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલા કુંભારવાડા ફળિયા સહિતના વિસ્તારોમાં ૧૦ કલાક સુધી વીજ પુરવઠો ખોરવાતા લોકોનો મિજાજ છટક્યો હતો. મધરાતે લાઈટો ન આવતા સેંકડો લોકો લક્ષ્મીપુરા સબ ડિવિઝન કચેરીએ પહોંચ્યા હતા અને અનોખો વિરોધ નોંધાવતા કચેરીમાં જ સુઈ ગયા હતા. ગોત્રી વિસ્તારમાં રાત્રે ૮ વાગ્યાથી લાઈટો ગુલ થઈ ગઈ હતી. કલાકો સુધી અંધારપટ રહેતા નાના બાળકો અને વૃદ્ધોની હાલત ગરમીને કારણે ખરાબ થઈ હતી. લોકોનો આક્ષેપ છે કે MGVCL નો ફરિયાદ નંબર સતત વ્યસ્ત આવતો હતો અને જવાબદાર અધિકારીઓએ પોતાના ફોન ઉઠાવવાનું બંધ કરી દીધું હતું. “જ્યારે ઘરે લાઈટો જ નથી તો અમે વીજ ઓફિસમાં જ સુઈશું” તેમ કહીને અનેક લોકોએ કચેરીના પરિસરમાં જ લંબાવી દીધું હતું.

## GST એડિશનલ કમિશનરના ઘરે ચોરી: ન્યૂ અલકાપુરીમાં તસ્કરો 18 તોલી સોનું સાફ કરી ગયા

(એજન્સી) વડોદરા । તા. 13

શહેરના પોશ ગણાતા ન્યૂ અલકાપુરી વિસ્તારમાં રહેતા જીએસટી વિભાગના એડિશનલ કમિશનરના મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું છે. યુટોપિયન કોર્નર ખાતે ભાડાના મકાનમાં રહેતા એડિશનલ કમિશનર અરુણકુમાર સુરેશરામના ઘરેથી અંદાજે ૧૮ તોલા સોનાના દાગીનાની ચોરી થઈ હોવાની ફરિયાદ લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. આ ઘટનામાં ઘરના જ વિશ્વાસુ ડ્રાઈવરની સંડોવણી હોવાની આશંકા સેવાઈ રહી છે.

મળતી વિગતો અનુસાર, મૂળ ઉત્તર પ્રદેશના વતની એડિશનલ કમિશનર નવેમ્બર ૨૦૨૪થી અહીં સ્થાયી થયા છે. ગત દિવસોમાં જ્યારે તેઓ ૨૦ દિવસ માટે વતન ગયા હતા, ત્યારે બાથરૂમના રિનોવેશન માટે મકાનની ચાવી ડ્રાઈવરને સોંપી હતી. કમિશનરના પત્ની કનુપ્રિયાના જણાવ્યા અનુસાર, ત્યારબાદ જ્યારે પણ તેઓ બહાર જતા ત્યારે તિજોરીના લોકરમાંથી એક-બે દાગીના ઓછા થતા હોવાનું તેમના ધ્યાને આવ્યું હતું. અત્યાર સુધીમાં કુલ ૫.૪૦ લાખની ઓફિશિયલ કિંમત (બજાર કિંમત આશરે ૨૭ લાખ રૂપિયા) ના ૧૮ તોલા દાગીના ચોરાઈ ગયા છે.

લાખોના દાગીનાની ઉઠાંતરી અને તપાસ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો છે. શંકા જતા પરિવાર દ્વારા ૧૫ દિવસ પહેલા જ ઘરમાં CCTV કેમેરા લગાવવામાં આવ્યા હતા. ૧૦મી મેના રોજ જ્યારે પરિવાર આણંદ ગયો હતો, ત્યારે ડ્રાઈવર ડુપ્લિકેટ ચાવી વડે મકાન ખોલી એક અજાણ્યા શખ્સ સાથે અંદર પ્રવેશતો કેમેરામાં કેદ થયો હતો. આ ફૂટેજના આધારે હવે પોલીસ ડ્રાઈવર પર શંકાની સોય તાકી રહી છે.

લક્ષ્મીપુરા પોલીસે કનુપ્રિયાની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. એડિશનલ કમિશનર જેવા ઉચ્ચ અધિકારીના ઘરે થયેલી આ ચોરીએ વડોદરા પોલીસ માટે મોટો પડકાર ઉભો કર્યો છે. પોલીસ દ્વારા ડ્રાઈવરની પૂછપરછ અને CCTV ફૂટેજનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે.




## સુરત પાલિકાનું વિઝિટર્સ હેલ્પ ડેસ્ક શરૂ: હવે ટેકનોલોજીની મદદથી ફરિયાદોનો થશે ત્વરિત નિકાલ

(એજન્સી) સુરત । તા. 13

સુરત મહાનગરપાલિકામાં વહીવટી કામગીરીને વધુ ગતિશીલ અને પારદર્શક બનાવવા માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ કવાયતના ભાગરૂપે આજે પાલિકાની મુખ્ય કચેરી ખાતે ‘વિઝિટર્સ હેલ્પ ડેસ્ક’નો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો છે. આ હાઈટેક ડેસ્ક દ્વારા નાગરિકોની ફરિયાદો અને રજૂઆતોનો ઝડપી નિકાલ થશે તેવો દાવો પાલિકા તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે.

સામાન્ય રીતે દર સોમવારે અંદાજે ૧૨૫ જેટલા નાગરિકો કમિશનરને મળવા આવે છે, જ્યારે અઠવાડિયા દરમિયાન ૨૦૦થી વધુ લોકો વિવિધ રજૂઆતો લઈને પાલિકા કચેરીએ પહોંચે છે. લેખિત અરજી કે ફરિયાદ જવાબદાર અધિકારી સુધી પહોંચવામાં અને તેના પર કાર્યવાહી કરવામાં અગાઉ લાંબો સમય જતો હતો. હવે સુરત પાલિકાનું વિઝિટર્સ હેલ્પ ડેસ્ક આ સમસ્યાનું નિરાકરણ લાવશે. અહીં અરજદારોને સીધું માર્ગદર્શન મળશે અને તેમની અરજી ઓનલાઈન સ્વીકારવાની સુવિધા પણ શરૂ કરવામાં આવી છે.

## કુણાલ કહારે માફી માગી: જેલમાંથી છૂટ્યા બાદ સોશિયલ મીડિયામાં રોફ જમાવવો ભારે પડ્યો

(એજન્સી) વડોદરા । તા. 13

શહેરમાં ભય અને આતંકનું વાતાવરણ ઊભું કરનાર ‘ચૂઈ ગેંગ’ના સાગરીત અને નામચીન ગુનેગાર કુણાલ કહારને વડોદરા પોલીસે કાયદાના પાઠ ભણાવ્યા છે. રાજપીપળા જેલમાંથી જામીન પર છૂટ્યા બાદ સોશિયલ મીડિયામાં ધમકીભર્યો વીડિયો વાયરલ કરી રોફ જમાવવાનો પ્રયાસ કરનાર કુણાલ કહારને પોલીસે પકડી પાડી તેની શાન ઠેકાણે લાવી હતી. પાણીગેટ પોલીસ સ્ટેશનમાં આ નામચીન ગુનેગારે કાન પકડીને માફી માગવાની નોબત આવી હતી.

આજવારોડ અને પાણીગેટ વિસ્તારમાં ખૂન, ખૂનની કોશિશ અને રાયોટિંગ જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલી સૂરજ ઉર્ફે ચૂઈ કહારની ગેંગ સામે પોલીસે અગાઉ ગુજસીટોક (GujCTOC) હેઠળ કાર્યવાહી કરી હતી. આ કેસમાં પકડાયેલો કુણાલ રમણલાલ કહાર તાજેતરમાં રાજપીપળા જેલમાંથી જામીન પર મુક્ત થયો હતો. જેલમાંથી બહાર આવ્યા બાદ તેણે પોતાના સાગરીતો સાથે મળીને એક વીડિયો બનાવ્યો હતો, જેમાં તે ગર્ભિત ધમકી આપતો જોવા મળ્યો હતો. આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા જ પોલીસ હરકતમાં આવી હતી.

વાયરલ વીડિયો પોલીસના ધ્યાને આવતા પાણીગેટ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી કુણાલ કહારને પોલીસ સ્ટેશન બોલાવી લીધો હતો. જેલમાંથી બહાર આવીને ફરીથી આતંક ફેલાવવાનો પ્રયાસ કરનાર કુણાલને પોલીસે તેની જ શૈલીમાં જવાબ આપ્યો હતો. પોલીસે તેની પાસે કાન પકડાવી ઉઠક-બેઠક કરાવી હતી અને કાયદાનું ભાન કરાવ્યું હતું. ભોંઠો પડેલો કુણાલ પોલીસ સ્ટેશનમાં કાન પકડીને બોલ્યો હતો કે, “હવે હું ફરી આવું નહીં કરું.”

વડોદરા પોલીસની કડક કાર્યવાહી દર્શાવે છે કે શહેરમાં કોઈ પણ માથાભારે તત્વને માથું ઊંચકવા દેવામાં આવશે નહીં. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, ચૂઈ ગેંગના અન્ય સભ્યો પર પણ પોલીસ ચાંપતી નજર રાખી રહી છે. મીડિયા અહેવાલ અનુસાર, સોશિયલ મીડિયાના માધ્યમથી ભય ફેલાવતા તત્વો સામે આ એક કડક સંદેશ છે.

## વડોદરામાં આગની ઘટનાઓ: આકરી ગરમી વચ્ચે માણેજા અને અકોટા બ્રિજ પાસે ઘાસમાં ભીષણ આગ



વડોદરા | વડોદરા શહેરમાં સૂર્યદેવ આકરા મિજાજમાં જોવા મળી રહ્યા છે. વધતા જતા તાપમાન અને હીટવેવની સ્થિતિ વચ્ચે શહેરમાં આગની ઘટનાઓનું પ્રમાણ પણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. આજે બપોરે શહેરના માણેજા ક્રોસિંગ અને અકોટા બ્રિજ પાસે ખુલ્લી જમીનમાં ઉગેલા સૂકા ઘાસ અને કચરાના ઢગલામાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ઘટનાને પગલે આસપાસના વિસ્તારોમાં ધુમાડાના ગોટેગોટા છવાઈ જતાં રહીશો અને વાહનચાલકોમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. માણેજા ક્રોસિંગ પાસેની ખુલ્લી જમીનમાં અચાનક લાગેલી આગ પવનને કારણે ઝડપથી ફેલાઈ હતી. તેવી જ રીતે અકોટા બ્રિજ પાસે પણ કચરો અને ઘાસ સળગવા માંડતા ધુમાડાને કારણે બ્રિજ પરથી પસાર થતા વાહનચાલકોને વિઝિબિલિટીની સમસ્યા નડી હતી. વડોદરામાં આગની ઘટનાઓ અંગેની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ બંને ઘટનાઓમાં કોઈ જાનહાનિના અહેવાલ નથી.

## ઓવર વેલ્યુએશન ડાયમંડ ફ્રોડમાં મોન્ટુ ગાંધી જેલભેગો

# સુરત હીરા હવાલા કૌભાંડ ૨૦૨૬ હીરાની આડમાં કરોડોનું કૌભાંડ




(એજન્સી) સુરત/વાપી । તા. 13

ડાયમંડ સિટી સુરતમાં હીરાના વેપારની આડમાં ચાલી રહેલા એક અત્યંત મોટા અને વ્યવસ્થિત મની લોન્ડરિંગ કૌભાંડનો ડિરેક્ટોરેટ ઑફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારની ‘મેક-ઈન-ઈન્ડિયા’ પહેલ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ) ના પ્રોત્સાહક કાયદાઓનો દુરુપયોગ કરીને અંદાજે ૨,૦૦૦ કરોડ રૂપિયા વિદેશ મોકલી દેવાના આ કૌભાંડમાં વાપી ડીઆરઆઈની ટીમે સફળતા મેળવી છે. આ મહાકૌભાંડના મુખ્ય સૂત્રધાર મોન્ટુ હર્ષદ ગાંધીની ધરપકડ કરવામાં આવી છે, જેણે આખું નેટવર્ક અત્યંત ચાલાકીથી ગોઠવ્યું હતું.

ડીઆરઆઈની તપાસમાં જે ચોંકાવનારી વિગતો બહાર આવી છે તે મુજબ, ‘નકલાંગ જ્વેલર્સ’ નામની પેઢી દ્વારા આ આખું કૌભાંડ આચરવામાં આવતું હતું. આરોપી મોન્ટુ ગાંધી વિદેશથી અત્યંત હલકી ગુણવત્તાના હીરાની આયાત કરતો હતો. આશ્ચર્યની વાત એ છે કે, જે હીરાની અસલી કિંમત બજારમાં અત્યંત ઓછી હોય, તેને કાગળ પર ૫૦ ગણી વધુ કિંમતના બતાવીને (ઓવર વેલ્યુએશન) નિકાસ કરવામાં આવતા હતા. આ પ્રક્રિયા દ્વારા માત્ર કસ્ટમ્સ ડ્યુટીની ચોરી જ નહીં, પરંતુ સરકારી સબસિડી અને અન્ય આર્થિક લાભો મેળવવા માટે મોટું ષડયંત્ર રચવામાં આવ્યું હતું.

આરોપી મોન્ટુ ગાંધીની ધરપકડ બાદ પૂછપરછમાં ઘટસ્ફોટ થયો છે કે તે પોતે પડદા પાછળ રહીને આખું નેટવર્ક ચલાવતો હતો. તપાસમાં સામે આવ્યું છે કે પેઢીમાં દર્શાવેલા ભાગીદારો માત્ર નામના જ ‘ડમી પાર્ટનર્સ’ હતા. આર્થિક રીતે નબળા લોકોને લાલચ આપીને તેમના નામે પેઢીઓ ઊભી કરવામાં આવી હતી, જ્યારે તમામ નાણાકીય વહીવટ, બેંકિંગ ટ્રાન્ઝેક્શન અને વિદેશી ખરીદદારો સાથેનું જોડાણ મોન્ટુ ગાંધી પોતે જ સંભાળતો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ નેટવર્ક દ્વારા અત્યાર સુધીમાં હજારો કરોડ રૂપિયાના હવાલા પાડવામાં આવ્યા હોવાની આશંકા છે.

ડીઆરઆઈ વાપીની ટીમ લાંબા સમયથી આ શંકાસ્પદ વ્યવહારો પર નજર રાખી રહી હતી. મજબૂત ડિજિટલ પુરાવા અને બેંકિંગ ડેટા એકત્ર કર્યા બાદ નવસારીના રહેવાસી મોન્ટુ ગાંધીની અટકાયત કરવામાં આવી હતી. પ્રાથમિક પૂછપરછમાં જ તેણે પોતાનો ગુનો કબૂલી લીધો છે. આરોપીને સુરતની નામદાર કોર્ટમાં રજૂ કરવામાં આવતા અદાલતે તેના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આગામી દિવસોમાં આ કૌભાંડમાં સંડોવાયેલા અન્ય મોટા માથાઓ અને શેલ કંપનીઓના નામ પણ બહાર આવી શકે છે.

## સુરત નેચર પાર્કમાં પ્રાણીઓની સંભાળ : સુરત મનપા સંચાલિત સરથાણા ઝૂમાં તંત્ર એલર્ટ મોડ પર

# આકરી ગરમી સામે વન્યજીવોને સુરક્ષિત રાખવા ખાસ વ્યવસ્થા

(એજન્સી) સુરત । તા. 13

દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર રાજ્યમાં સૂર્યદેવ આગ ઓકી રહ્યા છે ત્યારે ગરમીનો પારો સતત ઊંચે જઈ રહ્યો છે. હવામાન વિભાગના હીટ એલર્ટ વચ્ચે સુરત મહાનગરપાલિકા સંચાલિત સરથાણા નેચર પાર્કમાં અબોલ પ્રાણી-પક્ષીઓને ગરમીના પ્રકોપથી બચાવવા માટે વહીવટી તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે પગલાં લેવામાં આવ્યા છે. વન્યજીવોને લૂ ન લાગે અને તેમની તબિયત ન બગડે તે માટે એર કુલરથી લઈને ઈલેક્ટ્રોલ પાઉડર સુધીની વિશેષ વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે.

### વાઘ-સિંહના પાંજરામાં ઠંડક

નેચર પાર્કમાં રહેલા વાઘ, સિંહ અને ચિત્તા જેવા હિંસક પ્રાણીઓ પર ગરમીની ગંભીર અસર ન થાય તે માટે તેમના પાંજરાની બહાર શક્તિશાળી એર કુલર ગોઠવવામાં આવ્યા છે.



આ ઉપરાંત, પ્રાણીઓના આવાસમાં કુદરતી ઠંડક જળવાઈ રહે તે માટે સ્ટાફ દ્વારા સતત ઠંડા પાણીનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. માંસાહારી પ્રાણીઓ માટે ખાસ પાણીના હોજ બનાવવામાં આવ્યા છે, જેમાં વન્યજીવો બેસીને પોતાના શરીરનું તાપમાન નિયંત્રિત કરી રહ્યા છે.

### ડિહાઈડ્રેશન રોકવા ખાસ મેડિકલ ડાયેટ

સુરત નેચર પાર્કમાં પ્રાણીઓની સંભાળ માત્ર બાહ્ય ઠંડક પૂરતી મર્યાદિત નથી. પ્રાણીઓના શરીરમાં પાણીની ઉણપ ન સર્જાય તે માટે વેટરનરી ડોક્ટરોની સલાહ મુજબ ઈલેક્ટ્રોલ પાઉડર (ORS) આપવામાં આવી રહ્યો છે. સોડિયમ અને પોટેશિયમયુક્ત આ પાવડર પ્રાણીઓને પીવાના પાણીમાં ભેળવીને આપવામાં આવે છે, જેથી તેમને ગરમી સામે આંતરિક શક્તિ મળી રહે અને ડિહાઈડ્રેશનની સમસ્યા નિવારી શકાય.

### પક્ષી અને પ્રાણીઓ પર વિશેષ નજર

હિંસક પ્રાણીઓ ઉપરાંત નેચર પાર્કના રંગબેરંગી પક્ષીઓ અને હરણ જેવા નાના પ્રાણીઓ માટે પણ ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. પક્ષીઓના પાંજરા પાસે નેટ બાંધીને સીધા તડકાથી રક્ષણ આપવામાં આવ્યું છે અને પાણીના ફુવારા દ્વારા વાતાવરણમાં ભેજ જાળવી રાખવામાં આવે છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, નેચર પાર્કનો સ્ટાફ પ્રાણીઓની વર્તણૂક પર ૨૪ કલાક નજર રાખી રહ્યો છે.

**વડોદરામાં વિદેશી દારૂનો દરોડો**

## તરસાલી રોડ પર મોપેડમાં દારૂ સગેવગે કરતો સાહિલ બારીયા ઝડપાયો

(એજન્સી) વડોદરા । તા. 13

શહેરમાં અસામાજિક પ્રવૃત્તિઓ અને પ્રોહિબિશનના ગુનાઓ રોકવા માટે વડોદરા પોલીસ સતર્ક બની છે. મકરપુરા પોલીસ સ્ટેશનની ટીમે મોડી રાત્રે તરસાલી રોડ પર સર્તકતા દાખવીને વિદેશી દારૂ સગેવગે કરવાની ફિરાકમાં ઉભેલા એક આરોપીને રંગેહાથ ઝડપી પાડ્યો છે. પોલીસે સ્થળ પરથી લાખોની કિંમતનો દારૂનો જથ્થો અને વાહન કબજે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મકરપુરા પોલીસને ચોક્કસ માહિતી મળી હતી કે, ડભોઈ રોડ પર મહાનગર વુડાના મકાનો પાસે આવેલી જલારામ નગર ઝૂંપડપટ્ટીમાં એક શખ્સ મોપેડ પર દારૂનો જથ્થો લઈને આવ્યો છે અને તેને ઝૂંપડામાં સંતાડવાની પેરવી કરી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડતા મોપેડ લઈને ઉભેલો સાહિલ મંગળભાઈ બારીયા (રહે- બાબુભાઈની ચાલી, ડભોઈ રોડ) મળી આવ્યો હતો. પોલીસે તેની અટકાયત કરીને તપાસ કરતા મોટા પ્રમાણમાં વિદેશી દારૂ મળી આવ્યો હતો. વડોદરામાં વિદેશી દારૂનો દરોડો પાડીને પોલીસે ૨૮૯ નંગ વિદેશી દારૂની બોટલો જપ્ત કરી છે, જેની બજાર કિંમત આશરે ૧.૦૧ લાખ રૂપિયા થાય છે. દારૂના જથ્થા ઉપરાંત પોલીસે ગુનામાં વપરાયેલું મોપેડ અને મોબાઈલ ફોન મળીને કુલ ૧.૫૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપી સાહિલ બારીયાની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે આ દારૂનો જથ્થો મનોજ રાજભાઈ લાકડીવાળા અને અમરસિંહ ઉર્ફે પેપે સરદાર વેચાણ માટે લાવ્યા હતા.

દારૂના જથ્થા સાથે આરોપીની ધરપકડ કર્યા બાદ પોલીસે આ કેસમાં સંડોવાયેલા અન્ય બે મુખ્ય આરોપીઓ મનોજ લાકડીવાળા અને અમરસિંહ પેપે સરદારને વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસ આ બંને શખ્સોને પકડવા માટે સંભવિત સ્થળોએ દરોડા પાડી રહી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, શહેરમાં બહારથી દારૂ ઘુસાડવામાં આ શખ્સોની મુખ્ય ભૂમિકા હોઈ શકે છે.

**વડોદરામાં રાત્રે આગના બનાવો**

## હીટવેવ વચ્ચે શહેરના વિવિધ વિસ્તારોમાં અડધો ડઝન સ્થળે આગ

(એજન્સી) વડોદરા । તા. 13

સંસ્કારી નગરી વડોદરામાં હીટવેવની ઘાતક અસર હવે માળખાગત સુવિધાઓ પર જોવા મળી રહી છે. અસહ્ય ગરમીના કારણે ઈલેક્ટ્રિક લાઈનો પર લોડ વધતા અને વાતાવરણમાં ઉષ્ણતામાન ઊંચું રહેતા વડોદરામાં રાત્રે આગના બનાવોની વણઝાર જોવા મળી હતી. ગઈકાલે રાત્રે શહેરના અડધો ડઝન જેટલા વિસ્તારોમાં ઝાડ, એસી, ઈલેક્ટ્રિક મીટર અને થાંભલાઓ પર આગ લાગવાની ઘટનાઓ સામે આવતા ફાયર બ્રિગેડની ટીમો આખી રાત દોડતી રહી હતી. ગરમીના પ્રકોપને કારણે ઈલેક્ટ્રિક ઉપકરણોમાં આગની ઘટના ચિંતાજનક રીતે વધી છે. આજવા રોડ પર આવેલા જંગલેશ્વર વિસ્તારમાં અને પ્રતાપગંજમાં વીજ થાંભલાઓ પર શોર્ટ સર્કિટ બાદ ભીષણ આગ લાગી હતી. તેવી જ રીતે તાંદલજા વિસ્તારમાં એક મકાનના ઈલેક્ટ્રિક મીટરમાં શોર્ટ સર્કિટ થતા અફરાતફરી મચી ગઈ હતી. ગરમીમાં એસીના સતત વપરાશ અને લાઈનો ગરમ થવાને કારણે આ



પ્રકારની ટેકનિકલ ખામી સર્જાતી હોવાનું નિષ્ણાતો માની રહ્યા છે. રહેણાંક વિસ્તારો ઉપરાંત જાહેર સ્થળોએ પણ આગનું તાંડવ જોવા મળ્યું હતું. આરટીઓ (RTO) કચેરી પાસે એક મોટા ઝાડમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. આ ઉપરાંત દિવસ દરમિયાન વાઘોડિયા, માણેજા અને અકોટા બ્રિજ પાસે સૂકા ઘાસમાં આગ લાગવાના બનાવોએ તંત્રને દોડતું રાખ્યું હતું. વડોદરામાં રાત્રે આગના બનાવો વધતા ફાયર વિભાગે વધારાના જવાનોને તૈનાત કર્યા છે જેથી કોઈ મોટી જાનહાનિ અટકાવી શકાય.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમને તમારી જાત માટે સારૂ લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો.

**વૃષભ : બ. વ. ઉ.**

સંઘર્ષ ટાળો કેમ કે એનાથી તમારી બીમારી ઓર વકરી શકે છે. આજે કોઈ જૂનો મિત્ર તમારા થી નાણાકીય મદદ માંગી શકે છે અને જો તમે તેની મદદ કરો છો તો તમારા નાણાકીય હાલત અમુક નબળા થયી શકે છે. આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે.

**કર્ક : ડ. હ.**

આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. અન્યોમાંથી કારણ વિના ભૂલો શોધવાના તમારા વલણની સંબંધીઓ ટીકા કરે એવી શક્યતા છે.

**સિંહ : મ. ટ.**

તમારામાંના કેટલાકને આજે મહત્વના નિર્ણયો લેવાની ફરજ પડશે જે તમને તાણગ્રસ્ત અને ઉદ્દીગ્ન કરી મુકશે. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો.

**કન્યા : પ. ઠ. ણ.**

હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. બૅન્કને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. તમારા જીવનસાથીની તબિયત ચિંતા કરાવી શકે છે. પ્રેમમાં કોઈને સફળ થવાની કલ્પના કરવામાં મદદ કરજો.

**તુલા : ર. ત.**

તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. આ વાત સારી રીતે સમજી લો કે દુઃખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો! મહેમાનોની સંગત માણવા માટે અદભુત દિવસ.

**વૃશ્ચિક : ન. ય.**

તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. સંયુક્ત સાહસો તથા શંકાસ્પદ આર્થિક યોજનાઓમાં રોકાણ કરતા નહીં.

**મકર : ખ. જ.**

તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. અણધાર્યા શુભ સમાચાર તમારો ઉત્સાહ વધારશે. તમારા પરિવારના સભ્યો સાથે તમે આ સમાચાર વહેંચશો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. જે લોકો વગર વિચાર્યે પૈસા ખર્ચી રહ્યા છે આજે તેમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારી સાચી ક્ષમતાને જાણો કેમ કે તમે દ્રઢતામાં નહીં પણ ઈચ્છાશક્તિમાં પાછળ પડો છો. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે.

શહેર-જિલ્લામાં વધતી જતી ગુનાખોરીને ડામી દેવા

# શહેરમાં ભાવનગર પોલીસનું 5 પોલીસ સ્ટેશન હેઠળ મેગા ચેકિંગ

(એજન્સી) ભાવનગર | તા.13

ભાવનગર પોલીસ દ્વારા શહેરમાં મેગા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.શહેરના પાંચ પોલીસ સ્ટેશનો હેઠળ ચેકપોસ્ટ ઉભી કરી રેન્ડમ વાહન ચેકિંગ, દારૂ પીને ડ્રાઈવિંગ કરતા શખ્સો સામે કાર્યવાહી, હથિયારો અને કાળા કાચવાળા વાહનોની તપાસ સાથે બુટલેગર્સ પર પણ તવાઈ બોલાવવામાં આવી હતી. ભાવનગરમાં વધતા ગુનાખોરીના બનાવો, છરીના હુમલા અને અસામાજિક તત્વોના આતંક વચ્ચે હવે પોલીસ એક્શનમાં આવી છે. એસપી નિતેશ માર્ગદર્શન હેઠળ શહેરના પાંચ પોલીસ સ્ટેશનના વિસ્તારોમાં અચાનક ચેકપોસ્ટ ઉભી કરી રેન્ડમ વાહન ચેકિંગ, દારૂ પીને ડ્રાઈવિંગ કરતા શખ્સો સામે કાર્યવાહી, હથિયારો અને કાળા કાચવાળા વાહનોની તપાસ સાથે બુટલેગર્સ પર પણ તવાઈ બોલાવવામાં આવી હતી.તદુપરાંત સમન્સ-વોરંટની બજવણી, તેમજ શહેરમાં કોમ્બિંગ અને નાઈટ ફૂટ પેટ્રોલિંગ વધુ કડક કરવામાં આવી હતી.

નીલમબાગ તથા ઘોઘારોડ ગંગાજળિયા, બોરતળાવ અને ભરતનગર પોલીસ સ્ટેશનોમાં વિસ્તાર લોકેટ કરી રેન્ડમ ચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. ચેકિંગ દરમિયાન જુદા જુદા વિસ્તારમાં દારૂ પીધેલા અને દારૂ પીને વાહન ચલાવતા શખ્સો વિરુદ્ધ કાર્યવાહી કરેલી છે. સમન્સ વોરંટની બજવણી તથા અરજી તપાસ તથા છરી લઈને નીકળતા શખ્સો તેમજ હથિયાર લઈને નીકળતા શખ્સો અને તેમના વાહન ચેકિંગ કામગીરી કરવામાં કરવામાં આવ્યું હતું.



**અસામાજિક તત્વોના મકાનોનું ડિમોલિશન કરાશે - ડીવાયએસપી**

દિવસ અને નાઈટ દરમિયાન કોમ્બિંગની કામગીરી પોલીસ દ્વારા રેન્ડમ ચેકિંગ તથા નાઈટમાં ફૂટ પેટ્રોલિંગ તથા દિવસ દરમિયાન અને નાઈટ દરમિયાન કોમ્બિંગની કામગીરી, અસામાજિક તત્વોનું ચેકિંગ તેમજ અસામાજિક તત્વો છે તેના વિસ્તાર છે તે લોકેટ કરી ડિમોલિશનની કામગીરી કરવામાં આવશે તેમ ડીવાયએસપી આર.આર.સિંધાલે જણાવ્યું હતું.

સામસામી ફરિયાદ નોંધાવાઈ

## ક્રિકેટ રમવાની બાબતે પડોશીઓ વચ્ચે ઝઘડો

(એજન્સી) જામનગર | તા.13

જામનગર શહેરના રામેશ્વરનગર વિસ્તારમાં ક્રિકેટ રમવાની બાબતે બે પડોશી પરિવાર વચ્ચે થયેલો બોલાચાલીનો મામલો મારામારી સુધી પહોંચતા બંને પક્ષે સામસામી પોલીસ ફરિયાદ નોંધાવી છે. પ્રથમ બનાવમાં અરૂણાબા પ્રધ્યુમનસિંહ જેઠવાએ ફરિયાદ નોંધાવી હતી કે તા.11/05/2026 ના રોજ સાંજના સમયે મધુરમ રેસીડેન્સી વિસ્તારમાં આરોપી હર્ષાબા અને નરેન્દ્રસિંહ ગોહિલના દીકરા દ્વારા શેરીમાં ક્રિકેટ રમાડતા હતા અને દડો તેમના ઘરમાં આવતો હોવાથી સમજાવવા જતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા. ત્યારબાદ ગાળો આપી નરેન્દ્રસિંહ ગોહિલે લાકડીનો ઘા મારી ઈજા પહોંચાડી તેમજ હર્ષાબાએ ઢીકાપાટુનો માર માર્યો હતો.

બીજી તરફ નરેન્દ્રસિંહ બટુકસિંહ ગોહિલે પણ સામસામી ફરિયાદ નોંધાવી હતી કે તેમના દીકરા ક્રિકેટ રમતા હતા ત્યારે અરૂણાબા ઉર્ફે સંગીતાબા અને પ્રધ્યુમનસિંહ જેઠવાએ બોલાચાલી કરી ગાળો આપી હતી. ત્યારબાદ લાકડી વડે હુમલો કરતા નરેન્દ્રસિંહને માથાના ભાગે ઈજા પહોંચી હતી.

બંને બનાવ અંગે જામ સીટી બી. ડીવી પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ. કલમ 115(2), 352, 54 તથા જી.પી.એક્ટ કલમ 135(1) મુજબ સામસામી ગુનો નોંધાવાયો છે.

આપઘાત

## ટ્રકમાં ક્લીનર તરીકે નોકરી કરતા યુવાનનો પોતાના ઘેર ગળાફાંસા દ્વારા આપઘાત

જામનગર: જામનગરના બેડેશ્વર નજીક સદગુરુ કોલોની સોસાયટીમાં રહેતા અને ટ્રકમાં ક્લીનર તરીકે નોકરી કરતા એક યુવાને ગળાફાંસા દ્વારા આપઘાત કર્યો છે. પોતાની પત્નીએ લાલપુરની કોર્ટમાં ભરણપોષણનો કેસ કર્યો હોવાથી અદાલતની નોટિસ આવતાં મનમાં લાગી આવવાથી આપઘાત કર્યાનું પોલીસમાં જાહેર થયું છે.આ બનાવની વિગત એવી છે કે જામનગરના બેડેશ્વર ધરાનગર-01, સદગુરુ સોસાયટી વિસ્તારમાં રહેતા આસીફમીયા કાદરમીયા બાનવાઈ (ઉ.વ.32) એ પોતાના ઘરે છતના એંગલમાં ચૂંદડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવ અંગે તેના ભાઈ નદીમ કાદરમીયા બાનવાઈ (ઉ.વ.29), રહે. બેડેશ્વર ધરાનગર-01, સહીદી હુશેની ચોક, જામનગર દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે મરણજનારના લગ્ન દશેક વર્ષ પહેલા હુશેનાબેન સાથે થયા હતા અને બાદમાં બંને વચ્ચે છૂટાછેડા થયેલા હતા.

### RTE ફોર્મ રદ પ્રકરણમાં : બંને વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ મળ્યો

જામનગર ખાતે આરટીઈ ફોર્મ ચકાસણી દરમિયાન થયેલી વહીવટી ભૂલના કારણે બે વિદ્યાર્થીઓના એડમિશન ફોર્મ રદ થવાના પ્રકરણમાં યુથ કોંગ્રેસ અને એનએસયુઆઈની રજૂઆતને સફળતા મળી છે.મળતી માહિતી મુજબ, જામનગર જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની વેરિફાયર ટીમ દ્વારા આરટીઈ ફોર્મ ચકાસણીની કામગીરી દરમિયાન ગંભીર બેદરકારી રહી ગઈ હતી. આ ભૂલના કારણે કેટલાક વિદ્યાર્થીઓના આરટીઈ એડમિશન ફોર્મ રદ થઈ ગયા હતા, જેના કારણે વિદ્યાર્થીઓ એડમિશનથી વંચિત રહેવાની સ્થિતિ સર્જાઈ હતી.

વાયરલ વિડીયો

## હોસ્પિટલ સામેના મારામારીના વાયરલ વિડીયો કેસમાં નવો વળાંક

જામનગર: જામનગરમાં બે દિવસ પહેલા સરકારી જી.જી. હોસ્પિટલ સામે થયેલી મારામારીના વાયરલ વિડીયો પ્રકરણમાં વધુ એક મહત્વનો ખુલાસો સામે આવ્યો છે. હોસ્પિટલ સામે થયેલા હુમલાના બનાવ પાછળનું મૂળ કારણ ખોડીયાર કોલોની નજીક આવેલા ક્રિસ્ટલ મોલ પાસે અગાઉ બનેલો હુમલાનો બનાવ હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. આ મામલે હવે હુમલાનો ભોગ બનેલા યુવકે આરોપી સામે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ ફરિયાદ મુજબ, જામનગરના સ્વામિનારાયણનગર વિસ્તારમાં રહેતા રૂદ્રભાઈ રજનીશભાઈ રાઠોડ પોતાના મિત્ર મહાવીરસિંહ ચૌહાણની એક્ટિવા લઈને તા.11/05/2026 ની મધરાત્રિના સમયે ખોડીયાર કોલોની પાસે આવેલા ક્રિસ્ટલ મોલ નજીકથી પસાર થઈ રહ્યા હતા. દરમિયાન આરોપી જયદીપસિંહ ઉર્ફે બંધુક જાડેજા મોટરસાયકલ લઈને પાછળથી આવી પહોંચ્યો હતો.

આજીવન કેદની સજાનો આદેશ

## લાલપુરના નાની રાફુદળ ગામે યુવતી સાથે દુષ્કર્મ આચરી તેની હત્યા

(એજન્સી) જામનગર | તા.13

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના નાની રાફુદળ ગામમાં યુવતીની હત્યા નિપજાવવાના કેસમાં તેના આરોપી પ્રેમીને અદાલતે આજીવન કેદની સજાનો હુકમ કર્યો છે.બનાવની હકીકત એવી છે કે ફરીયાદી મનસુખ ભાઈ રણછોડભાઈ કણજારીયા (રહે. ચેલા) ને ભોગબનનાર તેની પુત્રીને તથા આ કામના આરોપી ભાવેશ રણછોડભાઈ સોનગરા (રહે. નાની રાફુદળ ) બંને એકજ કારખાનામાં કામ કરતા હોય, તેથી બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયેલ હતો. ત્યારબાદ તા.5/4/2023 ના રોજ આરોપી ભોગ બનનારને નાની રાફુદળ ગામની સીમ વીસ્તારમાં લઇ ગયેલ અને ત્યાં ભોગ બનનારની મરજી વીરૂદ્ધ શરીર સબંધ બાંધેલ જેથી ભોગબનનાર રડવા લાગતા આરોપીએ તેમને ચાકુ બતાવી તેમને માર મારી, અને મારી નાખવાની ધમકી આપી ભોગ બનનાર પાસે 3 ઓડીયો કલીપો બોલાવી આરોપીએ પોતાના મોબાઇલમાં ઉતારી ભોગબનનારના પીતા ફરીયાદીને તેના મોબાઈલમાં ઓડિયો ક્લિપ મોકલી હતી. ત્યારબાદ આરોપીએ ફરિયાદીને પોતાના મોબાઈલમાંથી ફોન કરીને ઓડિયો ક્લિપ જોઈ લેવાનું કહેલ ત્યારબાદ આરોપી એ ભોગ બનનાર પર શક કરી ભોગ બનનારને માથાના ભાગે પથ્થર વડે માર મારી તથા ગળાના ભાગે છરી વડે ઘા મારી તેની હત્યા નીપજાવેલ. જેની ફરિયાદી તેની પુત્રીની શોધખોળ કરતા નાની રાફુદળ ગામની સીમમાં આવેલ એક વાડીએ ભોગ બનનારની લાશ મળી આવી હતી. જે બાબતે ફરિયાદીએ આરોપી વિરુદ્ધ લાલપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

જેથી લાલપુર પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ દુષ્કર્મ, હત્યાની કલમ મુજબનો ગુનો નોંધી તપાસ કરતા આ કામમાં કોઈ નજરે જોનાર સાહેદ ન હોય પરંતુ મરણ જનાર તથા આરોપીને સાથે જતા સાહેદોના નિવેદનો તથા બનાવવાળી જગ્યાએથી આરોપીના કોલેજના તથા શાળાના માર્કશીટ, આધાર કાર્ડ, જન્મ તારીખનો દાખલો તથા આરોપીના લોહીવાળા કપડા મળી આવ્યા હતા. જે અનુસંધાને કેસ સ્પેશિયલ પોસ્કો કોર્ટના એડિશનલ સેસનસ જજ મોંઘેરાની કોર્ટમાં ચાલી જતા સરકાર પક્ષ તરફે આરોપીની મરણ જનાર સાથેની હાજરી સાહેદોના પુરાવાની તથા આરોપીના મોબાઈલ લોકેશન બનાવવાળા સ્થળે આવેલ હોય, તેમજ આરોપીના બનાવ સ્થળે થી મળી આવેલ દસ્તાવેજી પુરાવાની આરોપીની ભોગ બનનાર સાથે હાજરી સાબિત થયેલ હોય, એફ.એસ.એલ માં પણ આરોપીના કપડા ઉપર રહેલ લોહીના નમુના ભોગ બનનારના લોહી સાથે મેચ થયેલ હોય.

## જૂનાગઢ જિલ્લા ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI), પ્રવેશ પ્રક્રિયા – ૨૦૨૬ શરૂ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૧૩ ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૨૬ માટે વિવિધ એન્જિનિયરિંગ તથા નોન-એન્જિનિયરિંગ ટ્રેડમાં પ્રવેશ માટે પ્રથમ રાઉન્ડની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાની શરૂઆત તા. ૧૪-૦૫-૨૦૨૬થી કરવામાં આવી છે. પ્રવેશ માટે રસ ધરાવતા વિદ્યાર્થીઓ તા. ૨૩-૦૬-૨૦૨૬ સુધી ઓનલાઈન અરજી ફોર્મ ભરી શકશે. રાજ્ય સરકાર દ્વારા ITI પ્રવેશ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન રાખવામાં આવી છે. જૂનાગઢ જિલ્લાની વિવિધ સરકારી આઇ.ટી.આઇ. સંસ્થાઓ જેવી કે આઇ.ટી.આઇ. જૂનાગઢ જૂનાગઢ (મહિલા), વિસાવદર, વંથલી, માંગરોળ, કેશોદ, માણાવદર, ભેસાણ અને માળીયા હાટીના સહિતની સંસ્થાઓ ખાતે વિવિધ ટ્રેડમાં પ્રવેશ પ્રક્રિયા હાલ શરૂ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓએ સત્તાવાર વેબસાઈટ https://itiadmission.gujarat.gov.in પર જઈ ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે. ઓનલાઈન ફોર્મ ભરવામાં આઇ.ટી.આઇ. સંસ્થાઓ દ્વારા માર્ગદર્શન અને સહાય પણ આપવામાં આવશે. ફોર્મ ભર્યા બાદ જરૂરી દસ્તાવેજોની ચકાસણી માટે નજીકના હેલ્પ સેન્ટર (આઇ.ટી.આઇ.) ખાતે હાજર રહેવાનું રહેશે. જિલ્લાની આઇ.ટી.આઇ. સંસ્થાઓમાં આધુનિક વર્કશોપ, અનુભવી ઈન્સ્ટ્રક્ટર સ્ટાફ તેમજ રોજગારલક્ષી તાલીમની સુવિધા ઉપલબ્ધ છે. તાલીમ પૂર્ણ થયા બાદ વિવિધ ઉદ્યોગોમાં રોજગાર અને એપ્રેન્ટિસશિપની સારી તકો ઉપલબ્ધ બને છે. ઉપરાંત સંસ્થાઓ દ્વારા વિવિધ કંપનીઓમાં પ્લેસમેન્ટની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. વિદ્યાર્થીઓને ફ્રી એસ.ટી. બસ પાસ, સ્ટાઈપેન્ડ તથા તાલીમ માટે ફ્રી રો-મટીરીયલ જેવી સુવિધાઓનો લાભ પણ આપવામાં આવે છે.

## રાજકીય વ્યસ્તતા વચ્ચે પણ કચ્છના ધાર્મિક કાર્યક્રમોમાં જોડાઈ રહ્યા છે ધારાસભ્ય પી.એમ. જાડેજા

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

અબડાસા વિસ્તારના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા રાજકીય વ્યસ્તતા વચ્ચે પણ સતત ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યક્રમોમાં સક્રિય ઉપસ્થિતિ નોંધાવી રહ્યા છે. કચ્છના વિવિધ વિસ્તારોમાં યોજાતા ભક્તિમય કાર્યક્રમોમાં તેમની હાજરીને કારણે લોકોમાં પણ વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.તાજેતરમાં નખત્રાણા તાલુકાના વડવા ગામે આવેલ આઈ શ્રી ઠોકવારી વાંડોલ ધામ - વડવા ભોપા સ્થાને આયોજિત પવિત્ર શ્રી શિવમહાપુરાણ કથામાં ધારાસભ્ય પી.એમ. જાડેજાએ હાજરી આપી હતી. અહીં તેમણે પૂજ્ય શ્રી ગિરિબાપુના મુખેથી શિવકથાનું પાવન શ્રવણ કરી ભગવાન મહાદેવના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.આ ઉપરાંત ભુજના વલદાસનગર ખાતે સ્વ. શ્રી અનિરુદ્ધસિંહજી દિલાવરસિંહજી ચુડાસમા (દાજી બાપુ) પરિવાર દ્વારા આયોજિત શ્રીમદ ભાગવત સપ્તાહમાં પણ ધારાસભ્યશ્રીએ ઉપસ્થિત રહી કથાનું શ્રવણ કર્યું હતું. આ પ્રસંગે ભગવાન શ્રીકૃષ્ણના આશીર્વાદ મેળવી સમાજમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સદભાવના માટે પ્રાર્થના કરવામાં આવી હતી. ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યક્રમો સમાજમાં સકારાત્મકતા, સંસ્કાર અને એકતાની ભાવના મજબૂત બનાવે છે.

### અમરેલી માં ACB નો સપાટો : અમરેલી જિલ્લાના વાંડા પોલીસ સ્ટેશનના બે પોલીસ કોન્સ્ટેબલો બે વચેટીયા ૫૧,૦૦૦ હજાર ની લાંચ લેતા ACB ના સકંજામાં આવી ગયા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ACB ના જણાવ્યા મુજબ, આરોપીઓમાં વાંડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ વિજયભાઈ મનસુખભાઈ મેર, તે જ પોલીસ સ્ટેશનમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ છગનભાઈ માવજીભાઈ ડાભી અને બે ખાનગી વ્યક્તિઓ - વાંડાના મયુરભાઈ બાબુભાઈ ખુમાન અને ભાવનગર જિલ્લાના ગારિયાધારના અતુલભાઈ ચૌહાણનો સમાવેશ થાય છે. ACB એ જણાવ્યું હતું કે એક જાગૃત નાગરિક દ્વારા ભ્રષ્ટાચાર વિરોધી ટોલ-ફ્રી હેલ્પલાઇન ૧૦૬૪ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદીએ આરોપ લગાવ્યો હતો કે વાંડા પોલીસ સ્ટેશનમાં તેના મિત્ર વિરુદ્ધ નોંધાયેલા કેસની તપાસ આરોપી વિજયભાઈ મેર કરી રહ્યા છે.

## વનવિસ્તારની જમીન માઈનિંગમાં ધરી દેવા સામે વિરોધનો દાવાનળ ફાટી નીકળ્યો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદના બાબરકોટમાં રિઝર્વ ફોરેસ્ટની જમીન ખાનગી કંપનીને માઈનિંગ માટે આપવાના મુદ્દે બાબરકોટના સરપંચે વિરોધ નોંધાવ્યો છે. જ્યારે ત્યાંના ધારાસભ્ય હિરાભાઈ સોલંકીએ તંત્ર પાસે આ મુદ્દાની તમામ વિગતો માંગી છે. પૂર્વ ધારાસભ્ય ગુજરાત મેરી ટાઈમ બોર્ડ કર્મચારી મહામંડળ ના અધ્યક્ષ શ્રી અંબરીષભાઈ ડેરે આ અંગે સરકારમાં રજૂઆત કરી સિંહોનું ઘર ન છીનવાઈ તે દિશામાં પ્રયાસ કરવા જણાવ્યું હતું. પૂર્વ ન્યાયાધીશએ કાયદાની છણાવટ કરી જણાવ્યું હતું કે, જંગલની જમીનનો બિનવન હેતુ માટે ઉપયોગ કરવા પર કેન્દ્ર સરકારનો કડક અંકુશ છે.ભાજપના ધારાસભ્યએ સ્વીકાર્યું કે સિંહોનો વસવાટ છે,પૂર્વ ધારાસભ્ય અને બાબરકોટના સરપંચનો વિરોધ એક તો સિંહો માટે જંગલ ટૂંકુ પડી રહ્યું છે. તેમાંય જંગલની જમીન અને તે પણ માઈનિંગ માટે આપવાની હિલચાલથી મોટો દાવાનળ ફાટી નીકળ્યો છે. વનતંત્રના અધિકારીએ કંપની ને જમીન આપવા મુદ્દે ખોટી વિગતો દર્શાવી તે ખુલ્લી પડી જતા સમગ્ર ગુજરાતમાં મોટો મુદ્દો બની ગયો છે. અત્યાર સુધીમાં ક્યારેય આ મુદ્દે કોઈ અધિકારીએ આવું કૃત્ય કર્યું ન હતું. સિંહોની જમીન છીનવાઈ જવાથી તેને મોટી મુશ્કેલી ઉભી થાય તેમ છે. આ અંગે મોટો ઘટસ્ફોટ થયા બાદ બાબરકોટના સરપંચ પ્રતિનિધિ અનકભાઈ સાંખટે વિરોધ કરતા જણાવ્યું છે કે, અહીંયા સિંહોનો મોટો વસવાટ છે, જો આ જમીન કંપનીને આપવામાં આવે તો મોટી મુશ્કેલી સર્જાઈ તેમ છે. જ્યારે રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય એ જણાવ્યું હતું કે, આ મુદ્દો મારા ધ્યાને આવતા મેં કલેક્ટર, ડીસીએફ સહિતનાઓ પાસે લેખિતમાં વિગતો માંગી છે, વિગત આવી ગયા બાદ હું સત્તાવાર રીતે નિવેદન આપીશ પણ આ વિસ્તારમાં સિંહોનો મોટો વસવાટ છે તે વાત હક્કિત છે. જ્યારે રાજુલાના પૂર્વ ધારાસભ્ય ગુજરાત મેરી ટાઈમ બોર્ડ કર્મચારી મહામંડળ ના અધ્યક્ષ શ્રી અંબરીષભાઈ ડેરે કહ્યું હતું કે, સૌથી વધુ સિંહો અમારા પંથકમાં છે.

ટ્રાફિક સમસ્યા

### જામનગરમાં ટ્રાફિક સમસ્યા ઘટાડવા તંત્ર સક્રિય : સજુબા સ્કૂલ નજીક દબાણ દૂર કરવાની કાર્યવાહી



(એજન્સી) જામનગર | તા.13

જામનગર શહેરમાં વધતી ટ્રાફિક સમસ્યાને ધ્યાનમાં રાખી જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા અને સિટી-એ. ડિવિઝન પોલીસ દ્વારા સંયુક્ત કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. શહેરના સજુબા સ્કૂલ નજીક ટ્રાફિકમાં અવરોધરૂપ બનેલી શાકભાજીની લારીઓ દૂર કરાઈ હતી.માર્ગ વ્યવસ્થા સુચારૂ રહે તેમજ વાહનચાલકોને અવરજવરમાં મુશ્કેલી ન પડે તે હેતુથી દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી હતી. કાર્યવાહી દરમિયાન તંત્ર દ્વારા લારીચાલકોને માર્ગ પર દબાણ ન કરવા અને ટ્રાફિક નિયમોનું પાલન કરવા સૂચનાઓ પણ આપવામાં આવી હતી.

પોલીસ બંદોબસ્તની સાથે જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા શાક માર્કેટના વિસ્તાર ઉપરાંત સજુબા સ્કૂલ સહિતના વિસ્તારમાંથી શાકભાજીની બે લારી, ઉપરાંત 10 થી વધુ વજન કાંટા, શાકભાજીની લારીમાં ગોઠવાતી છત્રી, બે ડઝનથી વધુ શાક બકાલા રાખવાના કેરેટ વગેરે જપ્ત કરવામાં આવ્યા હતા, અને મહાનગરપાલિકાની કચેરીમાં જમા કરાવી દેવાયા છે.

10 હોટલ-રેસ્ટોરન્ટને કરાર આધારિત ખોલી આપી

# જામનગર નજીકની રિસોર્ટ આગ દુર્ઘટના બાદ તંત્ર સક્રિય : એક સપ્તાહમાં 18 હોટલ-રેસ્ટોરન્ટ સીલ કરાઈ

(એજન્સી) જામનગર | તા.13

જામનગર નજીક રણજીતસાગર રોડ વિસ્તારમાં એકાદ સપ્તાહ પહેલાં એક રિસોર્ટમાં લાગેલી ભયાનક આગની ઘટના બાદ તંત્ર હરકતમાં આવ્યું છે. ઉનાળાની સીઝનમાં ફરીથી આવી દુર્ઘટના સર્જાય નહીં તે માટે જામનગર મહાનગરપાલિકાએ શહેર તેમજ હાઈવે પર આવેલી હોટલો, રેસ્ટોરન્ટો અને રિસોર્ટોમાં વિશેષ ચકાસણી અભિયાન શરૂ કર્યું છે. જામનગર મહાનગરપાલિકાના કમિશ્નર ડી.એન.મોદીની સૂચનાના આધારે ફાયર શાખા, એસ્ટેટ શાખા, ટીપીઓ બ્રાન્ચ તેમજ સંબંધિત વિભાગોની પંદરથી વધુ અધિકારીઓ-કર્મચારીઓની સંયુક્ત ટીમ દ્વારા છેલ્લા




એક સપ્તાહથી સતત સર્વે અને ચકાસણી હાથ ધરવામાં આવી હતી.આ અભિયાન દરમિયાન ફાયર એનઓસી, બીયુ સર્ટિફિકેટ, ઈમરજન્સી એક્ઝિટ, અગ્નિશામક સાધનો, સુરક્ષા વ્યવસ્થા તથા બિલ્ડિંગ નિયમોના પાલનની ચકાસણી કરવામાં આવી હતી. કુલ 40 હોટલ-રેસ્ટોરન્ટોની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી 23 સ્થળોએ જરૂરી સુવિધાઓ અને દસ્તાવેજો યોગ્ય હાલતમાં મળ્યા હતા.જોકે બાકીના 18 હોટલ અને રેસ્ટોરન્ટોમાં સુરક્ષા સંબંધિત ગંભીર ખામીઓ, ફાયર એનઓસીનો અભાવ અથવા જરૂરી મંજૂરીઓ ન હોવાના કારણે મહાનગરપાલિકાએ સીલ મારવાની કાર્યવાહી હાથ ધરી હતી.

ફાયર શાખાના અધિકારી અનવર ગજ્જણ અને તેમની ટીમ દ્વારા સમગ્ર કાર્યવાહી સંકલિત રીતે હાથ ધરવામાં આવી રહી છે. તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે લોકોની સલામતીને પ્રાથમિકતા આપીને આવનાર દિવસોમાં પણ આ પ્રકારની ચકાસણી અને કાર્યવાહી સતત ચાલુ રાખવામાં આવશે.જામનગર મહાનગરપાલિકાની ફાયર સહિતની ટુકડી દ્વારા સીલ કરેલી 10 હોટલના સંચાલકોએ ફાયર સિસ્ટમ વગેરેની કામગીરી કરાવવા માટેની સીલ ખોલી આપવા માંગણી કરવામાં આવી હતી, અને રૂપિયા 300 ના સ્ટેમ્પ પેપર ઉપર કરાર કરીને આવી 10 હોટલોના સીલ કામ કરવાના ભાગરૂપે ખોલી અપાયા છે.

દર્દી નારાયણની સેવા એજ પ્રભુ સેવા ના સુત્રને સાર્થક સાથે ભવ્ય થી ભવ્ય લોકાર્પણ

## રાજુલા ખાતે નિઃશુલ્ક મહાત્માં ગાંધી આરોગ્ય મંદિર નું માનવમહેરામણ સાથે ખુલ્લું મૂકવામાં આવ્યું

અમરેલી | રાજુલા પંથકના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના છેવાડાના ગરીબ,વંચિત નાગરિકો માટે આરોગ્ય ક્ષેત્રે વિશિષ્ટ સુવિધા પ્રાપ્ત થઈ છે. આજરોજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે રાજુલા મુકામે અત્યાધુનિક 'મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર'નું લોકાર્પણ કરવામાં કરવામાં આવ્યું હતું. રાજ્યના આરોગ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, જગપ્રસિદ્ધ કથાકાર પૂ. મોરારીબાપુ, સહિત પૂજ્ય સંતોના પ્રેરણાત્મક સાનિધ્યમાં સુવિધાસંપન્ન મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલનો લોકાર્પણ-મુખ્ય સ્ટેજ કાર્યક્રમ યોજાયો હતો. ઉલ્લેખનીય છે કે, આ ૧૦૦ ટકા નિઃશુલ્ક હોસ્પિટલના નિર્માણ અર્થે રાજુલાના મૂળ વતની અને વતનના રતન એવા ઉદ્યોગસાહસિક સ્વ. અનિલકુમાર મહેતા પરિવાર દ્વારા અંદાજે રૂ.૨.૫ કરોડ જેટલી રકમનું સખાવતી દાન આપવામાં આવ્યું છે, સાથે પ્રસિદ્ધ લોકસાહિત્યકાર માયાભાઈ આહીર દ્વારા ભૂમિદાન થકી હોસ્પિટલ નિર્માણનો સંકલ્પ ધરાતલ ઉપર સિદ્ધ થયો છે. જગપ્રસિદ્ધ કથાકાર પૂ. મોરારી બાપુએ સંબોધન કરતા જણાવ્યું કે, રાજુલાની પવિત્ર ભૂમિ પર આરોગ્યના પવિત્ર સેવાયજ્ઞના પ્રારંભ થકી છેવાડાના ગરીબને પણ નિઃશુલ્ક આરોગ્ય સેવા મળશે. તેમણે ઉમેર્યું કે, માનવી સખાવતી ભાવે કર્તવ્ય સાથે કર્મ કરીને પોતાના વ્યાવસાયિક ક્ષેત્રમાંથી તન, મન અને ધનથી સમાજને કેવી રીતે ઉપયોગી થઈ શકાય તે વિચારીને સમાજ ઉપયોગી કાર્યો કરે તે અનિવાર્ય છે.

### કસ્ટમ ડ્યૂટીમાં વધારો થતા આયાત હવે મોંઘી બનશે, સ્થાનિક બજારમાં ભાવ વધારો થવાની પૂરેપૂરી શક્યતા છે

# સોના ચાંદી પર આયાત ડ્યૂટી વધતા ભાવમાં મોટો ભડકો

(એજન્સી) નવી દિલ્હી | તા.13

દેશમાં આર્થિક મોરચે એક અત્યંત મહત્વપૂર્ણ અને મોટા ફેરફારના અહેવાલ પ્રાપ્ત થઈ રહ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલા એક ચોંકાવનારા નિર્ણયમાં સોના, ચાંદી અને અન્ય કિંમતી ધાતુઓ પર વસૂલવામાં આવતી આયાત ડ્યૂટીમાં તોતિંગ વધારો ઝીંકવામાં આવ્યો છે. વડાપ્રધાન દ્વારા અગાઉ નાગરિકોને સોનાની ખરીદી પર સંયમ રાખવાની અપીલ કર્યા બાદ, હવે નાણાકીય પાંખે કડક પગલાં લેતા આયાત શુલ્કમાં સીધો જંગી ઉછાળો કર્યો છે. આ ફેરફાર આજથી જ અમલી બનતા ઝવેરી બજાર અને સામાન્ય ગ્રાહકોમાં તેની વ્યાપક અસરો જોવા મળશે તેવું માનવામાં આવી રહ્યું છે.સરકારી તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલી નવી નીતિ અનુસાર, સોના અને ચાંદી પર અત્યાર સુધી લાગતી ૬ ટકાની આયાત ડ્યૂટીને વધારીને હવે ૧૫ ટકાના સ્તરે લઈ જવામાં આવી છે. આ



નવા ટેક્સ માળખામાં ૧૦ ટકા જેટલી બેઝિક કસ્ટમ ડ્યૂટીનો સમાવેશ થાય છે, જ્યારે તેની ઉપર ૫ ટકા જેટલો કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડેવલપમેન્ટ સેસ લાદવામાં આવ્યો છે. આમ, કુલ મળીને હવે આયાતી કિંમતી ધાતુઓ પર ગ્રાહકોએ ૧૫ ટકા શુલ્ક ચૂકવવો પડશે, જેની સીધી અસર છૂટક અને જથ્થાબંધ બજારના ભાવો પર જોવા મળી રહી છે.આર્થિક નિષ્ણાતો અને સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, સરકારના આ પગલા પાછળ મુખ્યત્વે ત્રણ મજબૂત કારણો જવાબદાર છે. પ્રથમ, દેશમાં સોનાની આયાત અંકુશમાં લઈને વિદેશી મુદ્રા ભંડાર પર પડતા બોજને હળવો કરવો. બીજું, વૈશ્વિક બજારમાં ભારતીય રૂપિયાની સ્થિરતા જાળવી રાખવા માટે ડોલરના બહાર જતા પ્રવાહને રોકવો અનિવાર્ય બન્યો હતો. ત્રીજું અને સૌથી મહત્વનું કારણ પશ્ચિમ એશિયામાં પ્રવર્તતી અશાંતિ અને યુદ્ધ જેવી સ્થિતિ વચ્ચે ભારતની આર્થિક સુરક્ષાને વધુ સંગીન બનાવવાનું છે. આ વ્યૂહાત્મક પગલા દ્વારા સરકાર વિદેશી હૂંડિયામણની બચત કરવા માંગે છે.અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૪ના બજેટ દરમિયાન સરકારે સોના-ચાંદી પરની કસ્ટમ ડ્યૂટી ૧૫ ટકાથી ઘટાડીને ૬ ટકા કરી હતી. તે સમયે ડ્યૂટી ઘટવાને કારણે દેશમાં સોનાની આયાતમાં રેકોર્ડબ્રેક વધારો નોંધાયો હતો. જોકે, બદલાતા વૈશ્વિક સંજોગો અને વધતી આયાતને જોતા તંત્રએ ફરીથી જૂના સ્તર પર ડ્યૂટી લઈ જવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયને કારણે બજારમાં ફરી એકવાર જૂની સ્થિતિનું નિર્માણ થશે અને જે રાહત ગ્રાહકોને મળી હતી તે હવે સમાપ્ત થઈ ગઈ છે. જોકે, આ નિર્ણય બાદ સરકારી વર્તુળોમાં એક ચિંતા પણ વ્યાપી રહી છે. મીડિયા અહેવાલો અનુસાર, કેટલાક ઉચ્ચ અધિકારીઓનું માનવું છે કે આયાત ડ્યૂટીમાં આટલો મોટો વધારો કરવાથી દેશમાં સોનાની સ્મગલિંગ એટલે કે ગેરકાયદેસર આયાતના કિસ્સાઓમાં ફરીથી ઉછાળો આવી શકે છે. અગાઉ ૨૦૨૪માં જ્યારે ડ્યૂટી ઘટાડવામાં આવી હતી ત્યારે સ્મગલિંગના કેસોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો.

## ગુજરાતમાં કાઇનેટિક વોટ્સ એન્ડ વોલ્ટ્સનો રિટેલ નેટવર્ક વધુ મજબૂત

અમદાવાદ: કાઈનેટિક ઈન્ડિયાની ઈલેક્ટ્રિક વાહન શાખા કાઈનેટિક વોટ્સ એન્ડ વોલ્ટ્સ લિમિટેડે આજે અમદાવાદમાં પોતાની નવી ડીલરશિપના પ્રારંભની જાહેરાત કરી છે, જે ગુજરાતમાં કંપનીના રિટેલ નેટવર્કને વધુ મજબૂત બનાવશે. આ વિસ્તરણ ભારતના વિકસતા બજારોમાં ગ્રાહકો સુધી ઈલેક્ટ્રિક મોબિલિટી વધુ સરળતાથી પહોંચાડવાની કંપનીની વ્યૂહરચનાનો મહત્વપૂર્ણ ભાગ છે.

નવી ડીલરશિપ, કાઈનેટિક EV - રામા ઓટો, રામા હાઉસ, (શાહપુર ગેટની બહાર), શાહપુર, અમદાવાદ - 380001 ખાતે સ્થિત છે. આ ડીલરશિપ ગ્રાહકોને વેચાણ, સર્વિસ અને સ્પેર સપોર્ટ સાથે સંપૂર્ણ અને સરળ માલિકીનો અનુભવ આપવા માટે ડિઝાઈન કરવામાં આવી છે.

આ લોન્ચ સાથે, કાઈનેટિક અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં પ્રેક્ટિકલ, વિશ્વસનીય અને કિફાયતી ઈલેક્ટ્રિક મોબિલિટી સોલ્યુશન્સની વધતી માંગને પહોંચી વળવાનું લક્ષ્ય ધરાવે છે.

અમદાવાદ ડીલરશિપ કાઈનેટિકના મહત્વપૂર્ણ શહેરી બજારોમાં વિસ્તરણ પરના ફોકસને દર્શાવે છે, જ્યાં વધતા ઈંધણના ભાવ અને જાગૃતિને કારણે ઈલેક્ટ્રિક વાહનોનું અપનાવવું ઝડપથી વધી રહ્યું છે.

આ સુવિધા સમર્પિત સર્વિસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સજ્જ છે, જેમાં પ્રશિક્ષિત ટેકનિશિયન, ઓરિજિનલ સ્પેર પાર્ટ્સ અને વિશ્વસનીય આફ્ટર-સેલ્સ સપોર્ટ ઉપલબ્ધ રહેશે, જે EV ઓનરશિપ પ્રત્યે લાંબા ગાળાનો વિશ્વાસ ઉભો કરવામાં મહત્વપૂર્ણ રહેશે.

આ અવસરે કાઈનેટિક વોટ્સ એન્ડ વોલ્ટ્સના વાઈસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી અજિંક્ય ફિરોદિયાએ જણાવ્યું હતું, “અમદાવાદ કાઈનેટિકની ગુજરાત અને પશ્ચિમ ભારતની વિકાસ યાત્રામાં અત્યંત મહત્વપૂર્ણ બજાર છે. આ શહેર હંમેશાં તેની મજબૂત ઉદ્યોગસાહસિક ભાવના, ઝડપી શહેરી વિકાસ અને નવી મોબિલિટી સોલ્યુશન્સને ઝડપથી સ્વીકારવાની ક્ષમતા માટે ઓળખાતું રહ્યું છે. અમે જ્યારે અમારી ઈલેક્ટ્રિક મોબિલિટી હાજરીનો વિસ્તાર કરી રહ્યા છીએ, ત્યારે અમદાવાદમાં પ્રવેશ માત્ર એક નવા બજારમાં પ્રવેશ કરવાનો વિષય નથી.

## News Brief

### અમેરિકામાં ફુગાવાનો દર વધતા મધ્યમ વર્ગના પગાર ધોવાયા

વોશિંગ્ટન: યુનાઈટેડ સ્ટેટ્સમાં એપ્રિલ મહિનાના આર્થિક આંકડા જાહેર થતાની સાથે જ રાજકીય ગરમાવો તેજ બન્યો છે. અમેરિકામાં જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં સતત થઈ રહેલા વધારાને લઈને સેનેટર એલિઝાબેથ વોરને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર આકરા પ્રહારો કર્યા છે. વોરને આક્ષેપ કર્યો છે કે ટ્રમ્પની નિષ્ફળ આર્થિક નીતિઓને કારણે સામાન્ય પરિવારોના ખિસ્સા ખાલી થઈ રહ્યા છે અને મોંઘવારી દિન-પ્રતિદિન આસમાને પહોંચી રહી છે. એપ્રિલના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI) ના આંકડા સ્પષ્ટ કરે છે કે અમેરિકન પરિવારો માટે હવે ઘર ચલાવવું મુશ્કેલ બની રહ્યું છે. સેનેટ બેંકિંગ સમિતિના અગ્રણી સભ્ય એલિઝાબેથ વોરને એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ટ્રમ્પે ‘પહેલા દિવસથી’ ખર્ચ ઘટાડવાનું વચન આપ્યું હતું, પરંતુ તેનાથી ઉલટું ભાવો સતત વધી રહ્યા છે. એપ્રિલના ડેટા મુજબ, મોંઘવારીનો દર લોકોના પગાર વધારાની સરખામણીએ વધુ ઝડપથી વધ્યો છે. આનો અર્થ એ થયો કે લોકોની વાસ્તવિક આવક ઘટી રહી છે, જેને સેનેટરે “પરિવારોના પેચેકનું સંકોચન” ગણાવ્યું છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને ટેરિફ નીતિઓએ અમેરિકન ગ્રાહકો પર અબજો ડોલરનો વધારાનો બોજ નાખ્યો છે. બ્યુરો ઓફ લેબર સ્ટેટિસ્ટિક્સના અહેવાલ મુજબ, એપ્રિલમાં વાર્ષિક ફુગાવાનો દર વધીને ૩.૮ ટકા પર પહોંચી ગયો છે, જે અગાઉ ૩.૩ ટકા હતો. આ ઉછાળા પાછળ મુખ્યત્વે ઉર્જાના ભાવો જવાબદાર છે. એપ્રિલમાં ઉર્જાના ભાવમાં ૩.૮ ટકાનો વધારો થયો છે, જ્યારે ગેસોલિનના ભાવમાં ૫.૪ ટકા અને વીજળીના ભાવમાં ૨.૧ ટકાનો વધારો નોંધાયો છે.

### ભારતીય બજારમાં વેચવાલી વધતા રોકાણકારોમાં ચિંતા

# વૈશ્વિક ઈક્વિટી માર્કેટ કેપમાં ભારતનો હિસ્સો સતત ઘટ્યો

## એશિયાઈ દેશોનો હિસ્સો વધ્યો ભારત પાછળ ધકેલાયું

(એજન્સી) મુંબઈ | તા.13

વિશ્વભરના શેરબજારોની કુલ મૂડીમાં વૃદ્ધિ જોવા મળી રહી છે, ત્યાં બીજી તરફ ભારતની સ્થિતિ નબળી પડી છે. ૨૦૨૬ના પ્રારંભથી અત્યાર સુધીમાં ભારતીય બજારના મૂલ્યમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે, જે આર્થિક નિષ્ણાતો માટે ચર્ચાનો વિષય બન્યો છે. આંકડાકીય વિશ્લેષણ મુજબ, વર્ષના પ્રારંભમાં વૈશ્વિક માર્કેટ કેપ ૧૫૧ ટ્રિલિયન ડોલરના સ્તરે હતી, જે હાલમાં વધીને ૧૬૩.૭૦ ટ્રિલિયન ડોલર પર પહોંચી ગઈ છે. એટલે કે વૈશ્વિક સ્તરે બજારમાં ૮ ટકાનો ઉછાળો આવ્યો છે. તેનાથી વિપરિત, ભારતની માર્કેટ કેપ આ સમયગાળા દરમિયાન ૭ ટકા જેટલી ઘટીને ૪.૯૧ ટ્રિલિયન ડોલર પર આવી ગઈ છે. ૧૧મી મેના રોજ પૂરા થયેલા સપ્તાહના અંતે ભારતનો હિસ્સો ઘટીને ૨.૯૯ ટકા રહ્યો છે, જે છેલ્લા ચાર વર્ષમાં પ્રથમ વખત ૩ ટકાની મનોવૈજ્ઞાનિક સપાટીથી નીચે સરક્યો છે. ભારતીય બજારમાં જોવા મળી રહેલા આ કડાકા પાછળ અનેક કારણો જવાબદાર છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ તેલના વધતા ભાવો, ભારતીય રૂપિયા પર વધી રહેલું દબાણ અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધના પરિણામે પેદા થયેલી અનિશ્ચિતતાને કારણે વિદેશી રોકાણકારો સાવચેત બન્યા છે. ચાલુ વર્ષે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ભારતીય ઈક્વિટીસમાંથી અંદાજે ૨૧ અબજ ડોલર જેટલી માતબર રકમ પાછી ખેંચી લીધી છે, જેની સીધી અસર સેન્સેક્સ અને નિફ્ટી પર જોવા મળી છે.જ્યારે ભારતનો હિસ્સો ઘટી રહ્યો છે, ત્યારે એશિયાના અન્ય હરિફ દેશો વૈશ્વિક મંચ પર મજબૂત બની રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, ચીનનો હિસ્સો ૮.૯૦ ટકાથી વધીને ૯.૬૨ ટકા થયો છે. તેવી જ રીતે, જાપાન ૫.૧૦ ટકાથી વધીને ૫.૨૨ ટકા અને તાઈવાનનો હિસ્સો ૨.૨૦ ટકાથી વધીને ૨.૯૧ ટકા પર પહોંચ્યો છે. દક્ષિણ કોરિયાએ પણ ૧.૭૮ ટકાથી ૨.૮૭ ટકા સુધીની લાંબી છલાંગ લગાવી છે. આ સરખામણી દર્શાવે છે કે રોકાણકારો અત્યારે ભારતના બદલે એશિયાના અન્ય વિકસિત બજારો તરફ વધુ આકર્ષાઈ રહ્યા છે. નોંધનીય છે કે સપ્ટેમ્બર ૨૦૨૪માં ભારતની માર્કેટ કેપ ૫.૬૬ ટ્રિલિયન ડોલરની ઓલટાઈમ હાઈ સપાટીએ હતી અને વૈશ્વિક હિસ્સો ૪.૭૧ ટકા હતો. જેની સરખામણીએ હાલની સ્થિતિ ઘણી નબળી જણાય છે. વર્ષ ૨૦૨૬માં અત્યાર સુધીમાં સેન્સેક્સમાં ૧૧ ટકા અને નિફ્ટીમાં ૯ ટકાનો ઘટાડો નોંધાયો છે. સ્થાનિક સ્તરે રોકાણકારો હવે સરકારની નીતિઓ અને આગામી આર્થિક પગલાં પર મીટ માંડીને બેઠા છે.

## સોનાની ઈમ્પોર્ટ ડ્યુટી અને એગ્રી સેસમાં તાજેતરના વધારા અંગે GJEPC ચેરમેનનું મક્કમ વલણ

મુંબઈ: જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GJEPC) સોનાની આયાત ડ્યુટી 5% થી વધારીને 10% અને એગ્રી સેસ 1% થી વધારીને 5% કરવાના સરકારના નિર્ણયને સ્વીકાર્યો છે.એક ઉદ્યોગ તરીકે અમે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા વ્યક્ત કરવામાં આવેલી નેશન ફર્સ્ટ એટલે કે રાષ્ટ્ર પ્રથમની ભાવના પ્રત્યે પ્રતિબદ્ધ છીએ.તેમના આહવાનના પ્રતિભાવના ભાગરૂપે GJEPC દ્વારા ગઈકાલે અગ્રણી રિટેલર્સ અને ઉત્પાદકો સાથે એક બેઠક યોજવામાં આવી હતી. અમે વડાપ્રધાનશ્રીને પત્ર લખીને સોનાની આયાત ઘટાડવા અને આત્મનિર્ભરતા વધારવા માટે અમારા સભ્યો દ્વારા લેવામાં આવનારા સક્રિય પગલાંની રૂપરેખા આપી છે: સોનાની આયાતમાં 20-30%નો ઘટાડો કરવા માટે ઓછી કેરેટની જ્વેલરી (જેમ કે 14 કેરેટ અને 9 કેરેટ)ના વેચાણને પ્રોત્સાહન આપવું. ગ્રાહકોને જૂના સોનાના બદલામાં નવી જ્વેલરી બનાવડાવવા માટે પ્રોત્સાહિત આપવું, જેથી આયાત પરની નિર્ભરતામાં વધુ ઘટાડો કરી શકાય. ભારતના 25000 ટનના જૂના એટલે કે વારસાગત ગોલ્ડ સ્ટોકનો ઉપયોગ કરવા માટે ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ(GMS)ને વધુ અસરકારક બનાવી તેનું નવિનીકરણ કરવું.ગોલ્ડ બાર, બિલેટ્સ અને સિક્કાઓમાં રોકાણને નિરુત્સાહિ કરવું, જેથી કુલ આયાતના 20-30% હિસ્સો ધરાવે છે. આર્થિક પડકારો વચ્ચે કિંમતી વિદેશી હૂંડિયામણ કમાવવા માટે સોનાના દાગીનાના નિકાસકારો માટે વિશેષ નીતિગત માળખું પૂરું પાડવું.અમે સરકારના વિચારાર્થે ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ(GMS)ને પુનઃશરૂ કરવા અંગેનો એક વિગતવાર અહેવાલ રજૂ કરી રહ્યા છીએ.તેમ છતાં GJEPCનું સતત એવું વલણ રહ્યું છે કે ઈમ્પોર્ટ ડ્યુટીમાં વધારો કરવાથી ભાગ્યે જ સોનાની આયાત ઘટે છે–તેનાથી ફક્ત ભાવમાં વધારો થાય છે. તાજેતરમાં સોનાના ભાવ બમણા થયા હોવા છતાં આયાતમાં તે પ્રમાણમાં ઘટાડો થયો નથી.

## ફ્રેન્કલિન ઈન્ડિયા બેંકિંગ એન્ડ પીએસયુ ડેટ ફંડે વિશ્વસનીય રોકાણ સોલ્યુશનના 12 વર્ષ પૂરા કર્યા




મુંબઈ : ફ્રેન્કલિન ઈન્ડિયા બેંકિંગ એન્ડ પીએસયુ ડેટ ફંડે તેની સ્થાપનાના 12 વર્ષ પૂર્ણ કર્યા છે. આ કેટેગરીની સૌથી જૂની સ્કીમ્સમાંની એક તરીકે, આ 12મી વર્ષગાંઠ સ્કીમની સતત વૃદ્ધિ અને ડેટ મ્યુચ્યુઅલ ફંડ ક્ષેત્રમાં વિશ્વસનીય રોકાણ સોલ્યુશન તરીકે તેની મજબૂત સ્થિતિ દર્શાવે છે. ઉચ્ચ ગુણવત્તાવાળા ફિક્સ્ડ ઈનકમ ઈન્સ્ટ્રુમેન્ટ્સ પર કેન્દ્રિત આ ફંડ મુખ્યત્વે બેંકો, જાહેર ક્ષેત્રની સંસ્થાઓ (પીએસયુ), નાણાંકીય સંસ્થાઓ અને પસંદગીની મ્યુનિસિપલ કોર્પોરેશન્સ દ્વારા જારી કરવામાં આવેલી ડેટ સિક્યોરિટીઝમાં રોકાણ કરે છે. આ વ્યૂહરચનાનો હેતુ તુલનાત્મક રીતે ઓછા ક્રેડિટ જોખમ સાથે શ્રેષ્ઠ વળતર પ્રદાન કરવાનો છે. ફ્રેન્કલિન ટેમ્પલ્ટન મ્યુચ્યુઅલ ફંડના ચાંદની ગુપ્તાએ જણાવ્યું હતું કે, “આ ફંડ એવા રોકાણકારો માટે યોગ્ય છે, જેઓ એક વર્ષથી વધુ સમય માટે પોતાની વધારાની રકમ એવી સ્કીમ્સમાં રોકવા માંગે છે, જે ઓછી ક્રેડિટ જોખમ ધરાવતા ઉચ્ચ ગુણવત્તાવાળા ડેટ ઈન્સ્ટ્રુમેન્ટ્સના પોર્ટફોલિયોમાંથી નિયમિત આવક પ્રદાન કરે છે.”આ ફંડ રોકાણકારોને અનુકૂળ એવી અનેક સુવિધાઓ પ્રદાન કરે છે, જેમાં કોઈ એન્ટ્રી અથવા એક્ઝિટ લોડ ન હોવાનો સમાવેશ થાય છે, જે તેને ફ્લેક્સિબલ રોકાણ વિકલ્પ તરીકે વધુ આકર્ષક બનાવે છે. રૂ. 5,000ની ન્યૂનતમ રોકાણ રકમ અને ત્યારબાદ રૂ. 1ના ગુણાંકમાં રોકાણ કરવાની સુવિધા સાથે, આ યોજના વિવિધ પ્રકારના રોકાણકારો માટે સરળતાથી ઉપલબ્ધ રહે છે.વ્યાજદરના બદલાતા ચક્ર વચ્ચે રોકાણકારો સતત સ્થિરતા શોધી રહ્યા છે ત્યારે, ફ્રેન્કલિન ઈન્ડિયા બેંકિંગ એન્ડ પીએસયુ ડેટ ફંડ નિયમિત આવક, મૂડીનું સંરક્ષણ અને મધ્યમ ગાળામાં સતત પ્રદર્શન મેળવવા ઈચ્છતા રોકાણકારો માટે એક સમજદારીપૂર્ણ વિકલ્પ બની રહે છે.

## ટાયર 2 આઈટી કંપનીઓ મોટી કંપનીઓ કરતા વિકાસમાં આગળ નીકળી

### આઈટી ક્ષેત્રમાં વૃદ્ધિના સંકેતો મળતા બજાર ગેલમાં, આર્થિક વૃદ્ધિનું અનુમાન મજબૂત રહેતા ઉત્સાહ વધ્યો

નવી દિલ્હી: ભારતીય આઈટી ક્ષેત્રમાં અત્યારે એક નવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. વૈશ્વિક આર્થિક પડકારો અને અનિશ્ચિતતાઓ વચ્ચે પણ ભારતની મધ્યમ કદની એટલે કે ટાયર-2 આઈટી કંપનીઓએ પ્રદર્શનની બાબતમાં મોટી દિગ્ગજ કંપનીઓને પાછળ છોડી દીધી છે. નુવામાના તાજેતરના અહેવાલ મુજબ, આ નાની અને મધ્યમ કદની કંપનીઓએ નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે અત્યંત મજબૂત અને પ્રોત્સાહક લક્ષ્યાંકો (ગાઈડન્સ) જાહેર કર્યા છે. જ્યારે મોટી આઈટી કંપનીઓ અત્યારે વૈશ્વિક મેક્રો પડકારોને કારણે સાવચેતીભર્યું વલણ અપનાવી રહી છે, ત્યારે ટાયર-2 કંપનીઓ વૃદ્ધિના નવા માર્ગો શોધવામાં સફળ રહી છે.અહેવાલ મુજબ, ટાયર-1 અથવા મોટી આઈટી કંપનીઓની આવકના સ્ત્રોત પર જનરેટિવ એઆઈ (Gen AI) અને નબળા વૈશ્વિક વાતાવરણની પ્રતિકૂળ અસર પડી રહી છે. આ મોટી કંપનીઓ અત્યારે ખર્ચ ઘટાડવા અને વેન્ડર કોન્સોલિડેશન જેવી વ્યૂહરચના પર વધુ ધ્યાન આપી રહી છે. તેનાથી વિપરિત, ટાયર-2 કંપનીઓએ પોતાની ચપળતાને કારણે વૃદ્ધિના ચોક્કસ ક્ષેત્રો શોધી કાઢ્યા છે અને અસરોને ઘણી હદ સુધી ઘટાડવામાં સફળતા મેળવી છે. બજાર પણ આ ટ્રેન્ડને ઓળખી રહ્યું છે અને ટાયર-2 કંપનીઓને મોટી કંપનીઓ કરતા ઉંચા વેલ્યુએશન આપીને પુરસ્કૃત કરી રહ્યું છે.વર્ષ ૨૦૨૬ના ચોથા ક્વાર્ટરમાં મિડ-કેપ આઈટી સેગમેન્ટે પોતાની ગતિ જાળવી રાખી છે. તંદુરસ્ત ડીલ વિન્સ અને એઆઈ-આધારિત ટ્રાન્સફોર્મેશન પ્રોગ્રામ્સ આ વૃદ્ધિના મુખ્ય પાયા રહ્યા છે. જોકે, વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે આ સોદાઓને વાસ્તવિક કામગીરીમાં બદલવા માટેનો સમય (કન્વર્ઝન ટાઈમલાઈન) થોડો લંબાયો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ટાયર-1 કંપનીઓનું ૨૦૨૭નું અનુમાન ઘણું નરમ છે, જે દર્શાવે છે કે ૨૦૨૬ની સરખામણીએ ૨૦૨૭માં કોઈ ખાસ ઉછાળો આવવાની શક્યતા ઓછી છે.

## ટાટા મોટર્સ પેસેન્જર વેહિકલ્સે અલ્ટ્રોઝ iCNGમાં AMT રજૂ કર્યું

મુંબઈ : ભારતની અગ્રણી ઓટોમોબાઈલ ઉત્પાદકોમાંથી એક, ટાટા મોટર્સ પેસેન્જર વેહિકલ્સ લિમિટેડે (TMPV) આજે અલ્ટ્રોઝiCNGમાં AMT રજૂ કરવાની જાહેરાત કરી, જે તેને ભારતમાં CNG પાવરટ્રેન સાથે ઓટો (AMT) ટ્રાન્સમિશન ઓફર કરતી પ્રથમ અને એકમાત્ર પ્રીમિયમ હેચબેક બનાવે છે. 8.69Lની કિંમતવાળી, અલ્ટ્રોઝiCNG AMT બ્રાન્ડના 'ફીલ સ્પેશિયલ' પ્રસ્તાવને વધુ મજબૂત બનાવે છે, જ્યારે સેગમેન્ટમાં સૌથી વ્યાપક મલ્ટી-પાવરટ્રેન લાઈન-અપ્સમાંથી એક ઓફર કરવાનું ચાલુ રાખે છે.આ લોન્ચ પર બોલતાં,



ટાટા પેસેન્જર ઈલેક્ટ્રિક મોબિલિટી લિમિટેડના ચીફ કમર્શિયલ ઓફિસર શ્રી વિવેક શ્રીવત્સે જણાવ્યું હતું કે, “અલ્ટ્રોઝે ડિઝાઈન, સલામતી અને પાવરટ્રેન પસંદગી પર તેની મજબૂત એકાગ્રતા દ્વારા પ્રીમિયમ હેચબેક સેગમેન્ટમાં સતત બેન્ચમાર્ક સ્થાપિત કર્યા છે. CNG દેશમાં સૌથી ઝડપથી વિકસતી ઈંધણ પસંદગી છે.

## લેન્ક્સેસ અને એચપીસીએલે ભારતમાં ઉડ્ડયન અને ઔદ્યોગિક લુબ્રિકન્ટ્સમાં વૃદ્ધિનો લાભ લેવા માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર

મુંબઈ: સ્પેશિયાલિટી કેમિકલ્સ કંપની લેન્ક્સેસ અને અગ્રણી ભારતીય તેલ અને ગેસ કંપની હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (એચપીસીએલ) દ્વારા ભારત અને સાર્ક દેશોમાં ઉડ્ડયન અને ઔદ્યોગિક લુબ્રિકન્ટ્સની ઉપલબ્ધતાને સંયુક્ત રીતે આગળ વધારવા માટે સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા છે. આ ભાગીદારીનો ઉદ્દેશ ભારતના વૃદ્ધિ પામતી ઉડ્ડયન અને ઔદ્યોગિક બજારોમાં



ટેકનોલોજીની દ્રષ્ટિથી અદ્યતન, ઉચ્ચ- પ્રદર્શન કરનારા લુબ્રિકન્ટ સોલ્યુશન્સ, અદ્યતન ધોરણો અને ઉપલબ્ધતા પહોંચાડવાનો છે.આ ભાગીદારી હેઠળ લેન્ક્સેસ અને એચપીસીએલ લુબ્રિકન્ટ્સ માટે ટૂંકા, મધ્યમ અને લાંબા ગાળાના માર્કેટિંગ અને વ્યવસાય વિકાસની તકો શોધશે. આ સહયોગથી પ્રીમિયમ લેન્ક્સેસ- બ્રાન્ડેડ ઉડ્ડયન અને ઔદ્યોગિક લુબ્રિકન્ટ્સની મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં પણ વ્યાપક સ્થાનિક પહોંચ શક્ય બનશે. ‘આ એમઓયુ અમારી વૃદ્ધિની વાર્તામાં એક નવો અધ્યાય છે. એચપીસીએલ સાથે મળીને, અમે ભારતના ગતિશીલ ઉડ્ડયન અને ઔદ્યોગિક બજારોમાં વૃદ્ધિને વધુ ગતિ આપતી વખતે ગુણવત્તા અને કામગીરી માટે નવા માપદંડો સ્થાપિત કરીશું.

## સ્વાતંત્ર્ય આંદોલનથી વૈશ્વિક સ્તર સુધી PM મોદીએ રાષ્ટ્ર નિર્માણમાં બજાજની સદીની આ સફરને ખાસ બિરદાવી

મુંબઈ : ભારતના સૌથી જૂના પરિવાર આધારિત વ્યવસાયોમાંના એક અને US$ 148 બિલિયનના માર્કેટ કેપ ધરાવતા સૌથી મોટા સમૂહોમાંના એક એવા બજાજ ગ્રૂપે આજે પોતાના વ્યવસાયના 100 વર્ષ પૂર્ણ થવાની ઉજવણી કરી. આ અવસરે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ શુભેચ્છા પાઠવી અને “સ્વાતંત્ર્ય આંદોલનથી વૈશ્વિક આર્થિક શક્તિ” બનવા સુધીની આ સફરને ભારતની પોતાની યાત્રા સાથે જોડીને બિરદાવી હતી.

1926માં મુંબઈ (ત્યારે બોમ્બે) માં જમનાલાલ બજાજ દ્વારા સ્થાપિત બજાજ ગ્રૂપ આજે ભારતના દરેક ત્રણમાંથી એક પરિવાર સુધી પહોંચે છે અને 1.30 લાખથી વધુ કર્મચારીને રોજગાર આપે છે. જમનાલાલ બજાજને સ્વાતંત્ર્ય સેનાની, સમાજ સુધારક, દાનવીર, ઉદ્યોગપતિ અને મહાત્મા ગાંધીના પાંચમા દત્તક પુત્ર તરીકે માનવામાં આવતા હતા.100થી વધુ કંપનીઓ, 100થી વધુ દેશોમાં નિકાસ અને હેલ્થકેર ક્ષેત્રમાં આવનારી પ્રવેશ યોજના સાથે બજાજ ગ્રૂપે ઓટોમોબાઈલ, નાણાકીય સેવાઓ, કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ અને એન્જિનિયરિંગ ક્ષેત્રોમાં




ભારતની સૌથી વિશ્વસનીય બ્રાન્ડ્સ તરીકે પોતાની આગવી ઓળખ બનાવી છે. તેમની લિસ્ટેડ કંપનીઓમાં બજાજ ઓટો, બજાજ ફિનસર્વ, બજાજ હોલ્ડિંગ્સ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ, બજાજ ફાઈનાન્સ, બજાજ હાઉસિંગ ફાઈનાન્સ, બજાજ ઈલેક્ટ્રિકલ્સ અને મુકંદનો સમાવેશ થાય છે. રાષ્ટ્ર નિર્માણમાં બજાજ ગ્રૂપના યોગદાનને માન્યતા આપતા બજાજ પરિવારને મોકલેલા સંદેશમાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, “બજાજ ગ્રૂપની શતાબ્દી નિમિત્તે, હું આ માઈલસ્ટોન સાથે જોડાયેલા દરેક વ્યક્તિને મારી શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવું છું. કોઈપણ સંસ્થાની 100 વર્ષની સફર મહત્વપૂર્ણ હોય છે. તે માત્ર લાંબા ગાળાના અસ્તિત્વને જ નહીં, પરંતુ બદલાતા સમય સાથે જાતને ઢાળવાની ક્ષમતા, આર્થિક વિકાસમાં યોગદાન અને પેઢીઓ સુધી પ્રાસંગિક રહેવાની શક્તિ દર્શાવે છે.

### આર્થિક પ્રવૃત્તિમાં મંદી આવતા વિકાસ દર ઘટશે, તેલના ઊંચા ભાવને કારણે ટ્રાન્સપોર્ટેશન મોંઘું થશે

# ફુગાવામાં વધારો થવાની ભીતિથી સામાન્ય જનતામાં ભારે ચિંતા

(એજન્સી) અમદાવાદ | તા.13

ભારતીય અર્થતંત્રના આકાશમાં અનિશ્ચિતતાના વાદળો ઘેરાઈ રહ્યા હોય તેવું પ્રતીત થઈ રહ્યું છે. પશ્ચિમ એશિયાના દેશોમાં સતત વધી રહેલો ભૂ-રાજકીય તણાવ, આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં જોવા મળી રહેલી તેજી અને ચાલુ વર્ષે નબળા ચોમાસાની આશંકાએ દેશના આર્થિક મોરચે જોખમ ઊભું કર્યું છે. અર્થશાસ્ત્રીઓના મતે, આ પ્રતિકૂળ પરિબળોના સંયોજનને કારણે આગામી સમયમાં ફુગાવામાં વધારો થઈ શકે છે, જેની સીધી અસર દેશના જીડીપી અને સામાન્ય નાગરિકોની ખરીદશક્તિ પર જોવા મળી શકે છે.તાજેતરના આંકડાકીય અહેવાલો મુજબ, દેશની મુખ્ય આર્થિક પ્રવૃત્તિઓમાં મંદીના સ્પષ્ટ સંકેતો દેખાઈ રહ્યા છે. મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ પીએમઆઈ (PMI), ઔદ્યોગિક ઉત્પાદનનો આંક (IIP) તેમજ કોર સેક્ટરના ડેટામાં અપેક્ષા મુજબની વૃદ્ધિ જોવા મળી નથી. એટલું જ નહીં, વ્યાપારી જગતનો આત્મવિશ્વાસ અને ગ્રાહકોના ખર્ચ કરવાની ક્ષમતામાં પણ ઘટાડો નોંધાયો છે. આ પરિસ્થિતિ સૂચવે છે કે ભારતીય બજાર હાલમાં દબાણ હેઠળ છે અને જો વૈશ્વિક પરિસ્થિતિ વણસશે તો મુશ્કેલીઓ વધી શકે છે. ચોમાસા અંગેના પૂર્વાનુમાન મુજબ, ‘અલ નીનો’ની સક્રિયતાને કારણે આ વર્ષે વરસાદ સામાન્ય કરતા ઓછો રહેવાની સંભાવના છે. કૃષિ પ્રધાન દેશ હોવાને નાતે, જો વરસાદ ઓછો રહેશે તો તેની સૌથી વધુ અસર ખેતી અને ગ્રામીણ માંગ પર પડશે. નબળા વરસાદને કારણે અનાજ અને શાકભાજીના ઉત્પાદનમાં ઘટાડો થઈ શકે છે, જે આખરે ખાદ્ય ફુગાવાને નવી ઊંચાઈએ લઈ જઈ શકે છે. ગ્રામીણ વિસ્તારોમાં આવક ઘટતા બજારમાં માલની માંગ પણ ઘટવાની દહેશત વર્તાઈ રહી છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે ઉર્જા પુરવઠાની સમસ્યાઓ વકરતા તેલના ઊંચા ભાવ સરકાર માટે માથાનો દુખાવો બની રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, જો ક્રૂડના ભાવ લાંબા સમય સુધી ઉંચા રહેશે, તો સરકાર માટે આયાતનો આખો બોજ સહન કરવો મુશ્કેલ બનશે. પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યૂટીમાં જો ઘટાડો કરવામાં આવે તો સરકારને વાર્ષિક અંદાજે રૂ. ૧ લાખ કરોડનું નુકસાન થઈ શકે તેમ છે. આ સંજોગોમાં ભાવ વધારાનો કેટલોક ભાર સામાન્ય ગ્રાહકો અને કંપનીઓ પર નાખવામાં આવે તેવી શક્યતા નકારી શકાતી નથી. વધતી જતી આર્થિક અસ્થિરતાને કારણે ખાનગી કંપનીઓ અત્યારે નવા રોકાણો કરવા અંગે સાવચેતીભર્યું વલણ અપનાવી રહી છે. સામાન્ય રીતે જ્યારે કંપનીઓ પોતાની ઉત્પાદન ક્ષમતાનો ૮૦ ટકાથી વધુ ઉપયોગ કરે ત્યારે જ નવું મૂડીરોકાણ વધતું હોય છે, પરંતુ હાલમાં અનેક મોટા પ્રોજેક્ટ્સ મુલતવી રાખવામાં આવ્યા છે. બીજી તરફ, બેન્કોમાં લોન લેવાનું પ્રમાણ થાપણો વધવાની ગતિ કરતા વધુ છે, જે બેન્કોના નફાના ગાળા (માર્જિન) પર દબાણ લાવી શકે છે. જોકે, વિકસિત દેશો સાથેના નવા વેપાર કરારો ભવિષ્યમાં આશાનું કિરણ જન્માવી શકે છે, પરંતુ હાલની સ્થિતિ જોતા મોંઘવારીનો માર વધુ આકરો બને તેવા સંકેતો મળી રહ્યા છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, વૈશાખ વદ-13

# એક તરફ આકરી ગરમીનો પ્રકોપ, તો બીજી તરફ ભારે વરસાદની ચેતવણી

ભારત હાલમાં હવામાનનાં બે વિરોધાભાસી અને અસામાન્ય ચરણોમાંથી પસાર થઈ રહ્યું છે. દેશના એક હિસ્સામાં અતિ ભારે વરસાદ તબાહી મચાવી રહ્યો છે, તો બીજી તરફ, અન્ય ભાગોમાં સખત હીટ વેવના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. હવામાનશાસ્ત્રીઓના મતે આ કોઈ છૂટીછવાઈ ઘટના નથી, પરંતુ દેશવ્યાપી વાતાવરણીય અસ્થિરતાનો ભાગ છે, જે આગામી અઠવાડિયા સુધી ચાલુ રહેવાની શક્યતા છે. ગુજરાતમાં ખાસ કરીને અમદાવાદ અને બનાસકાંઠાના વિસ્તારોમાં અગનગોળા વરસી રહ્યા છે, જેના પગલે 'યલો એલર્ટ' જાહેર કરાયું છે. ઉત્તર અને પૂર્વોત્તર ભારત વચ્ચે મોટો તફાવત જોવા મળી રહ્યો છે. હવામાનનો સૌથી મોટો તફાવત ઉત્તરના મેદાની વિસ્તારો અને પૂર્વોત્તર રાજ્યો વચ્ચે છે. અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય અને ત્રિપુરા જેવાં રાજ્યોમાં આગામી ૧૦થી ૧૪ દિવસ સુધી સતત ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે, જેનાથી પૂર અને ભૂસ્ખલનનો ખતરો વધી ગયો છે. દક્ષિણ એશિયામાં જીવલેણ હીટ વેવ જોવા મળી રહ્યો છે. ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં તાપમાનનો પારો સામાન્ય કરતાં ઘણો ઉપર પહોંચી ગયો છે. અનેક વિસ્તારોમાં તાપમાન ૪૫થી ૫૦ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે નોંધાયું છે. પાકિસ્તાનમાં ગરમીના કારણે અત્યાર સુધીમાં ૧૦ માણસોના મોત થયા છે, જ્યારે ભારતમાં પણ જાનહાનિના ઘણા અહેવાલો છે. માનવજીવન ઉત્તરોત્તર ત્રસ્ત બની રહ્યું છે. નિષ્ણાતો આ આત્યંતિક હવામાન માટે માનવસર્જત જળવાયુ પરિવર્તન એટલે કે ગ્લોબલ વોર્મિંગને જવાબદાર માની રહ્યા છે. અમદાવાદ અને બનાસકાંઠાના વિસ્તારોમાં બપોરે ૧૨ વાગ્યાથી વરસતા અગનગોળાનો મારો સાંજે પાંચ વાગ્યા સુધી ચાલતો રહે છે. બનાસકાંઠાના ગરમ વિસ્તારોમાં વાતાવરણ ભટ્ઠી સમાન બની જાય છે. આકાશ અને પૃથ્વી વચ્ચે રહેતા માનવ સહિતના તમામ જીવો ગરમીથી ત્રાહિમામ્ પોકારી ગયા છે. વરસાદ કે ઠંડી હવા ૧૬ જૂન પછી શરૂ થવાની સંભાવના છે, જેને હજુ એક મહિનાની વાર છે. તે દરમિયાન બે-ત્રણ કમોસમી માવઠાં પડવાની શક્યતા છે. હવામાન ખાતાની આગાહી કરતા પ્રાઈવેટ ખગોળશાસ્ત્રીઓ હવામાન બાબતે વધુ સચોટ પુરવાર થઈ રહ્યા છે. કૃષિ ઉત્પાદનો માટે કેટલીક વાર ગરમીની જરૂર પડે છે, પરંતુ કાળઝાળ ગરમીમાં કેટલાક પાક ઊભા બળી જાય છે અને શાકભાજીના વેલાઓ પણ નાશ પામે છે. પરિણામે પગલે ભાવમાં વધારો થાય છે. ગરમીના પ્રકોપ વચ્ચે રાહતના સમાચાર એ છે કે ભારતીય હવામાન વિભાગ અનુસાર, ઉત્તર ભારતના કેટલાક ભાગોમાં મંગળવારથી ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે, જે લોકોને ગરમીથી થોડી રાહત અપાવશે. પંજાબ, હરિયાણા અને હિમાચલમાં ૧૨ મેથી વરસાદની શક્યતા છે. દિલ્હી-એનસીઆરમાં ૩૦-૫૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવા સાથે હળવા વરસાદની આગાહી છે. દક્ષિણ ભારતના કેરળ અને તમિલનાડુમાં પણ આગામી સપ્તાહમાં ભારે વરસાદ પડી શકે છે. જોકે, પશ્ચિમ રાજસ્થાન અને ગુજરાતમાં ૧૫ મે સુધી હીટવેવ યથાવત રહેશે. માનવજીવનને સંકોચી નાખતા હીટ વેવ પાછળનાં કારણોની ચર્ચા કરતા નિષ્ણાતો કહે છે કે, આ વખતની ગરમી પાછળ મુખ્ય ત્રણ પરિબળો છેઃ હાઈ-પ્રેશર સિસ્ટમ, અલ નીનો ઈફેક્ટ અને હિમાલયમાં બરફનું પીગળવું. વાતાવરણમાં સર્જાયેલી હાઈ-પ્રેશર સિસ્ટમ ગરમ હવાને જમીન પાસે જકડી રાખે છે, જેનાથી હવા ઠંડી થઈ શકતી નથી. અલ નીનો ઈફેક્ટ એટલે પેસિફિક મહાસાગરમાં વધતું તાપમાન, જે વૈશ્વિક ગરમીમાં વધારો કરે છે. એવી જ રીતે હિમાલયમાં બરફના ઘટાડો પણ એક મોટું કારણ છે. એક અહેવાલ અનુસાર, હિમાલયમાં બરફના આવરણમાં ૧૮%નો ઘટાડો નોંધાયો છે. બરફ ઓછો થઈ જવાને કારણે સૂર્યપ્રકાશ પરાવર્તન થવાને બદલે જમીન દ્વારા શોષાય છે, જે ગરમી વધારે છે. ભારત હાલમાં હવામાનના બે વિરોધાભાસી અને અત્યંત અસામાન્ય ચરણોનો સામનો કરી રહ્યું છે. દેશના એક હિસ્સામાં મેઘરાજા કહેર વર્તાવી રહ્યા છે, જ્યારે બીજા હિસ્સામાં કાળઝાળ ગરમી જનજીવનને દઝાડી રહી છે. હવામાનશાસ્ત્રીઓના મતે, આ કોઈ સામાન્ય ફેરફાર નથી પરંતુ દેશવ્યાપી વાતાવરણીય અસ્થિરતાનો સંકેત છે. ગુજરાતના અમદાવાદ અને બનાસકાંઠા સહિતના વિસ્તારોમાં સૂર્યનારાયણ અગનગોળા વરસાવી રહ્યા છે, જેને પગલે વહીવટીતંત્ર દ્વારા 'યલો એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે.પાકિસ્તાનમાં ગરમીના કારણે અત્યાર સુધીમાં ૧૦ લોકોના મોત થયા છે, જ્યારે ભારતમાં પણ જાનહાનિના અહેવાલો મળી રહ્યા છે.

# રાજપીપલા માં આદિવાસી સમાજ નો સમૂહ લગ્નોત્સવ યોજાયો પ્રથમ પ્રયાસે 59 દંપતીએ પ્રભુતા માં પ્રવેશ કર્યો

(એજન્સી) રાજપીપલા । તા. 13

રાજપીપલા માં ચંદ્રશોભા ચેરીટેબલ ટ્રસ્ટ ના નેજા હેઠળ ધારાસભ્ય ડો . દર્શના દેશમુખ આયોજિત આદિવાસી સમાજ નો પ્રથમ સમૂહલગ્નોત્સવ સફળતા પૂર્વક સંપન્ન થયો હતો જેમાં વિવિધ ગામોના 59 યુગલ ભાગ લઈ પ્રભુતા માં પ્રવેશ કર્યો હતો.



પ્રાપ્ત માહિતી મુજબ આજકાલ લગ્ન ના ખર્ચા વધી રહ્યા છે ત્યારે ગરીબ અને મધ્યમ વર્ગ ના પરિવારો માટે સમુહલગ્ન આશીર્વાદ સમાન છે તે ધ્યાનમાં લઈ રાજપીપલા ના ધારાસભ્ય ડો દર્શન દેશમુખ અને તેમની ટીમે અથાગ મહેનત અને બહોળો જનસંપર્ક કરી ચંદ્રશોભા ચેરીટેબલ ટ્રસ્ટ ના નેજા હેઠળ આદિવાસી સમાજ ના સમુહલગ્ન નું આયોજન કર્યું જેમાં નાંદોદ, ડેડીયાપાડા , નેત્રંગ, ચીકદા , સાગબારા, માંગરોલ તાલુકાઓ માંથી 59 જેટલા યુગલ સમૂહલગ્નોત્સવ માં ભાગ લીધો હતો.

ચંદ્રશોભા ચેરિટેબલ ટ્રસ્ટ રાજપીપળા તેમજ ડૉ.દર્શનાબેન દેશમુખ ધારાસભ્યશ્રી નાંદોદ ના સહયોગ તેમજ સાંસદશ્રી મનસુખભાઈ વસાવાના માર્ગદર્શન હેઠળ સમસ્ત આદિવાસી સમાજ નો પ્રથમ સમૂહ સામાજિક આગેવાનો અને સમાજસેવી વ્યક્તિઓના સહયોગ થી ચાંદીનું મંગળસૂત્ર, ચાંદીના સાંકળા, કબાટ, પલંગ, ઓશિકા ગાદલા, થાળી વાટકી ગ્લાસ ચમચી સહિત રસોડાની સંપૂર્ણ સામાન ,સાડીઓ, સાથે વરરાજા માટે પાઘડી કપડાં મોજડી ની વ્યવસ્થા તેમજ વધુ ઓ માટે ચણિયા ચોળી ચપ્પલ તેમજ બ્યુટીપાર્લર ની વ્યવસ્થા પણ ટ્રસ્ટ ધ્વારા જ કરવામાં આવેલ હતી ખુબજ સુંદર શાસ્ત્રોક વિધિ તેમજ મંત્રોચ્ચાર થકી હિન્દુ વિધિવિધાન મુજબ સમૂહ લગ્ન સંપન્ન થયેલ હતું.

# તેલીબિયાં પાકોના પ્રમાણિત બિયારણ પર સહાય મેળવવા આઈ-ખેડૂત 2.0 પોર્ટલ ખુલ્લું મુકાયું

પાલનપુર । રાજ્યના ખેડૂતોને તેલીબિયાં પાકોની ખેતી માટે પ્રોત્સાહન મળી રહે તેમજ વાવેતર વિસ્તાર, ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો થાય તે હેતુથી ભારત સરકારશ્રી દ્વારા "નેશનલ મિશન ઓન એડીબલ ઓઈલ-ઓઈલસીડ" યોજના અમલમાં મુકવામાં આવી છે. આ યોજના રાજ્યના આણંદ, નવસારી અને વલસાડ જિલ્લાઓ સિવાયના જિલ્લાઓમાં અમલમાં છે.

આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૬-૨૭ ની આગામી ખરીફ સિઝન માટે મગફળી, સોયાબીન, દિવેલા અને તલ પાકોના પ્રમાણિત બિયારણ વિતરણ ઘટક હેઠળ સહાયથી પ્રમાણિત બિયારણ મેળવવા માટે ખેડૂતોની ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી રહી છે.

ખેડૂતો ઓનલાઈન અરજી કરવા માટે આઈ-ખેડૂત 2.0 પોર્ટલ તા. ૦૮/૦૫/૨૦૨૬ થી તા. ૧૭/૦૫/૨૦૨૬ સુધી દસ દિવસ માટે ખુલ્લું મુકવામાં આવ્યું છે. પ્રમાણિત બિયારણ મેળવવા ઈચ્છુક ખેડૂતો સમયમર્યાદામાં આઈ-ખેડૂત 2.0 પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવા અંગે જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયત બનાસકાંઠા, પાલનપુર દ્વારા જિલ્લાના ખેડૂતોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# ફ્રેન્ડ્સ ઓફ કેટલ સ્લોગન સાથે મહાનગર પાલિકા સંચાલિત ગૌશાળામાં શ્રી ઈન્દિરાબેન વિજયસિંહ ચુડાસમા દ્વારા રૂ.૧૦૦૦/- નું દાન.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૩. મહાનગર પાલિકા, જુનાગઢ દ્વારા શહેરને સ્વચ્છ રાખવા તેમજ રખડતા ભટકતા અને જાહેર માર્ગો ઉપર અડચણરૂપ થતા ગૌવંશને અટકાવવા પ્રયત્નશીલ છે તેમ કહેવાય છે, તેમજ શહેરીજનો દ્વારા દાન પુણ્ય કરવા અર્થે જાહેરમાં અનધિકૃત ઘાસચારો વેચતા ઈસમો પાસેથી અનધિકૃત ઘાસચારો લઈ જાહેર માર્ગ પર જ ગૌવંશને આપવામાં આવે છે.જેના કારણે આસપાસના વિસ્તારમાં ગંદકી ફેલાય છે.તેમજ જાહેર માર્ગ તથા જાહેર સ્થળોમાં ગૌવંશ અડચણરૂપ બને છે. જુનાગઢ મહાનગર પાલિકા ના હદ વિસ્તારમાંથી રખડતા ભટકતા અને જાહેર માર્ગો ઉપર અડચણરૂપ થતા ગૌવંશને અટકાવવા અને જાહેરમાં અનધિકૃત ઘાસચારો વેચતા ઈસમોને પકડવા માટે કાર્યવાહી કાર્યરત છે. જાહેરમાં ઘાસચારો વેચવા અથવા નાખવા પર પ્રતિબંધ પણ ફરમાવવામાં આવેલ છે. જુનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરમાંથી રખડતા ભટકતા ગૌવંશને પકડી મહાનગર પાલિકા,જુનાગઢ સંચાલિત ગૌશાળામાં રાખવામાં આવે છે.આ ગૌશાળામાં હાલ ૪૭૨ ગૌવંશ રાખવામાં આવેલ છે.જેમાં તા:૧૩/૦૫/૨૦૨૬ના રોજ મહાનગર પાલિકા સંચાલિત ગૌશાળામાં અમદાવાદના રહેવાસી શ્રી ઈન્દિરાબેન વિજયસિંહ ચુડાસમા દ્વારા રૂ.૧૦૦૦/- નું દાન આપવામાં આવેલ છે. તેમજ સૌ જુનાગઢના રહેવાસીઓને દાન પુણ્ય કરવા અર્થે જાહેરમાં ઘાસચારો ન નાખવા અને મહાનગરપાલિકા,જુનાગઢ સંચાલિત ગૌશાળામાં આપવા અપીલ કરવામાં આવી હતી. તંત્રના નિરીક્ષણ મુજબ, અનેક શહેરીજનો દાન-પુણ્ય કરવાના હેતુથી જાહેર માર્ગો પર બેસતા અનધિકૃત વિક્રેતાઓ પાસેથી ઘાસચારો ખરીદીને ત્યાં જ ગૌવંશને ખવડાવતા હોય છે. આ પ્રવૃત્તિને કારણે જાહેર સ્થળો પર ગંદકી ફેલાય છે અને રસ્તા પર ગૌવંશ એકત્ર થવાથી વાહનચાલકો તેમજ રાહદારીઓને ભારે અડચણનો સામનો કરવો પડે છે. આ બાબતને ધ્યાને લઈ મનપાએ જાહેરમાં ઘાસચારો વેચવા અથવા નાખવા પર સદંતર પ્રતિબંધ ફરમાવી દીધો છે.

# જૂનાગઢ જિલ્લા રોજગાર કચેરી દ્વારા તા. ૧૪ મે ના રોજ માણાવદર ખાતે ભરતીમેળો યોજાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ જિલ્લા રોજગાર કચેરી દ્વારા તારીખ ૧૪/૦૫/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦કલાકે આઈ.ટી.આઈ. કેમ્પસ, માણાવદર ખાતે ભરતીમેળો યોજાશે. આઈ. ટી.આઈ. કેમ્પસ, માણાવદર ખાતે રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે એક ભરતી મેળાનુ આયોજન કરવામા આવ્યુ છે. જેમાં સિનોવા ગીયર્સ એન્ડ ટ્રાંશમિશન પ્રા.લી., એચ.ડિ.એફ.સી. લાઈફ ઈન્સ્યુરંસ કંપની તથા મહાવિર એન્ટરપ્રાઈઝ વિગેરે નોકરી દાતાઓ હાજર રહેવાના છે. જેમા વિવિધ લાયકાત અને અલગ અલગ જગ્યાઓ માટે કોઈપણ એસ.એસ.સી. થી સ્નાતક, કે આઈ.ટી.આઈ. /ડિપ્લોમાની શૈક્ષણિક લાયકાત ધરાવનાર (૧૮ વર્ષ થી ૩૫ વર્ષ) સુધીના રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવનાર છે.

# અદાણી ફાઉન્ડેશનની આરોગ્યલક્ષી પહેલથી ગ્રામ્ય વિસ્તારોના 148 લોકોએ લીધો લાભ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના દેશલપર (ગુ.) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આજે સવારે 10 થી 1 વાગ્યા સુધી તેમજ ઉગેડી ગામે ગ્રામ પંચાયત ખાતે બપોરે 3 થી 5 વાગ્યા સુધી Adani Foundation ના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક મલ્ટી સ્પેશિયાલિસ્ટ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામ્ય વિસ્તારોના લોકોને વિશેષ આરોગ્ય સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થાય તે હેતુથી યોજાયેલા આ કેમ્પને ગ્રામજનો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો. બંને ગામના મળી કુલ 148 જેટલા લોકોએ કેમ્પનો લાભ લીધો હતો.




કેમ્પની શરૂઆત દેશલપર (ગુ.)ના સરપંચ શ્રી નારણભાઈ ચાવડા, ઉગેડી ગામના સરપંચ શ્રી કરણભાઈ રબારી, લુડબાય ગામના સરપંચ શ્રી જબારભાઈ જત, અદાણી ફાઉન્ડેશનના જશરાજભાઈ, કિશન પટેલ તથા ગ્રામ્ય અગ્રણી ડૉ. રામસિંહ રાઠોડના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવી હતી. ઉપસ્થિત આગેવાનોએ ગ્રામ્ય આરોગ્ય સેવાઓના મહત્વ અંગે માર્ગદર્શન આપી આવી સેવાઓને સમયની જરૂરિયાત ગણાવી હતી.

કેમ્પમાં સ્ત્રી રોગ નિષ્ણાંત ડૉ. સાહિલ જેઠવા, આંખના નિષ્ણાંત ડૉ. ભૂમિકા વેલારી તેમજ જનરલ ફિઝિશિયન ડૉ. પ્રિયા ચંદારી દ્વારા દર્દીઓની તપાસ કરી જરૂરી માર્ગદર્શન અને સારવાર આપવામાં આવી હતી.

કેમ્પને સફળ બનાવવા માટે ડૉ. વિરેન્દ્રસિંહ જાડેજા, ડૉ. પ્રિયંકા ગોહિલ, ડૉ. રામસિંહ રાઠોડ (પ્રાઈવેટ પ્રેક્ટિશનર) તથા દીપ પંડ્યા (ફાર્માસિસ્ટ) એ ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દીપ પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું જ્યારે આભારવિધિ ઈન્ચાર્જ મેલ સુપરવાઈઝર સુલેમાન એ. પિંજારા દ્વારા કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં પીએચસીનો આરોગ્ય સ્ટાફ, આશાબહેનો, આશા એફ., MPHW, FHW, લેબ ટેકનિશિયન તથા રિઝર્વ નર્સ બહેનોએ હાજરી આપી કેમ્પને સફળ બનાવવા સહયોગ આપ્યો હતો.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.માં પીએચ.ડી. સંશોધન કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરતા નિર્મિતકુમાર મનુભાઈ રાઠોડ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૩, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢના ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ હેઠળ ડૉ. દિનેશકુમાર રામજીભાઈ ચાવડાના માર્ગદર્શન હેઠળ સંશોધકશ્રી નિર્મિતકુમાર મનુભાઈ રાઠોડ દ્વારા "A Study on Growth and Financial Performance of IRCTC Limited" વિષય પર તૈયાર કરવામાં આવેલ પીએચ.ડી. સંશોધન કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ સંશોધન કાર્યનાં વાઈવા માટે એક્સટર્નલ રેફ્રી તરીકે પ્રો. કૈલાશ ડામોર ઉપસ્થિત રહ્યા હતા અને તે જ દિવસે પીએચ.ડી નોટિફિકેશન અને પ્રોવિઝનલ ડિગ્રી કુલપતિ પ્રો.પ્રતાપસિંહજી ચૌહાણ ના હસ્તે એનાયત કરવામાં આવેલ સાથે જીવનમાં ઉન્નત પ્રગતિ કરો ખુબ આગળ વધો તેવી શુભકામના પાઠવામાં આવેલ હતી, આ સંશોધનનો મુખ્ય હેતુ ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન લિમિટેડ (IRCTC) ની વૃદ્ધિ, નાણાકીય કામગીરી અને ભારતની રેલવે વ્યવસ્થામાં તેના યોગદાનનું વિશ્લેષણ કરવાનો હતો. સંશોધનમાં ખાસ કરીને IRCTC અને ઈન્ડિયન રેલવેના પ્રી-લિસ્ટિંગ, પોસ્ટ-લિસ્ટિંગ તથા નાણાકીય પ્રદર્શનના વિવિધ પાસાઓનું ઊંડાણપૂર્વક અધ્યયન કરવામાં આવ્યું હતું. સંશોધન દરમિયાન IRCTC ના ચાર મુખ્ય વ્યવસાય ક્ષેત્રોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું, જેમાં કેટરિંગ સેવા, ઓનલાઈન ટિકિટ બુકિંગ સેવા, ટુરિઝમ સેવા અને રેલ નીર (Rail Neer) વોટર સેવાઓનો સમાવેશ થાય છે. આ તમામ સેવાઓ દ્વારા ભારતીય મુસાફરોને ઉપલબ્ધ થતી સુવિધાઓ, આવકમાં થતો વધારો તથા ગ્રાહક સંતોષના સ્તરોનું પણ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. સંશોધકે ઈન્ડિયન રેલવે તથા IRCTC ની નાણાકીય કામગીરીનું મૂલ્યાંકન કરવા માટે વિવિધ નાણાકીય ગુણોતરો (Financial Ratios) નો ઉપયોગ કરીને વિશ્લેષણાત્મક અભ્યાસ કર્યો હતો. તેમાં નફાકારકતા, પ્રવાહીતા, કાર્યક્ષમતા અને મૂડી માળખા સંબંધિત ગુણોતરોના આધારે કંપનીની કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. સંશોધન દરમિયાન પ્રાપ્ત થયેલ માહિતીના આધારે વિવિધ મહત્વપૂર્ણ ફાઈન્ડિંગ્સ પ્રાપ્ત થયા હતા અને તે અનુસાર વ્યવહારુ ભલામણો પણ રજૂ કરવામાં આવી હતી.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજિત માળીયાહાટીના ખાતે બાળકો માટે નિઃશુલ્ક યોગ કેમ્પનું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૩ માળીયાહાટીના ખાતે આવેલ સરકારી હાઈસ્કૂલ, તાલુકા પે. સેન્ટર, સ્ટેશન રોડ ખાતે આગામી તા.૧૬ મે થી ૩૧ મે દરમિયાન બાળકો માટે વિશેષ નિઃશુલ્ક યોગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ તકે "સ્વસ્થ શરીર...શાંત મન... સફળ જીવન..." ના ઉદ્દેશ્ય સાથે યોજાનાર આ કેમ્પમાં ૭ થી ૧૫ વર્ષ સુધીના તમામ બાળકો ભાગ લઈ શકશે. દરરોજ સવારે ૭ થી ૯ વાગ્યા સુધી યોજાનારા આ કેમ્પમાં યોગ અને પ્રાણાયામ સાથે મેડિટેશન, રમતો અને ગેમ્સ, સંસ્કાર અને શિસ્ત તેમજ આરોગ્ય સંબંધિત ઉપયોગી હેલ્થ ટિપ્સ આપવામાં આવશે. બાળકોના શારીરિક, માનસિક અને નૈતિક વિકાસને ધ્યાનમાં રાખીને કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પનું સંચાલન દક્ષાબેન ચાવડા સંપર્ક નં. ૯૯૦૪૨૭૫૪૪૫ કિરણબેન કારિયા સંપર્ક નં.૯૪૨૭૭૦૮૧૩૫ અને કૃપાબેન સાદરીયાસંપર્ક નં.૭૦૧૯૦૨૭૮૦૦ દ્વારા કરવામાં આવશે. આયોજકો દ્વારા વાલીઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ પોતાના બાળકોને આ નિઃશુલ્ક યોગ કેમ્પમાં જોડાઈ સ્વસ્થ અને સકારાત્મક જીવન તરફ પ્રેરિત કરે.

# નિરોણા આહીર સમાજનો સમૂહ લગ્નોત્સવ : અંધારી તેરસે 24 યુગલો બંધાશે વૈવાહિક બંધનમાં

જગદીશ દવે | દેશલપર (ગુંતલી) | નખત્રાણા-કચ્છ ના નિરોણા ગામે શ્રી નિરોણા આહીર સમાજ દ્વારા સતત પાંચમા વર્ષે સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે નિરોણા ગામમાં કુલ 24 યુગલો અને નખત્રાણા આહીર સમાજમાં કુલ 68 યુગલોના લગ્ન અંધારી તેરસના શુભ દિવસે સંપન્ન થશે. નિરોણામાં 17 જાન અને 8 માંડવાના આયોજન સાથે સમગ્ર ગામમાં લગ્નોત્સવનો માહોલ જામ્યો છે.સમાજમાં એકતા, સાદગી અને સામાજિક સમરસતાનો સંદેશ આપતા આ સમૂહ લગ્નોત્સવને લઈને સમાજમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. લગ્ન પ્રસંગે આવનાર મહેમાનો અને સમાજજનો માટે રસોડાની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.આ રસોડાનું આયોજન આહીર હીરજીભાઈ રવાભાઈની વાડી ખાતે રાખવામાં આવ્યું હોવાનું આયોજકો દ્વારા જણાવાયું છે. સાથે જ જમણવાર તેમજ દાંડીયારાસનું આયોજન પણ તેમની વાડી ખાતે રાખવામાં આવ્યું છે, જેને સમાજસેવાના ઉત્તમ ઉદાહરણરૂપ પગલા તરીકે જોવામાં આવી રહ્યું છે.

# કડોદરાથી ગાંજા સાથે એક ઝડપાયો, એક વોન્ટેડ



(એજન્સી) સુરત । તા. 13

સુરત જિલ્લા એસઓજીની ટીમ પેટ્રોલીંગમાં હતી. તે સમયે બાતમીના આધારે કડોદરા ગામની સીમમાં પલસાણાથી કડોદરા ચોકડી તરફ આવતા નેશનલ હાઈવે નંબર 48ના સર્વિસ રોડ પર ડાબી તરફ ખોડિયાર માતાના મંદિરની બાજુમાં આવેલ પતરાના શેડમાંથી મહેન્દ્રભાઈ બતહન ચૌપાલ (ઉ.વ.58, રહે ભગુનગર સોસાયટી, કડોદરા, મૂળ રહે મધુબની, બિહાર)ની ધરપકડ કરી હતી. તેની પાસેથી 163 ગ્રામ ગાંજાનો જથ્થો કિંમત રૂ. 8150, એક મોબાઈલ ફોન કિંમત રૂ. 10 હજાર અને અંગઝડતીના રોકડા રૂ. 1340 મળી કુલ 19490 રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે આ ગુનામાં માલ પૂરો પાડનાર એક અજાણ્યા ઈસમને વોન્ટેડ જહાર કર્યો હતો. પકડાયેલો આરોપી 6 મહિનાથી ગાંજાનું છૂટક વેચાણ કરતો હતો.

# બાબરકોટ પાસે રિઝર્વ ફોરેસ્ટની જમીન ઉદ્યોગને આપવા હિલચાલ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

દેશની શાન ગણાતા સાવજો માટે જંગલ બચાવવા અને સિંહ સંવર્ધન માટે કરોડો રૂપિયા રાજ્ય સરકાર ખર્ચ કરી રહી છે પરંતુ અમરેલી જિલ્લામાં દરિયાઈ કોસ્ટલ બેલ્ટ વિસ્તારમાં જંગલમાં સિંહોના બદલે ઉદ્યોગને પ્રાધાન્ય આપતા હોવાનો ગણગણાટ ચાલી રહ્યો છે. જાફરાબાદ તાલુકાના બાબરકોટ નજીક ખાનગી કંપની ઉધોગ માટે ધારી ગીર ડિવિઝન હેઠળ આવતા વનવિભાગ પાસેથી ખાનગી કંપનીને માઈનિંગ માટે ૭૫ હેકટર જમીન આપવા માટેની હિલચાલ ચાલતી હતી પરંતુ હવે ટુક સમયમાં માઈનિંગ માટે જમીન સોંપવા માટેની તૈયારી ચાલી રહી હોવાનો વન વિભાગના કર્મચારીઓમા ગણગણાટ ચાલી રહ્યો છે.

# સલીમભાઈ જીએજાએ કિરો ડુંગર વિસ્તારમાં પ્રકૃતિ અને પક્ષીઓના સંરક્ષણ માટે કરી અપીલ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

કચ્છની પ્રસિદ્ધ છારી ઢંઢ રામસર સાઈટ નજીક આવેલું કિરો ડુંગર છેલ્લા કેટલાક દિવસોથી ચર્ચાના કેન્દ્રમાં આવ્યું છે. કુદરતી સૌંદર્ય અને વૈવિધ્યસભર પક્ષીજીવન માટે ઓળખાતું આ સ્થળ દર વર્ષે મોટી સંખ્યામાં આવતા કુંજ પક્ષીઓના આરામસ્થાન તરીકે પ્રસિદ્ધ છે. જેના કારણે આ વિસ્તાર પ્રકૃતિપ્રેમીઓ, પક્ષી નિરીક્ષકો અને ફોટોગ્રાફરો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે.તાજેતરમાં સ્થાનિકોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે ડુંગરના ભાગોડે NTPC સાથે સંકળાયેલ સોલાર પ્રોજેક્ટ શરૂ થવાનો છે.

# પ્રધાનમંત્રીની ઈંધણ બચત અપીલ સામે મોટા મોટા નેતા ઓ દેશ હિત માં ત્યા ડાંગમાં સરકારી પાયલોટ વાહનનો ઉપયોગ સાથે ચર્ચામાં.

ડાંગ | દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા વૈશ્વિક પરિસ્થિતિ અને ઊર્જા સંકટને ધ્યાનમાં રાખી દેશવાસીઓને જરૂરી હોય તેટલો જ ઈંધણ અને ગેસનો ઉપયોગ કરવાની અપીલ કરવામાં આવી છે. દેશના ઉચ્ચ પદાધિકારીઓ પણ આ સંદેશને ગંભીરતાથી લઈ મિતવ્યયી વલણ અપનાવતા જોવા મળી રહ્યા છે.ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તેમજ કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ,આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયા દ્વારા પાયલોટ અને એસ્કોર્ટ વાહનોનો ત્યાગ કરી સામાન્ય રીતે પ્રવાસ કરવાની પહેલ દેશ સમક્ષ એક સકારાત્મક સંદેશરૂપ બની છે.

# પવિત્ર પૂરુસોતમ માસ નિમિતે જુનાગઢ મહાનગર પાલિકા દ્વારા શહેરી વિસ્તારમાં ચાલતી મટન માર્કેટ બંધ રાખવા આદેશ

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ તા.૧૩ પવિત્ર પૂરુસોતમ માસ નિમિતે જુનાગઢ શહેરમાં આવેલ નોનવેજ ની દુકાનો, મટન માર્કેટ, ફિશ માર્કેટ, મીટશોપ, પોલ્ટ્રીશોપ, ફિશશોપ, લારી ગલ્લાઓ આગામી તા.૧૮/૦૫/૨૦૨૬ સોમવાર તથા તા.૨૫/૦૫/૨૦૨૬ તથા તા.૨૬/૦૫/૨૦૨૬ મંગળવાર(અગિયારસ) તથા તા.૦૧/૦૬/૨૦૨૬ સોમવાર તથા તા.૦૮/૦૬/૨૦૨૬ સોમવાર તથા તા.૧૧/૦૬/૨૦૨૬ ગુરુવાર (અગિયારસ) તથા તા.૧૫/૦૬/૨૦૨૬ સોમવારના રોજ બંધ રાખવા માન.કમિશનર શ્રી દ્વારા ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ ૪૬(૧)(સી) હેઠળ સ્થાયી હુકમ કરવામાં આવેલ છે.

# બાલાસિનોરમાં કાછિયા પટેલ સમાજનો નોટબુક વિતરણ અને સન્માન કાર્યક્રમ.

જગદીશ ત્રિવેદી | મહીસાગર

બાલાસિનોરમાં કાછિયા પટેલ સમાજનો નોટબુક વિતરણ અને સન્માન કાર્યક્રમ. બાલાસિનોર:સમસ્ત શ્રી કાછિયા સમાજ પંચ બાલાસિનોર તેમજ બાલાસિનો કાછીયા પટેલ સમાજ ટ્રસ્ટ દ્વારા આયોજિત નોટબુક વિતરણ ,તેજસ્વી વિધાર્થીઓને ઈનામ વિતરણ અને સમાજના દાતાઓને વિશિષ્ટ પ્રતિભાઓનો સન્માન કાર્યક્રમ કાછિયા સમાજ પંચની વાડી બાલાસિનોરમાં યોજાયો હતો. બાલાસિનોર કેળવણી મંડળના ઉપપ્રમુખ સુધીરભાઈ ધારિયા( રંગુનવાળા) મુખ્ય અતિથિ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા તેઓએ રૂ.૭૫ હજારનું દાન વિદ્યા વિકાસ માટે આપ્યું હતું .રાકેશભાઈ કાછિયા, ઉપપ્રમુખ નીલકંઠભાઈ કાછિયા,મંત્રી કૌશિકભાઈ કાછિયા,તેમજ બાલાસિનોર કાછિયા પટેલ સમાજ ટ્રસ્ટના પ્રમુખ પનેશભાઈ કાછીયા અને ઉપપ્રમુખ કિરણભાઈ કાછિયા, મુખ્ય યજમાન જશવંત ભાઈ કાછિયા સહિત સહિત હોદ્દેદારો અને સમાજના અન્ય મહાનુભવોની ઉપસ્થિતિમાં વિદ્યાદાનના યજમાનોનું , સમાજની વિશિષ્ટ પ્રતિભાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

# ગઢશીશાના "હસમુખા ભૂદેવ" તરીકે જાણીતા બ્રહ્મ સમાજના વિદ્વાન ભૂદેવનું અવસાન થતાં શોક ફેલાયો

મહેશ એલ. સોની નખત્રાણા | સારસ્વત બ્રહ્મ સમાજ ના વિદ્વાન ભૂદેવ નું નિધન થતા સમગ્ર માંડવી તાલુકામાં દુઃખની લાગણી પ્રસરી ગયેલ છે. મૂળ હમલા મંજલ ના અને હાલ ગઢશિશા માં રહેતા વડીલ તરીકે સૌથી જુના કર્મકાંડી અને વિદ્વાન જ્યોતિષી શાસ્ત્રી મધુકાંત(મધુ મારાજ) લક્ષ્મીશંકર જોષી જેમની છાપ સમાજમાં હસમુખા ભૂદેવ તરીકે રહી તથા એમણે પોતાના જીવન માં કચ્છ જીલ્લા,બનાસકાંઠા, સૌરાષ્ટ્ર, વાપી, વલસાડ, મુંબઈ વગેરે વિસ્તારમાં અનેક ધાર્મિક કાર્યો અને યજ્ઞ કાર્યો થકી હિન્દૂ સનાતન સંસ્કૃતિ ની જ્યોત પ્રજ્વલિત રાખી.

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય મંત્રીશ્રી ભૂપેન્દ્ર યાદવની ઉપસ્થિતિમાં સાસણ ગીર ખાતે તા.૧૪મી મેએ ઈન્ટરનેશનલ બિગ કેટ એલાઈન્સ સમિટની પ્રિ - ઈવેન્ટ યોજાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૩ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી ભૂપેન્દ્ર યાદવની પ્રેરક ઉપસ્થિતિમાં સાસણગીર ખાતે તા.૧૪-૫-૨૦૨૬ ના રોજ ઈન્ટરનેશનલ બિગ કેટ એલાઈન્સ સમિટ - કર્ટેઈન રાઈઝર ઓન થીમ લાઈન યોજાશે. સાસણ ગીર ખાતે આયોજિત આ સમિટમાં નિષ્ણાતો દ્વારા બિલાડી કુળના વન્ય પ્રાણીઓના સંરક્ષણ તેમજ ખાસ ગિરના એશિયાટિક સિંહોના સંરક્ષણમાં જે સફળતા મળી છે, તેની સાફલ્ય ગાથા પ્રેઝન્ટેશનના માધ્યમથી રજૂ કરવામાં આવશે. આ સમિટનો સાસણ સિંહ સદન ખાતે સવારે ૯ કલાકે પ્રારંભ થશે, જેમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી ભૂપેન્દ્ર યાદવ પણ સંબોધન કરશે. ઉપરાંત રાજ્યના વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, રાજ્યમંત્રીશ્રી પ્રવીણભાઈ માળી સહિતના મહાનુભાવો અને વન વિભાગ ના ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે.

# પ્રધાનમંત્રીશ્રીની ઈંધણ બચત અપીલને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ પ્રો.પ્રતાપસિંહજી ચૌહાણનો સકારાત્મક પ્રતિસાદ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૧૩ દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પેટ્રોલ અને ડીઝલના વધતા વપરાશને નિયંત્રિત કરવા તેમજ ઊર્જા સંરક્ષણ માટે કરવામાં આવેલી અપીલને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ પ્રો.પ્રતાપસિંહજી ચૌહાણે હાર્દિક સમર્થન આપ્યું છે. કુલપતિશ્રી એ જણાવ્યું હતું કે આજના સમયમાં ઊર્જા સંરક્ષણ માત્ર આર્થિક જરૂરિયાત નહીં પરંતુ રાષ્ટ્રીય જવાબદારી બની ગયું છે. પ્રધાનમંત્રીશ્રીની અપીલ દરેક નાગરિક માટે પ્રેરણારૂપ છે. યુવાનો, શિક્ષકો અને સમાજના દરેક વર્ગે ઈંધણ બચત માટે સંકલ્પબદ્ધ થવું જોઈએ. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી પર્યાવરણ જાગૃતિ અને ઊર્જા સંરક્ષણ માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરશે. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને સ્ટાફને જાહેર પરિવહન, કારપૂલિંગ, સાયકલનો ઉપયોગ તથા ઊર્જા બચત અંગે પ્રેરિત કરવામાં આવશે. સાથે જ "ગ્રીન કેમ્પસ" અભિયાનને વધુ મજબૂત બનાવવામાં આવશે સાથે સાથે યુનિ.ની સઘળી મીટીંગો, વિષય તજજ્ઞોનાં અભ્યાસકીય મુલાકાતો ઓનલાઇન મોડથી યોજાશે જેનાથી પરિવહન ખર્ચ અને ઈંધણની બચત થશે. કુલપતિશ્રીએ દેશના યુવાનોને સંદેશ આપતા જણાવ્યું કે "નાની નાની બચતથી મોટો પરિવર્તન શક્ય બને છે.

# કેશોદના જાગૃત નાગરિકની પર્યાવરણ બચાવવા અનોખી પહેલ, વૃક્ષ છેદન દંડમાં વધારો કરવા મુખ્યમંત્રીશ્રીને રજૂઆત

નરેન્દ્ર દવે જૂનાગઢ

કેશોદના જાગૃત નાગરિક શ્રી ગોરધનભાઈ જમનાદાસ વાછાણી દ્વારા પર્યાવરણ સંરક્ષણને ધ્યાનમાં રાખી સૌરાષ્ટ્ર વૃક્ષ છેદન અધિનિયમ-1951 હેઠળ વૃક્ષો કાપવા બદલ વસૂલાત થતા મામુલી દંડમાં વધારો કરવા રાજ્ય સરકાર સમક્ષ મહત્વપૂર્ણ રજૂઆત કરવામાં આવી છે. શ્રી વાછાણી એ તા. 31-12-2025ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ અરજી ક્રમાંક LF/2025/5507 તથા VMS ID: 5117 મારફતે રૂબરૂ રજૂઆત કરી હતી. રજૂઆતમાં તેમણે જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં પર્યાવરણનું સંતુલન જાળવવું અત્યંત આવશ્યક બન્યું છે, પરંતુ વૃક્ષ કાપવા બદલનો દંડ ખૂબ ઓછો હોવાથી લોકો બેફામ રીતે વૃક્ષોનું છેદન કરી રહ્યા છે.આ રજૂઆતના અનુસંધાને તેઓ તા. 11-05-2026 ના રોજ ગાંધીનગર ખાતે વન અને પર્યાવરણ વિભાગ, નવા સચિવાલયની સંકલન શાખાના સેકશન અધિકારીશ્રીને મળ્યા હતા અને આગળની કાર્યવાહી અંગે ચર્ચા કરી હતી. શ્રી વાછાણીએ દંડની રકમમાં તાત્કાલિક નોંધપાત્ર વધારો કરવાની માંગણી કરી હતી જેથી લોકોમાં વૃક્ષ સંરક્ષણ પ્રત્યે જાગૃતિ વધે અને અનાવશ્યક વૃક્ષ છેદન પર નિયંત્રણ આવી શકે. વન વિભાગ દ્વારા તેમની અરજી સ્વીકારી લેવામાં આવી હોવાનું તેમજ સંકલન શાખા દ્વારા તમામ સંદર્ભોની સમીક્ષા કરી યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી હતી. સાથે જ અરજદારને દરેક પ્રગતિની જાણ કરવામાં આવશે તેમ પણ જણાવાયું હતું.

# લીમખેડા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે 'આંતરરાષ્ટ્રીય નર્સિંગ ડે' ની ભવ્ય ઉજવણી

દિપક રાવલ દાહોદ લીમખેડા

માનવતાની સેવા અને દર્દીઓની માવજતમાં પાયાની ભૂમિકા ભજવતા નર્સિંગ સ્ટાફના સન્માનમાં લીમખેડા સામુહિક આરોગ્ય કેન્દ્ર (CHC) ખાતે 'આંતરરાષ્ટ્રીય નર્સિંગ ડે' ની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં તાલુકા આરોગ્ય અધિકારી ડો. સી.એમ. મછાર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને નર્સિંગ સેવાની મહત્વતા પર ભાર મૂક્યો હતો.સામુહિક આરોગ્ય કેન્દ્ર લીમખેડા ખાતે સ્ટાફ અને વિદ્યાર્થીઓના સહયોગથી એક પ્રભાવશાળી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.નવસર્જન નર્સિંગ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા નર્સિંગ ડેના ઈતિહાસ અને સ્વાસ્થ્ય ક્ષેત્રે નર્સોના અમૂલ્ય ફાળા વિશે સચોટ માહિતી પૂરી પાડવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા વિવિધ કલ્ચરલ એક્ટિવિટીઝ રજૂ કરવામાં આવી હતી, જેણે વાતાવરણમાં ઉત્સાહ ભરી દીધો હતો.

ડો. મછારે નર્સિંગ સ્ટાફની નિષ્ઠા અને સેવાભાવની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે આરોગ્ય તંત્રની કરોડરજ્જુ સમાન નર્સોની ભૂમિકા અત્યંત વંદનીય છે.

# કાળઝાળ ગરમીની ચાણસ્મા સહિત પંથકમાં જનજીવન પર સીધી અસર વર્તાઈ

નિતીન ઠાકર ચાણસ્મા



જેમ જેમ ઉનાળાની સિઝન આગળ વધી રહી છે તેમ તેમ આકાશ માંથી અગનગોળા વરસાવતી ગરમીએ જોર પકડ્યું છે ત્યારે હાલમાં પડી રહેલી આકરી ગરમીની સીધી અસર ચાણસ્મા સહિત પંથકના જનજીવન પર સીધી અસર વર્તાઈ રહી છે ચાણસ્મા નગર ના બજારો માં દુકાનો બંધ કરી બપોરે 1 વાગ્યાથી સાંજે 4 વાગ્યા સુધી વેપારીઓ ઘરે જઈ ગરમીથી બચવા આરામ કરવા જતા રહેતાં હોવાથી. ચાણસ્મા નગરમાં જાણે કરફ્યું હોય તેવી સ્થિતી સર્જાય છે અંગારા વરસાવતી ગરમીથી ઠંડક મેળવવા લોકો ઠંડા પીણા નું સેવન કરતા હોય છે તો શહેરજનો ગરમીથી બચવા બપોરના સમયે કુલર એસી કે પંખા ના સહારે ઠંડક મેળવી આરામ ફરમાવતા હોય છે છેલ્લા 3 દિવસથી ગરમીમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો ત્યારે ચાણસ્મા નગરમાં કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા. મીનરલ ઠંડા પાણીના જગ જાહેર જગ્યાએ મૂકી જલ સેવાનું સરાહનીય કાર્ય કરાઈ રહ્યું છે.

# MoEFCC દેશભરમાં પાંચ વિષયો આધારિત કાર્યક્રમોનું આયોજન કરશે, જે ભારતમાં જોવા મળતી બિગ કેટ (Big Cat) પ્રજાતિઓને સમર્પિત હશે

અમદાવાદ | કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (MoEFCC), બિગ કેટ સંરક્ષણમાં ભારતના નેતૃત્વને રેખાંકિત કરવા અને ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ (IBCA) ના ઉદ્દેશ્યોને પ્રોત્સાહન આપવા માટે દેશભરમાં વિષયો આધારિત શ્રેણીબદ્ધ કાર્યક્રમોનું આયોજન કરશે.આ કાર્યક્રમો ભારતની પાંચ જંગલી બિગ કેટ પ્રજાતિઓ – Tiger (વાઘ), Asiatic Lion (એશિયાટિક સિંહ), Leopard (દીપડો), Snow Leopard (સ્નો લેપર્ડ) અને Cheetah (ચિત્તો) પર ધ્યાન કેન્દ્રિત કરશે અને ભારત સરકાર તથા રાજ્ય સરકારો દ્વારા કરવામાં આવેલી સંરક્ષણ સિદ્ધિઓ, પડકારો અને સહયોગાત્મક કાર્યોને પ્રદર્શિત કરશે.

વિષયો આધારિત કાર્યક્રમો નીચેના સ્થળોએ આયોજિત કરવામાં આવશે:

એશિયાઈ સિંહ સંરક્ષણ કાર્યક્રમ - ગીર, ગુજરાત

ચિત્તા સંરક્ષણ કાર્યક્રમ - ભોપાલ, મધ્યપ્રદેશ

દીપડા સંરક્ષણ અને આંતરરાષ્ટ્રીય જૈવિક વિવિધતા દિવસ કાર્યક્રમ - ભુવનેશ્વર, ઓડિશા

સ્નો લેપર્ડ સંરક્ષણ કાર્યક્રમ - ગંગટોક, સિક્કિમ

વાઘ સંરક્ષણ કાર્યક્રમ - ચંદ્રપુર, મહારાષ્ટ્ર

આ પ્રી-સમિટ કાર્યક્રમો જાગૃતિ લાવવા, હિતધારકોની સામેલગીરી મજબૂત કરવા અને ભારત સરકારની મુખ્ય પહેલો હેઠળ ભારતની સંરક્ષણ સફળતાની વાર્તાઓ પર પ્રકાશ પાડવા માટે તૈયાર કરવામાં આવ્યા છે.

# નખત્રાણા નગરે 15 દિવસથી પાણી વિના પરેશાન લોકોને ડાયાલાલભાઈ સેંઘાણીએ અપાવી રાહત

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)



નખત્રાણા શહેરના પારસ નગર અને સાઈ રેસીડેન્સી વિસ્તારમાં છેલ્લા લગભગ 15 દિવસથી પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ હતી. કાળઝાળ ગરમી વચ્ચે લોકો પાણી માટે ભારે પરેશાન બની રહ્યા હતા. અનેક વખત સ્થાનિકોએ રજૂઆતો કરી હતી તેમજ અખબારોમાં પણ સમસ્યાને લઈને અહેવાલો પ્રસિદ્ધ થયા હતા.

આ દરમિયાન નખત્રાણા નગરપાલિકાના વોર્ડ નંબર-4ના મહિલા સભ્ય દમયંતીબેન સેંઘાણીના પ્રતિનિધિ ડાયાલાલભાઈ સેંઘાણીએ સમસ્યાને ગંભીરતાથી લઈ તાત્કાલિક કામગીરી હાથ ધરી હતી. નગરપાલિકાના કર્મચારીઓ સાથે સતત સંકલન કરી પાણી વિતરણની ખામી દૂર કરાવતા આખરે બંને વિસ્તારોમાં પાણી પુરવઠો ફરી શરૂ થયો હતો.

પૂર્વ સરપંચ તરીકે સેવા આપી ચૂકેલા ડાયાલાલભાઈ સેંઘાણીએ હજુ સત્તાવાર પદગ્રહણ પણ કર્યું નથી, છતાં "પ્રજાની સમસ્યા એ જ પોતાની જવાબદારી" એવા ભાવ સાથે લોકો વચ્ચે રહી સતત પ્રયત્નશીલ રહ્યા હતા. પોતાના વોર્ડ સિવાયના વિસ્તારમાં પણ પાણી જેવી મૂળભૂત સમસ્યાના નિરાકરણ માટે કરેલી કામગીરી હાલ શહેરમાં ચર્ચાનો વિષય બની છે.

પાણી પુરવઠો નિયમિત થતાં પારસ નગર અને સાઈ રેસીડેન્સીના રહેવાસીઓએ ડાયાલાલભાઈ સેંઘાણી તથા નગરપાલિકાની ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સામાજિક સંસ્થાઓની અનોખી પહેલ : નખત્રાણામાં સતત બીજા વર્ષે છાસ સેવા શરૂ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી) | નખત્રાણા ખાતે માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા શ્રી સાંઈ જલારામ સેવા સમિતિ અને શ્રી નખત્રાણા તાલુકા રઘુવંશી સોશિયલ ગ્રુપ દ્વારા નખત્રાણા એસ.ટી. બસ સ્ટેશન ખાતે સતત બીજા વર્ષે નિઃશુલ્ક છાસ સેવા શરૂ કરવામાં આવી છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં એસ.ટી.માં મુસાફરી કરતા મુસાફરો તેમજ સ્થાનિક નાગરિકોને રાહત મળે તે હેતુથી આ સેવાકીય કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.નખત્રાણા એસ.ટી. બસ સ્ટેન્ડની અંદર શરૂ કરાયેલું આ છાસ કેન્દ્ર દરરોજ સવારે 11 વાગ્યાથી બપોરે 1 વાગ્યા સુધી કાર્યરત રહેશે અને સમગ્ર ઉનાળાની ઋતુ દરમિયાન ચાલુ રાખવામાં આવશે. એસ.ટી. ડેપોના સહયોગથી ચાલી રહેલી આ સેવા હવે બીજા વર્ષે પણ યથાવત રાખવામાં આવતા લોકોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે.છાસ કેન્દ્રમાં જીરા અને મસાલાથી ભરપૂર ઠંડુ તથા તાજું છાસ પીરસવામાં આવી રહ્યું છે, જે ગરમીમાં મુસાફરો અને રાહદારીઓને ખાસ રાહત આપી રહ્યું છે. દરરોજ મોટી સંખ્યામાં લોકો આ સેવાનો લાભ લઈ રહ્યા છે.આ સેવાકીય પ્રયાસને સફળ બનાવવા દાતાઓનો પણ સતત સહયોગ મળી રહ્યો છે.

# ઝિલિયાના .એસ આર પી જવાને ગૌમાતા ને 500 લીલીસૂકી ચાર નીરણ કરી દેશસેવા સાથે ગૌ સેવા કરી

નિતીન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના ઝિલિયા ગામના એક સુરક્ષા જવાને સેવાકીય પ્રવૃતિના હેતુથી અલગ અલગ ત્રણ ટ્રેક્ટર મારફતે લીલા ઘાસચારાનું વિતરણ કર્યું હતું અને વિવિધ જગ્યાએ પહોંચી અને મુંગા પશુઓને ખવડાવીને ધન્યતા અનુભવી હતી.

હાલમાં ઉનાળાની ધગધગતી ગરમી વચ્ચે લીલા ઘાસચારાની અછત સર્જાવવા પામી છે. જેને લઈને મૂંગા પશુઓ પણ લીલા ઘાસચારાની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. એવામાં ચાણસ્મા તાલુકાના ઝિલીયા ગામના એસ.આર.પી.એફ માં ફરજ બજાવતા શૈલેષજી અમથાજી ઠાકોરે તેમના પરિવાર સાથે અલગ અલગ ત્રણ જેટલા ટ્રેક્ટરોમાં 500 મણ જેટલું લીલું ઘાસ ભરી અને ચાણસ્મા પાંજરાપોળ સહિત વડાવળી પાંજરાપોળ અને રણાસણ ગામની અંદર ગૌમાતાઓને લીલું ઘાસ ખવડાવી સેવાકીય પ્રવૃત્તિ કરી હતી તેમણે જણાવ્યું હતું કે ઉનાળાની ઋતુમાં લીલા ઘાસની તંગી વચ્ચે આજે ગૌમાતાઓને લીલું ઘાસ ખવડાવી અને આનંદની લાગણી અનુભવી રહ્યો છું.

# ભાવનગર મંડળના સતર્ક લોકો પાઈલટે 6 સિંહોના ઝુંડને ટ્રેનની અડફેટમાં આવતાં બચાવ્યા

પશ્ચિમ રેલવેના ભાવનગર રેલવે મંડળ દ્વારા એશિયાટિક સિંહો તેમજ અન્ય વન્યજીવો ની સુરક્ષા માટે સતત અસરકારક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મંડળ પ્રશાસનના માર્ગદર્શન હેઠળ લોકો પાઈલટો નિર્ધારિત ગતિમર્યાદાનું પાલન કરતાં અત્યંત સતર્કતા સાથે ટ્રેનોનું સંચાલન કરી રહ્યા છે. લોકો પાઈલટોની જાગૃતિ તથા વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકરો સાથેના સંકલિત પ્રયાસોના પરિણામે નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન કુલ 159, નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન 129 અને વર્તમાન નાણાકીય વર્ષ 2026-27માં એપ્રિલ મહિનાથી અત્યાર સુધીમાં 11 સિંહોને સુરક્ષિત રીતે બચાવવામાં આવ્યા છે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતા જણાવ્યું કે તા.12 મે 2026 (મંગળવાર) ના રોજ લોકો પાઈલટશ્રી રમેશ પી. (મુખ્યાલય-જૂનાગઢ) તથા સહાયક લોકો પાઈલટશ્રી ચિંતન કુમાર (મુખ્યાલય- જૂનાગઢ) ટ્રેન નંબર 52946 જૂનાગઢ- વેરાવળ પેસેન્જરનું સંચાલન કરી રહ્યા હતા. આ દરમિયાન જૂનાગઢ- વિસાવદર રેલખંડ માં કિલોમીટર નંબર 05/01 નજીક રેલવે ટ્રેક પર અચાનક 6 સિંહોનું એક ઝુંડ પાટા પાર કરતું જોવા મળ્યું. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને લોકો પાઈલટે તાત્કાલિક સૂઝબૂઝ અને સતર્કતાનું ઉત્તમ ઉદાહરણ આપતાં ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેનને સુરક્ષિત રીતે અટકાવી દીધી, જેના કારણે તમામ સિંહો સંભવિત અકસ્માતથી બચી ગયા.ત્યારબાદ લોકો પાઈલટ દ્વારા ટ્રેન મેનેજર (ગાર્ડ) શ્રી લલન કુમાર (મુખ્યાલય- જૂનાગઢ)ને તરત જ જાણ કરવામાં આવી. વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકર સ્થળ પર પહોંચી તમામ સિંહોને સુરક્ષિત રીતે રેલવે ટ્રેક પરથી દૂર કર્યા. પરિસ્થિતિ સામાન્ય બન્યા બાદ લોકો પાઈલટને ટ્રેન ફરી શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી.

# વન અને પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા ઈન્ટરનેશનલ બીગ કેટ એલાયન્સ સમિટના પ્રિ-ઈવેન્ટમાં સહભાગી થશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૧૩. ગુજરાત સરકારના વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગના માનનીય મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા તા. ૧૪ મે, ૨૦૨૬ દરમિયાન સાસણ ખાતે યોજાનાર ઈન્ટરનેશનલ બીગ કેટ એલાયન્સ સમિટના પ્રિ-ઈવેન્ટ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. મંત્રીશ્રી નું તા.૧૪/૦૫/૨૦૨૬ ગુરુવારના રોજ સવારે ૦૫:૪૫ કલાકે વેરાવળ રેલ્વે સ્ટેશન ખાતે આગમન થશે. મંત્રીશ્રી સવારે ૦૭:૦૦ કલાકે સાસણ ગીર ખાતે પહોંચશે.

સાસણ ખાતે સવારે ૯ કલાકે યોજાનાર ઈન્ટરનેશનલ બિગ કેટ એલાઈન્સ સમિટના પ્રીઈવેન્ટ કાર્યક્રમમાં સહભાગી બનશે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ બપોરે ૧૪:૦૦ કલાકે મંત્રીશ્રી સાસણ ગીરથી કેશોદ એરપોર્ટ જવા રવાના થશે.

# વન અને પર્યાવરણ ક્લાઈમેટ ચેન્જ રાજ્ય કક્ષા મંત્રીશ્રી પ્રવીણભાઈ માળી સાસણ ખાતે કાર્યક્રમમાં સહભાગી બનશે

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ તા.૧૩ રાજ્ય કક્ષાના વન અને પર્યાવરણ ક્લાઈમેટ ચેન્જ અને વાહન વ્યવહાર મંત્રીશ્રી પ્રવીણભાઈ માળી તારીખ ૧૪ મે ગુરુવારના રોજ સવારે ૧૧ વાગ્યે સાસણગીર ખાતે યોજાનાર ઈન્ટરનેશનલ બીગ કેટ એલાયન્સ સમિટ (IBCA - ૨૦૨૬) પ્રિ-ઈવેન્ટમાં સહભાગી થશે.કાર્યક્રમ પૂર્ણ થએ ગાંધીનગર જવા રવાના થશે.

# ડેપો પરીષર થી લઈ એસ ટી ના વાહનો સ્વચ્છતા સાથે વહીવટી પારદર્શકતા માં ચાણસ્મા ડેપો સર્વોચ્ચ સ્થાને

નિતીન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા ડેપો ખાતે ડેપો મેનેજર તરીકે મહિલા અધિકારી હોવા છતાં ડ્રાયવર-કંડક્ટર મિકેનીકલ વિભાગ વહીવટી કર્મચારીઓ સહિત સફાઇ કામદારો સાથે સંકલન રાખી ડેપોના વહીવટી તેમજ ડેપોના પરીસર સહિત એસટી બસો ની સફાઈ કામગીરીમાં સુંદર કામગીરી કરી રહ્યા છે ત્યારે બે દિવસ પહેલાં ચાણસ્મા ડેપો ખાતે થી 30થી વધારે એસ ટી બસો પીએમ મોદીના કાર્યક્રમમાં મોકલાઇ હતી બીજી બાજુ ઓછો સ્ટાફ મર્યાદિત વાહનો લગ્નગાળા ની સિઝન માં મુસાફરો નો વધારો છતાં પણ મહિલા ડેપો મેનેજર દ્વારા અન્ય ડેપોને પ્રેરણાદાયી વહીવટી સંકલન કરી લોકલ અને એક્ષપ્રેસ સંચાલન જળવાઈ રહે તેવા વહીવટ થકી મુસાફરો દ્વારા એસટી વિભાગને એક પણ ફરીયાદ ન આવે તેવી સફળ કામગીરી કરી છે ચાણસ્મા ડેપોમાં પીવાના પાણી ના ટ્યુબવેલની વ્યવસ્થા ન હતી મુસાફરો માટે ઠંડા પાણી નું કુલર બંધ હતું જે ડેપો મેનેજર દ્વારા કાર્યરત કરાવી સફળ વહીવટી કામગીરીનું ઉત્તમ ઉદાહરણ પુરુ પડાઈ રહ્યું છે.

# ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર પેટ્રોલ-ડીઝલ ભરેલા ટેન્કરમાં આગ ભભુકી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર રાજુલા નજીક છતડીયા અને ભેરાઈ ગામ વચ્ચે પેટ્રોલ અને ડીઝલ ભરેલા ટેન્કરમાં અચાનક આગ લાગવાની ઘટના બનતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. આગની ઘટનાના પગલે હાઈવે પર વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો હતો અને લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો.મળતી માહિતી મુજબ ટેન્કર પીપાવાવથી બગસરા અને વડીયા તરફ જઈ રહ્યું હતું. ટેન્કરમાં આશરે ૧૯, હજાર લીટર ડીઝલ અને ૫, હજાર લીટર પેટ્રોલ ભરેલું હતું. આ માલ બગસરા અને વડીયાના બે પેટ્રોલ પંપ માલિકોનો હોવાનું જાણવા મળ્યું છે.ટેન્કરમાં અચાનક આગ ભભૂકી ઉઠતા રાજુલા ફાયર બ્રિગેડ, ૧૧૨ ઈમરજન્સી ટીમ તેમજ રાજુલા અને પીપાવાવ મરીન પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

# જૂનાગઢ જિલ્લામાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૧૫ દિવસીય નિઃશુલ્ક યોગા સમર કેમ્પનું ભવ્ય આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ,તા.૧૩. જૂનાગઢ જિલ્લામાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૧૫ દિવસીય નિઃશુલ્ક યોગા સમર કેમ્પનું ભવ્ય આયોજન ચેરમેનશ્રી શિશપાલજીના માર્ગદર્શન હેઠળ તારીખ ૧૬ મે ૨૦૨૬ થી ૩૦ મે ૨૦૨૬ દરમિયાન જૂનાગઢ જિલ્લામાં ૧૫ દિવસીય નિઃશુલ્ક યોગા સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ યોગ સમર કેમ્પ જૂનાગઢ ગ્રામ્ય-2 વિસ્તારમાં માળિયા હાટીના, મેંદરડા અને બાટવા મુકામે તેમજ જૂનાગઢ મનપા વિસ્તારમાં પાંચ સ્થળોએ, કેશોદ, વડાલ, વિસાવદર અને ગ્રામ્ય-1 વિસ્તારમાં યોજાનાર છે.

# સિંહના આવાસમાં માઈનિંગનો ખેલ: પ્રકૃતિ પ્રેમી મયંક ભટ્ટએ સરકાર અને વન વિભાગ સામે ઉઠાવ્યા સવાલ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ | ધારી ગીર પૂર્વ વન વિભાગ હેઠળ આવતા રાજુલાના બાબરકોટ વિસ્તારમાં સિંહોના કુદરતી આવાસમાં એક ખાનગી કંપનીને માઈનિંગ માટે ૭૫ હેક્ટર કિંમતી જમીન સોંપવાની હિલચાલ તેજ બની છે. આ મુદ્દે "સેવ લાયન"ના સ્થાપક અને જાણીતા પ્રકૃતિ પ્રેમી મયંક ભટ્ટે ગંભીર ચિંતા વ્યક્ત કરી સરકાર અને વન વિભાગની નીતિઓ પર આકરા પ્રહારો કર્યા છે. મયંક ભટ્ટે જણાવ્યું કે, વન વિભાગના જ અગાઉના અહેવાલો મુજબ આ વિસ્તારમાં ૪૦થી વધુ સિંહો નો વસવાટ હતો, જે હાલમાં વધીને ૫૧ જેટલો થયો છે. તેમ છતાં, વન વિભાગ હવે અહીં કોઈ કોરિડોર ન હોવાનું જણાવી રહ્યો છે, જે અત્યંત આઘાતજનક છે.

# સિંહની પજવણી કરનારા બે શખ્સો ઝડપાયા, કોર્ટે મંજૂર કર્યા બે દિવસના રિમાન્ડ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગીરના રાજા સિંહોની પજવણીના વાયરલ વીડિયો મામલે વન વિભાગે આકરી કાર્યવાહી કરી છે. પાંચ દિવસ પહેલા સોશિયલ મીડિયામાં એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં કેટલાક શખ્સો સિંહો પાછળ બેફામ રીતે વાહન દોડાવી તેમની પજવણી કરી રહ્યા હતા. આ વીડિયોમાં સિંહોની હાલત શ્વાન જેવી કરી દેનારા પજવણીખોરો સામે વન્યપ્રેમીઓમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.આ મામલે તપાસનો ધમધમાટ તેજ કરી વન વિભાગે ખાંભાના નાની ધારી ગામના બે યુવાનો, શિવરાજ માંજરીયા અને રણજીત વાળાને ઝડપી પાડ્યા છે. વન વિભાગ દ્વારા આ બંને શખ્સો સામે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પકડાયેલા આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવતા નામદાર કોર્ટે આરોપીઓના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. સિંહોની સુરક્ષાને લઈને વન વિભાગની આ કડક કાર્યવાહીથી પજવણી ખોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. તા.૦૬/૦૫/૨૦૨૬ ના સોશીયલ મીડીયા ઈન્સટાગ્રામ આઇ.ડી. 'રણજીતભાઈ વાળા નાનીધારી' મારફતે વન્યપ્રાણી સિંહ (વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ અંતર્ગત શેડયુઅલ-૧) ની પાછળ વાહન દોડાવી ગંભીર પજવણી કરતા હોય તેવો વિડીયો વાયરલ થયેલ.

# સંત ને ઋતુઓ નડતી નથી ને ભૂખ તરસ લાગતી નથી



ઉનાળા ના તિખારા

- રુપાલી દવે

દોસ્તો,એક સંત ચાલતા ચાલતા જતા હતા ઉનાળા નો અસહ્ય તડકો હતો આકાશ માંથી આગ વરસતી ગઈ છતાંય સંત ખુલ્લા પગે એની ધૂન માં ચાલતા હતા.સંત ને ઋતુઓ નડતી નથી ને ભૂખ તરસ લાગતી નથી એતો મુખમાં હરી સ્મરણ કરતા કરતા ગરમ ડામોર ના રોડ પર ચાલ્યા જતા હતા. ઋતુમાં કાપી નાખતા હોઈએ વિઝ છે. સંત એ જોયું કે રસ્તા ની સાઈડ માં તડકા ના પ્રકોપ ના લીધે એક માણસ બેભાન થઈ ને પડ્યો છે. સંતે એની ઝોળી માંથી પાણી ની બોટલ કાઢીને એમાંથી થોડું પાણી લઈને માણસ પર છંટકાવ કર્યો. બેભાન માણસ પાણી ના અચાનક માર થી સફાળો જાગ્યો ને સામે સંત ને નિહાળતા જ પગે પડીને રડવા લાગ્યો..સંત માણસ ને લઈને નજીક ખતેર માં આવેલ ઘેઘૂર પીપળા ના ઝાડ ના ઓટલે બેસાડી ગ્લાસ માં પાણી આપતા કહ્યું કે નિરાંતે પાણી પી ને કહે કે કેમ આમ લઘરવઘર હાઈવે પર ચાલતો હતો?

દોસ્તો,માણસ એ પાણી પીધું ને સ્વસ્થ થતાં સંત સામે નજર કરીને ધન્યતા અનુભવતા કહ્યું કે પ્રભુ,આપે મારો જીવ બચાવ્યો એ માટે ધન્યવાદ પરંતુ મને જીવવામાં રસ નહતો મરવું હતું.આપે સન્યાસ માર્ગનો આશ્રય લીધો એ જ આપના જીવનનો ઉતમ નિર્ણય છે.સંસારીઓ નું સુખ એ મૃગજળ સમાન સમજો,લોટસ ઓફ દુ:ખ માં ક્ષણિક સુખ નો પુરેપુરો ઓડકાર પણ ખાધો ના હોય ત્યાં દુ:ખ દરવાજે દસ્તક અચૂક આપે છે.એમાં પણ ઘરની પત્નીનું ગણિત મતલબ સાપસીડી ની રમત જેવું જેટલા કમાઈ ને આપો એટલા એ ખર્ચ ના હિસાબે નોંધે ને પતિ ના ખીચા ખર્ચી પાછળ પડી જાય. મારું હાળું સમજાતું નથી કે પતિ ના ખર્ચ માં પત્નીઓ ને શું રસ પડતો હશે? લગન એટલે મેથી ના લાડવા બહાર થી ગળ્યા ને અંદર થી કડવા..

દોસ્તો,સંત સમજી ગયા માણસ પત્ની પીડિત છે એટલે ધીમે થી મંદ મંદ સ્મિત કરતા પૂછ્યું કે સંસારિક જીવનમાં બધું સુખરૂપ બાળકો પત્નીઓ,નોકરી ધંધા વગેરે બધા મજામાં. સંત ની વાત સાંભળતા જ માણસ એ કંટાળી ને આકાશ તરફ નજર કરી ને લાંબુ બગાસું ખાતાં એને યાદ આવ્યું કે એલા!!પત્ની એ સમાન નું લાંબુ લીસ્ટ પકડાવ્યું એટલે તો ઘેરથી નીકળવાનો નિર્ણય કર્યો છે. સંત ની સાથે વાત કરતા કરતા માણસ ને દીકરીની બોર્ડ ની પરીક્ષા યાદ આવતા એ લમણે હાથ મૂકી ને બોલ્યો કે બાપરે!!બાપ,પત્ની સાથે નાનકડી રકઝક માં ઘર છોડ્યું ત્યારે વિચાર્યું પણ નહતું . કેટલો પાગલ છું દીકરી ની બેત્રણ દિવસ બાદ બોર્ડની પરીક્ષાઓ શરુ થવાની છે . એ પણ ભૂલી ગયો કે સાથે સાથે બા બાપુજી ગામડે થી આવવાના છે એ બોલવાગયા હશે તો.. ઓહ!!બાપુજી તો ઘાણી એ પીલી તેલ કાઢી નાખશે, એને પણ કળયુગ ની હવા વધારે લાગી ગઈ છે.પુત્રવધૂ ના હાથની ગરમા ગરમ સ્વાદિષ્ટ રસોઈ નો ટેસ્ટ જીભે લાગ્યો છે ત્યાર થી એ ભૂલી ગયા છે કે એ દીકરાના પિતા છે વહુ ના તો સસરા છે. આમ વિચારી માણસ ફટાફટ ઓટલે થી ઉતરી ને સંત ને પ્રણામ કરીને ઘર ભણી ચાલવા લાગ્યો.

આમ તો લગ્ન ના લાડુ ભાવે કે ના ભાવે છતાંય ગળ્યા ને સ્વાદિષ્ટ જ લાગે છે.. કેમ? અલ્યા!!પરિવાર સાથે જીવતા માણસને પોતે વસાવેલ માળા ની આદત હોય છે.બકા,નોકરી ધંધાથી ઘરે આવતા પત્ની ઓનો તાજગીભર્યો ચમકતો હસતો ચહેરો નજરે પડતાં જ પતિ ઓનો દિવસભરનો થાક ઉતરી જતો હોય છે....એટલું સમજ સંસારી ની તાકત પત્નીઓની મુઠ્ઠીમાં. મતલબ પત્ની ખુશ તો બધું ખુશ ખુશાલ

આજ રવિવાર ને ઉપર થી રજા એટલે મજા હિ મજા. ના બાપુ!!માર્ચ મહિનો એટલે પરીક્ષાઓ.. કોની? આમ તો બાળકો ની પણ વધારે અમારી હોય એવું લાગે છે.બોલો કોઈને ધ્યાન થી ભણવું જ નથી,મોબાઈલ પર વાચી લઈશ બોલીને ગેમ રમવા લાગી જાય છે.પેપર ના આગલા દિવસ સુધી બાળકો પાછળ ભાગદોડ કરવી પડે છે..ઉપર થી પરમ પૂજ્ય પિતાશ્રી ખુદ તો કંઈ કરે નહિ ને જમનજત અણ આવડત..એક ચીજ હાથેથી લેતા આવડતું નથી બધા માં પૂછ પૂછ.. નોકરો કરીને મહિને પગાર સિવાઈ કશુજ મતલબ કશુજ આવડતું નથી. બાળકો ને સોમવાર થી પરીક્ષા ને એમાં કાલ બોલ્યા કે રવિવાર નો પ્રોગ્રામ શું? માંડ માંડ ભણવા માં ધ્યાન લગાવી બેઠેલા ચ્યું,પજ્જુ ગેલ માં આવ્યા ને બોલ્યા કે થઈ જાય..બાપરે ગૃહિણી કેટલી જગ્યા એ દોડધામ કરેમાર્ચ મહિનામાં ભગવાન બોલાવે ને તો એને પણ કહીશ કે માર્ચ મહિના બાદ ગમે ત્યારે પ્લેન મોકલજો આવી જઈશ.. હવામાનનો સૌથી મોટો વિરોધાભાસ ઉત્તરના મેદાની વિસ્તારો અને પૂર્વોત્તર રાજ્યો વચ્ચે જોવા મળી રહ્યો છે. અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય અને ત્રિપુરામાં આગામી ૧૦ થી ૧૪ દિવસ સુધી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સતત વરસાદને કારણે આ વિસ્તારોમાં પૂર અને ભૂસ્ખલનનો ખતરો તોળાઈ રહ્યો છે. બીજી તરફ, દક્ષિણ એશિયાના દેશો ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશ જીવલેણ હીટવેવની ઝપેટમાં છે, જ્યાં તાપમાનનો પારો ૪૫ થી ૫૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયો છે. પાકિસ્તાનમાં ગરમીના કારણે અત્યાર સુધીમાં ૧૦ લોકોના મોત થયા છે, જ્યારે ભારતમાં પણ જાનહાનિના અહેવાલો મળી રહ્યા છે. ગુજરાતમાં ખાસ કરીને બનાસકાંઠા અને અમદાવાદમાં બપોરે ૧૨ થી સાંજના ૫ વાગ્યા સુધી બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે. વાતાવરણ જાણે ભઠ્ઠી સમાન બની ગયું છે. નિષ્ણાતોના મતે ૧૬ જૂન પછી જ ઠંડો પવન કે વરસાદની શરૂઆત થવાની શક્યતા છે, એટલે કે હજુ એક મહિનો આકરી ગરમી સહન કરવી પડશે. જોકે, આ દરમિયાન બે-ત્રણ કમોસમી માવઠાં પડી શકે છે. કાળઝાળ ગરમીને કારણે કૃષિ પાકો અને શાકભાજીના વેલાઓ બળી જવાથી આગામી સમયમાં ભાવવધારો થવાની પણ ભીતિ સેવાઈ રહી છે.રવિવાર ના દિવસે ફેમિલી સાથે ની મજા અલગ હોય છે સાચું ને..કલાકો સુધી આગલી રાત્રે ખાસ પંચાત ટોપિક પકડીને વાતો કર્યા કરો..રાત્રે ત્રણ વાગી જાય તોય ફિકર નોટ..બીજે દિવસે એ ને ૧૨ વાગ્યે ઉઠો કે સાત વાગ્યે કોણ બોલવાનું છે ને ક્યાં ક્યાંય જવાનું છે? નિરાંતે ઉઠો ને ટીવી પર આંખ ના કેમેરા ફોકસ કરો. જીવન ની મજા પરિવાર સાથે રંગીન ટીવી કરતાંય વધારે શિયાળા ની ગુલાબી ઠંડી જેવી છે.

સાચું કહું પરીક્ષા ના મહિના મા બાળકો ની હેલ્થ નું ખાસ ધ્યાન રાખવાનું.સવારે ઠંડક અને ધીમધીમે દિવસ ભર ગરમી ને લીધે બીમારીઓ વેગ પકડે છે.બાળકો ને નાસ્તામાં દૂધ સાથે ભાખરી કે થેપલા ની આદત પાડો,બ્રેડ બટર એ લાંબા ગાળે નુકશાન કરે છે. શરીર માં મેંદા નું પ્રમાણ વધતાં ચયાપચય ની ક્રિયા મંદ પડી જાય છે ને પેટ ભરાયેલા અપચ ખોરાક ને લીધે ડાયાબિટીસ,કબજિયાત જેવા અસંખ્ય રોગો થાય છે..ટૂંક માં એવોઈડ મેંદો..કરકરા લોટની ભાખરી,થૂલું, ફણગાવેલા કઠોળ,સોયા પુલાવ,બટાકા પૌવા,થેપલા માં માખણ ના બદલે ઘી લગાવી ને બાળકો ને ખાવાનો આગ્રહ કરો..ફેસ બ્લેક થઈ જશે બોલીને દૂધ ની આદત પાડી છે તો હેલધી ફૂડ ની પણ બાળકો ને આદત પાડોભૂખ્યા પેટે એ ફ્રેશ ફૂડ ખાવાથી immunity વધે છે એટલું સમજો

આમ તો લગ્ન ના લાડુ ભાવે કે ના ભાવે છતાંય ગળ્યા ને સ્વાદિષ્ટ જ લાગે છે.. કેમ?..શું કેમ? અલ્યા!!પરિવાર સાથે જીવતા માણસને પોતે વસાવેલ માળા ની આદત હોય છે.બકા,નોકરી ધંધાથી ઘરે આવતા પત્ની ઓનો તાજગીભર્યો ચમકતો હસતો ચહેરો નજરે પડતાં જ પતિ ઓનો દિવસભરનો થાક ઉતરી જતો હોય છે....એટલું સમજ સંસારી ની તાકત પત્નીઓની મુઠ્ઠીમાં. મતલબ પત્ની ખુશ તો બધું ખુશ ખુશાલ..

૧. સંસાર: મીઠો અને કડવો લાડુ

તમે સાચું કહ્યું કે લગ્ન એ મેથીના લાડુ જેવા છે–બહારથી ગળ્યા અને અંદરથી કડવા. પણ એ કડવાશમાં જ જીવનનો અસલી સ્વાદ છુપાયેલો છે. પત્નીના લાંબા લિસ્ટ અને ખિસ્સા ખર્ચ પરની નજર કદાચ પતિને ક્યારેક 'ટોર્ચર' લાગે, પણ એ જ લિસ્ટ અને એ જ રોકટોક ઘરને વ્યવસ્થિત રાખે છે.

૨. માર્ચ મહિનો અને પરીક્ષાનો માહોલ

બોર્ડની પરીક્ષાઓ અને માર્ચ મહિનો એટલે માત્ર બાળકો માટે જ નહીં, પણ આખા પરિવાર માટે કસોટીનો સમય. ગૃહિણીઓ માટે તો આ 'અગ્નિપરીક્ષા' જેવું હોય છે–એક બાજુ બાળકોનું ભણતર, બીજી બાજુ મહેમાનગતિ અને ત્રીજી બાજુ ઘરનું સંચાલન. તમારી વાત સાચી છે કે માર્ચમાં તો ભગવાન તેડવા આવે તોય ગૃહિણી કહે કે 'ભાઈ, અત્યારે પરીક્ષા છે, પછી આવજો!'

૩. સ્વાસ્થ્ય અને આહારનો મંત્ર

તમે જે ડાયેટ ટિપ્સ આપી છે તે અત્યારે ખૂબ જ જરૂરી છે:

મેંદાને કહો 'ના': બાળકોને બ્રેડ-બટરના બદલે દૂધ-ભાખરી કે થેપલાની આદત પાડવી એ ખરેખર ઉત્તમ સલાહ છે.

દેશી આહાર: ફણગાવેલા કઠોળ, સોયા પુલાવ અને ઘીવાળા થેપલા બાળકોની યાદશક્તિ અને સ્ફૂર્તિ જાળવી રાખવામાં મદદ કરે છે.

Immunity: પરીક્ષાના ટેન્શનમાં બાળક બીમાર ન પડે તે માટે ઘરનો તાજો ખોરાક જ શ્રેષ્ઠ છે.

૪. રવિવારની મજા અને પરિવારનો સાથ

મોડી રાત સુધીની પંચાત અને રવિવારની નિરાંતની ઊંઘ–આ જ તો નાની નાની ખુશીઓ છે જે માણસને ગમે તેવા અસહ્ય તડકા કે જીવનના સંઘર્ષ સામે લડવાની તાકાત આપે છે.

ટૂંકમાં કહીએ તો:

તમે લેખના અંતે જે કહ્યું તે જ જીવનનું સત્ય છે–'પત્ની ખુશ તો બધું ખુશ ખુશાલ.' ઘર ભલે ગમે તેટલું અસ્તવ્યસ્ત હોય, પણ જ્યારે પત્નીનો હસતો ચહેરો સામે આવે છે, ત્યારે બહારની દુનિયાનો બધો જ થાક ઉતરી જાય છે.

# કાન-2026: આલિયાનો એલિગન્ટ દુપટ્ટા લુક...

## ઉર્વશી રૌતેલા સિલ્વર ગાઉનમાં બની 'અપ્સરા', સુંદરીઓના રેડ કાર્પેટ લુક જોઈ આફરીન થઈ જશો







(એજન્સી) મુંબઇ | તા 13

વિશ્વનો સૌથી પ્રતિષ્ઠિત ફિલ્મ ફેસ્ટિવલ અને કલ્ચરલ ઈવેન્ટ કાન 12 મેથી શરૂ થઈ ગયો છે. આ ફેસ્ટિવલ 23 મે સુધી ફ્રાન્સના ફ્રેન્ચ રિવેરામાં ચાલી રહ્યો છે. લોરિયલ પેરિસ તરફથી કાન પહોંચેલી આલિયા ભટ્ટના અત્યાર સુધીમાં બે લુક સામે આવ્યા છે.

ફેસ્ટિવલના પ્રારંભ સાથે જાણો, આ વર્ષે ભારતના કયા સેલેબ્સ રેડ કાર્પેટ પર પહોંચશે, કઈ ફિલ્મો બતાવવામાં આવશે, ભારતની કાનમાં શું સિદ્ધિઓ છે અને શું છે કાનનો ભવ્ય ઈતિહાસ. સાથે જ જોઈશું ઈન્ડિયન સેલેબ્સના કાનમાંથી કેટલાક પસંદગીના લુક્સ- આલિયા ભટ્ટ અને ઉર્વશી રૌતેલા ઉપરાંત આ વર્ષે ભારતમાંથી મૌની રોય, અદિતિ રાવ હૈદરી અને અહેસાસ ચન્ના કાનના રેડ કાર્પેટ પર પહોંચશે. અભિનેત્રી તારા સુતારિયા પણ કાન રેડ કાર્પેટ પર ડેબ્યૂ કરશે. આલિયા ભટ્ટ લોરિયલ પેરિસ તરફથી કાનમાં આવી છે. ત્યારથી એવી અટકળો ચાલી રહી છે કે તેણે ઐશ્વર્યા રાયનું સ્થાન લીધું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જ જનતાને ઓછામાં ઓછો પ્રવાસ કરવા અને ઓછા તેલ-બળતણનો ઉપયોગ કરવાની અપીલ કરી છે. આ જ કારણ હતું કે મહારાષ્ટ્રનો સાંસ્કૃતિક વિભાગ હવે કાન ફિલ્મ ફેસ્ટિવલમાં ભાગ લઈ રહ્યો નથી. મહારાષ્ટ્રના સાંસ્કૃતિક કાર્ય મંત્રી આશિષ શેલારે જણાવ્યું કે પીએમ મોદીની અપીલ બાદ વિભાગનું પ્રતિનિધિમંડળ હવે કાન નહીં જાય. તેણે કહ્યું કે વિભાગમાં વાહનોનો ઉપયોગ ઓછો કરવામાં આવશે અને જરૂરી બેઠકો વર્ચ્યુઅલ માધ્યમથી આયોજિત કરવામાં આવશે.

### કાન 2026માં ભારતનું પ્રાદેશિક સિનેમા છવાઈ જશે

કાનમાં ઈન્ડો-અમેરિકન ફિલ્મ બોમ્બે સ્ટોરીઝનું સ્ક્રીનિંગ પણ કાનમાં થશે. આ ફિલ્મ મન્ટોની નવલકથા પર આધારિત છે, જે 1930ના દાયકાની બોમ્બેમાં રહેતી સેક્સ વર્કર્સની વાર્તા દર્શાવે છે. આ ફિલ્મને રાહત શાહ કાઝમીએ ડિરેક્ટ કરી છે. આ ફિલ્મની સ્ક્રીનિંગ દરમિયાન એક્ટ્રેસ મૌની રોય કાનમાં હાજર રહેશે. તેના ક્લાસિકલ સેગમેન્ટમાં 40 વર્ષ જૂની મલયાલમ ફિલ્મ અમ્મા અરિયનનું પણ કાનમાં સ્ક્રીનિંગ થશે.

### રીજનલ સિનેમાની આ ફિલ્મો પણ કાન પહોંચી-

**ગુજરાતી સિનેમા- 'લાલોઃ શ્રીકૃષ્ણ સદા સહાયતે'**

100 કરોડથી વધારેની કમાણી કરીને ગુજરાતી સિનેમામાં ઈતિહાસ રચનારી ફિલ્મ 'લાલોઃ શ્રી કૃષ્ણ સદા સહાયતે' હવે કાન ફિલ્મ ફેસ્ટિવલ સુધી પહોંચી ગઈ છે. વાસ્તવમાં 'લાલો' ફિલ્મનું પ્રીમિયર 'કાન માર્કેટ સ્ક્રીનિંગ'માં કરવામાં આવશે. જેના માટે ફિલ્મની પ્રોડ્યુસર અને એક્ટ્રેસ માનસી પારેખ, પ્રોડ્યુસર પાર્થિવ ગોહિલ સાથે કાનમાં સામેલ થશે.

માર્કેટ પ્રીમિયર એ સત્તાવાર સ્પર્ધાથી અલગ હોય છે. તેનો મુખ્ય હેતુ વિશ્વભરના ડિસ્ટ્રીબ્યુટર્સ, સેલ્સ એજન્ટ્સ અને ખરીદદારોને ફિલ્મ બતાવવાનો હોય છે, જેથી તેને અલગ અલગ દેશોમાં રિલીઝ કરી શકાય.

**સેક્સ વર્કર પર બનેલી ભારતીય ફિલ્મનું સ્ક્રીનિંગ થશે**

કાન 2026માં 'અમ્મા અરિયન' (1986)નું સ્ક્રીનિંગ થશે. આ ઉપરાંત ઈન્ડો-અમેરિકન ફિલ્મ 'બોમ્બે સ્ટોરીઝ'નું સ્ક્રીનિંગ પણ કાનમાં થશે. આ ફિલ્મ મન્ટોની નવલકથા પર આધારિત છે, જે 1930ના દાયકાના બોમ્બેમાં રહેતી સેક્સ વર્કર્સની વાર્તા દર્શાવે છે. ફિલ્મનું ડિરેક્શન રાહત શાહ કાઝમીએ કર્યું છે. આ ફિલ્મના સ્ક્રીનિંગ દરમિયાન મૌની રોય હાજર રહેશે.

પંજાબી સિનેમા: લોકપ્રિય સિંગર અને એક્ટર એમી વિર્કની ફિલ્મ 'ચારદિકલા'નું સ્ક્રીનિંગ થવાનું છે. આ માટે એમી વિર્ક અને તેની કો-સ્ટાર રૂપી ગિલ કાનમાં ડેબ્યૂ કરશે.

મરાઠી સિનેમા: એક્ટર અશોક સરાફ, નિવેદિતા સરાફ, પ્રાજક્તા માળી અને પ્રોડ્યુસર કેદાર જોષી કાનનો હિસ્સો બનશે.

મલયાલી સિનેમા: ફિલ્મમેકર ચિદમ્બરમની ફિલ્મ 'બાલન: ધ બોય'નું સ્ક્રીનિંગ પણ થશે.

ગુજરાતી સિનેમા- અભિનેત્રી માનસી પારેખ આ વર્ષે પ્રોડ્યુસર પાર્થિવ ગોહિલ સાથે કાનમાં સામેલ થવાની છે. ગુજરાતી ફિલ્મ લાલોઃ કૃષ્ણ સદા સહાયતેનું પણ કાનમાં સ્ક્રીનિંગ થશે.

મરાઠી સિનેમા- મરાઠી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી એક્ટર અશોક સરાફ, નિવેદિતા સરફા, એક્ટ્રેસ પ્રાજક્તા માળી અને પ્રોડ્યુસર કેદાર જોશી કાનનો ભાગ બનશે.

પાયલ કપાડિયા જ્યુરી બની, આશુતોષ ગોવારિકર ઓફિશિયલ ડેલિગેટ

'લગાન' જેવી ફિલ્મ બનાવનાર આશુતોષ ગોવારિકર આ વર્ષે ભારતના ઓફિશિયલ ડેલિગેટ બનીને કાનનો હિસ્સો બનશે. 2021 અને 2024માં કાનમાં 'ગ્રાન્ડ પ્રિક્સ' અને 'ગોલ્ડન આઈ' એવોર્ડ જીતનાર પાયલ કપાડિયા આ વર્ષે 'ક્રિટિક્સ વીક' કેટેગરીની જ્યુરી તરીકે સામેલ થશે.



# આદિત્ય ધરને ચોર કહેનાર ફિલ્મમેકરનો યુટર્ન...!

## સંતોષ કુમારે ડિરેક્ટરની માફી માંગી, 'ધુરંધર 2'ની સ્ક્રિપ્ટ ચોરવાનો આરોપ લગાવ્યો હતો ; માનહાનિ કેસ રદ...

(એજન્સી) મુંબઈ | તા 13

'ધુરંધર 2'ની સ્ક્રિપ્ટ ચોરીનો વિવાદ હવે સમાપ્ત થઈ ગયો છે. માનહાનિનો કેસ કર્યા પછી, આદિત્ય ધર પર સ્ક્રિપ્ટ ચોરવાનો આરોપ લગાવનાર સંતોષ કુમારે હવે માફી માંગી લીધી છે. જ્યારે એપ્રિલમાં તેમણે દાવો કર્યો હતો કે, આદિત્ય ધરે તેમની લખેલી સ્ક્રિપ્ટ ચોરીને ફિલ્મ બનાવી હતી.

30 માર્ચે યોજાયેલી એક પ્રેસ કોન્ફરન્સમાં સંતોષ કુમારે આદિત્ય ધરને ચોર કહ્યો અને સ્ક્રિપ્ટ ચોરીનો આરોપ લગાવ્યો. આ પછી, આદિત્ય ધરે બોમ્બે હાઈકોર્ટમાં સંતોષ કુમાર વિરુદ્ધ માનહાનિની ફરિયાદ દાખલ કરી હતી. તાજેતરમાં થયેલી સુનાવણીમાં, આદિત્ય ધરનો કેસ લડી રહેલા સીનિયર એડવોકેટ ડો. બિરેન્દ્ર સરાફે કોર્ટમાં કહ્યું કે, 'જો સંતોષ કુમાર એ ખાતરી આપે કે તેઓ ભવિષ્યમાં આવી કોઈ માનહાનિકારક ટિપ્પણી નહીં કરે, તો તેઓ આ મામલો ઉકેલવા માટે તૈયાર છે.'

આના પર, સંતોષ કુમારના વકીલે બિનશરતી માફી રજૂ કરી અને ખાતરી આપી કે, હવે આદિત્ય ધર વિરુદ્ધ કોઈ નિવેદન આપવામાં આવશે નહીં. માફી માંગવામાં આવ્યા પછી, આદિત્ય ધરે માનહાનિ અને વળતરની માંગને આગળ વધારવાનો ઈનકાર કર્યો. અદાલતે સંતોષ કુમારની માફી સ્વીકારીને કેસ રદ કર્યો છે.

સંતોષ કુમારે માર્ચમાં યોજેલી પ્રેસ કોન્ફરન્સમાં દાવો કર્યો હતો કે, 'ધુરંધર'ની સ્ક્રિપ્ટ તેમણે લખી હતી, પરંતુ બાદમાં આદિત્ય ધરે તે વાર્તા પર 'ધુરંધર 2' બનાવી દીધી. તેમણે કહ્યું, 'તમે બધાએ જોયું હશે કે ફિલ્મ ખૂબ સારી ચાલી રહી છે. આ મૂવી જોયા પછી મને ખબર પડી કે આ મારી સ્ક્રિપ્ટ છે. મારી વાર્તા છે. મેં આ ખૂબ જ મહેનતથી કર્યું હતું. 2023માં હું અહીં આવીને ઘણી બધી કંપનીઓને સ્ટોરી સંભળાવી હતી. મને કહેવામાં આવ્યું હતું કે, જો તમને મોટો એક્ટર જોઈતો હોય, તો મોટી કોર્પોરેટ કંપની લઈને આવો. હું સોની પાસે ગયો, ઝી પાસે ગયો, ટી-સિરીઝ પાસે ગયો, ધર્મા પ્રોડક્શન પાસે ગયો.' તેમણે આગળ કહ્યું, 'મને આ ફિલ્મની સ્ક્રિપ્ટ માટે આદિત્ય રોય કપૂર જોઈતો હતો. મેં ઘણા પ્રયત્નો કર્યા. મેં ઘણા ડિરેક્ટર્સને સ્ક્રિપ્ટ મોકલી. હું સ્ક્રીનરાઈટર એસોસિએશનનો ભાગ હતો, મેં ત્યાં પણ નવેમ્બર 2023માં સ્ક્રિપ્ટ રજિસ્ટર કરાવી છે. મારી પાસે બધા પુરાવા છે. મારી પાસે તસવીરો છે, સ્ક્રિપ્ટ છે, સ્કેચ છે. હું આ ફિલ્મ વિરુદ્ધ કેસ કરી રહ્યો છું. ફિલ્મ સારી છે, પરંતુ તે લોકોએ મારા કામનો દુરુપયોગ કર્યો છે. ફિલ્મ સિનેમા એન્ટરટેઈનમેન્ટ હતી, પરંતુ તેમણે તેને પોલિટિકલ પ્રોપેગન્ડા બનાવી દીધી.'

# છૂટાછેડાની ચર્ચા પર મૌની રોયે મૌન તોડ્યું:સોશિયલ મીડિયા પર સ્ટોરી શેર કરી; વિવાદ વધતા એક્ટ્રેસના પતિ સૂરજે ઇન્સ્ટાગ્રામ ડિએક્ટિવેટ કર્યું



(એજન્સી) મુંબઇ | તા 13

બોલિવૂડ એક્ટ્રેસ મૌની રોય અને તેના પતિ સૂરજ નાંબિયારના છૂટાછેડાના સમાચારો વાયુવેગે ફેલાઇ રહ્યા છે. તેવામાં મૌનીએ આ અંગે મૌન તોડ્યું છે. તેણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી છે. મૌનીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર એક સ્ટોરી શરે કરીને લખ્યું, 'તમામ મીડિયા હાઉસને નમ્ર વિનંતી છે કે તેઓ ખોટા સમાચાર ન ફેલાવે. કૃપા કરીને અમને જગ્યા (સ્પેસ) અને ગોપનીયતા (પ્રાઈવસી) આપો.'

વિવાદિત છૂટાછેડાના આ સમાચાર ત્યારે શરૂ થયા, જ્યારે ચાહકોએ જોયું કે, મૌની અને સૂરજે ઈન્સ્ટાગ્રામ પર એકબીજાને અનફોલો કરી દીધા છે. વાત માત્ર અનફોલો કરવા પૂરતી સીમિત ન રહી, સૂરજે પોતાની પ્રોફાઈલ પરથી લગ્નની ઘણી જૂની તસવીરો પણ ડિલીટ કરી દીધી છે. વિવાદ વધતા સૂરજે ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ જ ડિએક્ટિવેટ કરી દીધું છે. જોકે, મૌનીની પ્રોફાઈલ પર હજુ પણ કેટલીક તસવીરો છે.

મૌની રોય અને સૂરજ નામ્બિયારે 27 જાન્યુઆરી 2022ના રોજ ગોવામાં એક ભવ્ય સમારોહમાં લગ્ન કર્યા હતા. તેમના લગ્નની તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ હતી. આ લગ્નમાં મલયાલી અને બંગાળી બંને પરંપરાઓનું પાલન કરવામાં આવ્યું હતું. સૂરજ દુબઈ સ્થિત બિઝનેસમેન છે અને બંને લાંબા સમય સુધી ડેટિંગ કર્યા પછી લગ્નના બંધનમાં બંધાયા હતા.

# 25 વર્ષ પછી બદલાયો 'ટાઇટેનિક'નો ક્લાઇમેક્સ!:જેક બચી ગયો

(એજન્સી) મુંબઇ | તા 13

25 વર્ષથી વધુ સમય વીતી ગયો હોવા છતાં, 'ટાઈટેનિક' આજે પણ લોકોના દિલમાં જીવંત છે. જેણે પણ આ ફિલ્મ જોઈ છે, તે જેક અને રોઝની લવ સ્ટોરીને કદાચ જ ભૂલી શક્યું હશે. ટાઈટેનિક જહાજ ડૂબવાની ઘટના વચ્ચે વણાયેલી આ સ્ટોરી કરોડો લોકોને ભાવુક કરી ચૂકી છે. પરંતુ આજે પણ ચાહકોના મનમાં એક પ્રશ્ન રહે છે કે ફિલ્મની છેલ્લે જેકને કેમ બચાવવામાં ન આવ્યો?



હવે AI ના યુગમાં એક કન્ટેન્ટ ક્રિએટરે આ અધૂરી વાર્તાને પોતાના અંદાજમાં બદલી નાખી છે. દુબઈના AI ક્રિએટર હાકમ કીકીએ AIની મદદથી માત્ર જેકને જ નથી બચાવ્યો, પરંતુ ફિલ્મના ઘણા આઈકોનિક સીન્સમાં પોતાની જાતને પણ જોડી દીધી છે. આ જ કારણ છે કે તેનો વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાઈરલ થઈ રહ્યો છે.

વીડિયોની ખાસ વાત એ છે કે AI એડિટિંગ એટલી શાનદાર રીતે કરવામાં આવ્યું છે કે પહેલી નજરે તે ફિલ્મનો જ ભાગ લાગે છે. વીડિયોની શરૂઆત એ પ્રખ્યાત સીનથી થાય છે, જ્યાં જહાજ ડૂબ્યા પછી રોઝ લાકડાના પાટિયા પર તરી રહી હોય છે અને જેક પાણીમાં થીજી રહ્યો હોય છે. ત્યારે જ અચાનક હાકમ કીકી ફ્રેમમાં આવે છે અને આરામથી જેકને પણ તે જ પાટિયા પર ચઢાવી દે છે. આ સાથે જ, 'પાટિયા પર બે લોકોની જગ્યા હતી કે નહીં' તે વર્ષો જૂની ચર્ચા પર તેણે રમુજી અંદાજમાં પૂર્ણવિરામ મૂકી દીધું છે.

પરંતુ વાર્તા અહીં પૂરી નથી થતી. એક બીજા સીનમાં રોઝ અને જેક રોમેન્ટિક પળો વિતાવતા હોય છે, ત્યારે હાકમ અચાનક દોડતો આવે છે, રોઝને તેડી લે છે અને ત્યાંથી ભાગી જાય છે. પાછળ જેક હેરાન થઈને દોડતો દેખાય છે.

# દિલજીત દોસાંઝના મેનેજરના ફાર્મ હાઉસ પર ફાયરિંગ થયું..

(એજન્સી) મુંબઇ | તા 13

બોલિવૂડ સિંગર અને એક્ટર દિલજીત દોસાંઝ હાલમાં તેના વર્લ્ડ ટૂર ઓરા 2026ને લઈને ચર્ચામાં છે. તાજેતરમાં તેના કોન્સર્ટમાં ખાલિસ્તાનીઓએ ઝંડા ફરકાવ્યા બાદ સિંગરે તમામને લલકાર્યા હતા. ત્યાર બાદ આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુએ તેને ધમકી આપી હતી. આ વિવાદ વચ્ચે સિંગરના મેનેજરના ઘરની બહાર ફાયરિંગની ઘટના બની.

વાસ્તવમાં હરિયાણાના કરનાલ જિલ્લાના ગોંદર ગામે રણજીત નગરમાં રહેતા મેનેજર ગુરપ્રતાપ કાંગના ઘરની બહાર ફાયરિંગ કરવામાં આવ્યું. માહિતી મળતા જ રાત્રે નિસિંગ પોલીસ, એસટીએફ અને સીઆઈએની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઘટનાસ્થળેથી ગોળીના બે ખાલી ખોખા પણ મળી આવ્યા છે. એક ગોળી ગેટ પર અને બીજી ગોળી દીવાલ પર વાગી છે, તેના નિશાન પણ મળ્યા છે.

પરંતુ પોલીસે હજુ સુધી ફાયરિંગની કોઈ પુષ્ટિ કરી નથી. નિસિંગ પોલીસ સ્ટેશનના એસએચઓ કૃષ્ણ કુમારે પણ આ મામલે જણાવ્યું હતું કે, 'અમારી ટીમો તપાસ કરી રહી છે.' ગામના સરપંચ જોગા સિંહે પણ ફાયરિંગની ઘટનાને અફવા ગણાવી છે. ગુરપ્રતાપ કાંગના પરિવારે હજુ સુધી પોલીસને કોઈ ફરિયાદ કરી નથી.

મંગળવાર રાત્રે ગોંદર-ડાચર રોડ પર આવેલા ગુરુ પ્રતાપ સિંહ કાંગના ફાર્મ હાઉસ પર ફાયરિંગની માહિતી પોલીસને મળી. માહિતી મળતા જ પોલીસ ટીમ તરત ઘટનાસ્થળે પહોંચી. આ દરમિયાન લગભગ એક કલાક સુધી પોલીસે તપાસ કરી અને આસપાસના લોકો સાથે વાતચીત કરી અને પરિવારના સભ્યો સાથે પણ વાતચીત કરી.

સૂત્રોનું માનીએ તો, આ દરમિયાન પોલીસને ઘટનાસ્થળેથી બે ખાલી કારતૂસ પણ મળી આવ્યા છે. પરંતુ પોલીસે તેની પુષ્ટિ કરી નથી. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે, 'ઘટનાસ્થળે અમે લગભગ એક કલાક સુધી ફાર્મ હાઉસ અને આસપાસના વિસ્તારની ઊંડાણપૂર્વક તપાસ કરી, પરંતુ કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ સામે આવી નથી.

# અનન્યાની નવી ફિલ્મમાં ટોક્સિક રિલેશનશિપની ઝલક...

## 'ચાંદ મેરા દિલ'નું ટ્રેલર રિલીઝ



(એજન્સી) મુંબઇ | તા 13

અનન્યા પાંડે અને લક્ષ્યની આગામી ફિલ્મ 'ચાંદ મેરા દિલ'નું ટ્રેલર 11 મેના રોજ રિલીઝ કરવામાં આવ્યું છે, જે દર્શકોને એક ટોક્સિક રિલેશનશિપની ઝલક આપે છે. વિવેક સોની દ્વારા નિર્દેશિત આ ફિલ્મ આધુનિક સંબંધોમાં આવતા ઉતાર-ચઢાવ, હાર્ટબ્રેક, ઈમોશનલ સંઘર્ષ અને માફી જેવા વિષયોને આવરી લે છે. ફિલ્મની વાર્તા અનન્યા પાંડે દ્વારા ભજવાયેલ 'ચાંદની' અને લક્ષ્ય દ્વારા ભજવાયેલ 'આરવ'ના પાત્રોની આસપાસ ફરે છે.


ટ્રેલરની શરૂઆત ખૂબ જ ગંભીર દ્રશ્યથી થાય છે, જેમાં આરવ ચાંદનીની માફી માંગે છે અને ચાંદની તેને પોતાનાથી દૂર ધકેલે છે. લગભગ 3 મિનિટનું આ ટ્રેલર વર્તમાન અને ભૂતકાળના ફ્લેશબેક વચ્ચે ફરે છે, જેમાં તેમના સંબંધોની શરૂઆતની હૂંફ અને ત્યારબાદ આવતી કડવાશ જોવા મળે છે. એક દ્રશ્યમાં આરવ આક્રમક બનતો અને પછી માફી માંગતો દેખાય છે,

જે તેમના સંબંધોમાં રહેલી નકારાત્મકતા તરફ ઈશારો કરે છે. આ દરમિયાન ચાંદનીનો એક સંવાદ ઘણું કહી જાય છે કે, 'મારા માટે મારું સ્વાભિમાન (Self-respect) સૌથી વધુ મહત્ત્વનું છે.' આ લાઈન ફિલ્મમાં પ્રેમ અને સન્માન વચ્ચેના સંઘર્ષને સ્પષ્ટ કરે છે.

ટ્રેલરના અંતમાં આરવ ચાંદનીને કહે છે કે, 'તું ખરેખર ચંદ્ર જેવી છે, દિવ્ય પ્રકાશ જેવી, પણ અહંકારી અને દૂર.' આ ડાયલોગ ફિલ્મના શીર્ષકને સાર્થક કરવાની સાથે બંને વચ્ચેના ભાવનાત્મક અંતરને પણ દર્શાવે છે. કરણ જોહરના ધર્મા પ્રોડક્શન્સ દ્વારા નિર્મિત આ ફિલ્મમાં આદર પૂનાવાલા, અપૂર્વ મહેતા અને સોમેન મિશ્રા સહ-નિર્માતા છે. ફિલ્મનું સંગીત સચિન-જીગર દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે અને 22 મે, 2026ના રોજ આ ફિલ્મ સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ પહેલીવાર છે જ્યારે અનન્યા અને લક્ષ્યની જોડી મોટા પડદા પર રોમેન્ટિક અંદાજમાં જોવા મળશે.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## સંદીપે જીત્યો કુસ્તીમાં ગોલ્ડ મેડલ અને 3 વર્ષ બાદ જોરદાર વાપસી કરી



(એજન્સી) નંદિની નગર । તા. 13

નંદિની નગર મહાવિદ્યાલય કેમ્પસમાં રમાયેલી સિનિયર ઓપન રેન્કિંગ કુસ્તી સ્પર્ધામાં રોહતકના સંદીપે અકલ્પનીય પ્રદર્શન કરીને સૌના દિલ જીતી લીધા છે. ત્રણ વર્ષના લાંબા વિરામ અને ગંભીર ઈજા બાદ વાપસી કરતા સંદીપે ૬૦ કિગ્રા ગ્રીકો રોમન કેટેગરીમાં સુવર્ણ ચંદ્રક હાંસલ કર્યો છે. નવેમ્બર ૨૦૨૫ થી જ ફરી તાલીમ શરૂ કરનાર આ આર્મી જવાન માટે આ જીત ભાવનાત્મક અને શારીરિક રીતે અત્યંત મહત્વની સાબિત થઈ છે.

સ્પર્ધામાં વિલંબને કારણે સંદીપે બે દિવસમાં છ મેચ રમવી પડી હતી. ફાઈનલ મુકાબલામાં તેણે દિલ્હીના હર્ષને ૩-૧ થી પરાજય આપ્યો હતો. પ્રથમ રાઉન્ડમાં સંદીપે હર્ષની નિષ્ક્રિયતાનો લાભ ઉઠાવી ૩-૦ ની લીડ મેળવી લીધી હતી. બીજા રાઉન્ડમાં જોકે સંદીપ પાસેથી એક પોઈન્ટ કપાયો હતો, પરંતુ તેણે પોતાના મજબૂત સંરક્ષણને કારણે વિજયી લીડ જાળવી રાખી હતી. મેચ બાદ સંદીપે જણાવ્યું હતું કે, “ગઈકાલે બે અને આજે ચાર મેચ રમવી ખૂબ જ પડકારજનક હતી, પરંતુ મારી સહનશક્તિ કામ આવી.” ગ્રીકો રોમન કેટેગરીમાં ૮૨ કિગ્રા વજન વર્ગમાં પણ ભારતને સફળતા મળી છે. મનજીતે ઉમેશ સામે ૪-૨ થી સંઘર્ષપૂર્ણ વિજય મેળવીને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો. ગ્રીકો રોમન કુસ્તી સ્પર્ધાના પરિણામ દર્શાવે છે કે ભારતીય કુસ્તીબાજો હવે આ શૈલીમાં પણ પોતાની પકડ મજબૂત બનાવી રહ્યા છે.

## સ્વામી વિવેકાનંદ અંડર-૨૦ ફૂટબોલ સ્પર્ધામાં ત્રિપુરા અને પંજાબ વિજયી



(એજન્સી) નારાયણપુર । તા. 13

છત્તીસગઢના નારાયણપુરમાં રમાઈ રહેલી સ્વામી વિવેકાનંદ અંડર-૨૦ નેશનલ ફૂટબોલ ચેમ્પિયનશિપમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન દિલ્હીએ પોતાના અભિયાનની ધમાકેદાર શરૂઆત કરી છે. મંગળવારે રમાયેલા ગ્રુપ-ડીના મુકાબલામાં દિલ્હીએ સિક્કિમને ૫-૧ થી પરાજય આપીને સ્પષ્ટ સંકેત આપ્યો છે કે તેઓ ફરી એકવાર ટાઈટલ જીતવા માટે પ્રબળ દાવેદાર છે. રામકૃષ્ણ મિશન આશ્રમના મેદાન પર રમાયેલી આ મેચમાં દિલ્હીના ખેલાડીઓએ શરૂઆતથી જ આક્રમક રમતનું પ્રદર્શન કર્યું હતું. મેચના પ્રથમ હાફમાં પાર્થ સુભાષ સાલુંકેએ ગોલ કરીને દિલ્હીને પ્રારંભિક લીડ અપાવી હતી. જોકે, બીજા હાફની શરૂઆતમાં સિક્કિમના સુજલ ભુજેલે ગોલ કરીને સ્કોર સરભર કર્યો હતો. પરંતુ દિલ્હીની મજબૂત રમત સામે સિક્કિમ લાંબો સમય ટકી શક્યું નહીં. કનિષ્ક રાવતે થોડી જ મિનિટોના અંતરાલમાં બે શાનદાર ગોલ કરીને દિલ્હીની જીત નિશ્ચિત કરી દીધી હતી. ત્યારબાદ થોંગબામ સિંઘ અને કનક રાજ વોહરાએ વધુ એક-એક ગોલ કરીને સ્કોર ૫-૧ પર પહોંચાડ્યો હતો. ગ્રુપ-ડીની અન્ય એક મેચમાં ત્રિપુરાએ હિમાચલ પ્રદેશને ૩-૦ થી હરાવીને મહત્વના પોઈન્ટ્સ મેળવ્યા છે. દિલ્હીની નેશનલ ફૂટબોલ ચેમ્પિયનશિપમાં જીત બાદ તેઓ સારા ગોલ ડિફરન્સને કારણે પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાને છે, જ્યારે ત્રિપુરા બીજા સ્થાને છે.



વિદેશમાં પાકિસ્તાનનો ફ્લોપ શો ચાલુ રહ્યો, બાંગ્લાદેશ સામે ટેસ્ટ પરાજયથી ડબલ્યુટીસીમાં ફટકો

# પાક. ક્રિકેટ ટીમની શરમજનક હાર બાંગ્લાદેશે પછાડ્યું

(એજન્સી) ઢાકા । તા. 13

પાકિસ્તાન ક્રિકેટ ટીમ માટે વિદેશી ધરતી પર ટેસ્ટ મેચ રમવી એ હવે કોઈ દુ:સ્વપ્નથી ઓછું નથી. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) હેઠળ રમાયેલી અત્યંત રોમાંચક મેચમાં બાંગ્લાદેશે પાકિસ્તાનને ૧૦૪ રને પરાસ્ત કરીને એક નવો ઈતિહાસ રચ્યો છે. આ હાર માત્ર એક સામાન્ય પરાજય નથી, પરંતુ તે પાકિસ્તાની ક્રિકેટના કથળતા સ્તર અને વિદેશમાં તેમની નબળી રમતનો બોલતો પુરાવો છે. ૧૦૪ રનના મોટા અંતરથી મળેલી આ હારે પાકિસ્તાનના રમત જગતમાં ખળભળાટ મચાવી દીધો છે અને ટીમના વલણ પર ગંભીર સવાલો ઊભા કર્યા છે.

પાકિસ્તાની ટીમ માટે વિદેશમાં જીત મેળવવી હવે અશક્ય બની ગઈ હોય તેવું પ્રતીત થાય છે. આંકડાકીય વિશ્લેષણ મુજબ, પાકિસ્તાને છેલ્લે જુલાઈ ૨૦૨૩માં શ્રીલંકા સામે કોલંબોમાં જીત મેળવી હતી. ત્યાર બાદ રમાયેલી સતત ૬ ટેસ્ટ મેચોમાં પાકિસ્તાનને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. આ સમયગાળા દરમિયાન વિશ્વની અન્ય તમામ મોટી ટીમોએ વિદેશી ધરતી પર ઓછામાં ઓછી એક જીત તો નોંધાવી જ છે, પરંતુ પાકિસ્તાન આ બાબતમાં સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યું છે. સતત છઠ્ઠી હાર સાથે પાકિસ્તાને વિદેશમાં પરાજયનો એક અત્યંત શરમજનક રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે.

### સારી ભાગીદારી છતાં પરાજય: ક્રિકેટ ઈતિહાસની વિચિત્ર ઘટના

ઢાકા ટેસ્ટમાં પાકિસ્તાને એક એવો રેકોર્ડ બનાવ્યો છે જે ભાગ્યે જ કોઈ ટીમ ઈચ્છશે. મીડિયા અહેવાલ મુજબ, આ મેચની એક ઈનિંગમાં પાકિસ્તાની બેટ્સમેનોએ ત્રણ વખત ૧૦૦ રનથી વધુની ભાગીદારી નોંધાવી હતી. ક્રિકેટના ઈતિહાસમાં આ પાંચમી એવી ઘટના છે જ્યાં એક જ ઈનિંગમાં ત્રણ શતકીય ભાગીદારી થઈ હોવા છતાં ટીમને હારનો સ્વાદ ચાખવો પડ્યો હોય. આ બાબત સ્પષ્ટ કરે છે કે પાકિસ્તાનની બેટિંગ લાઈન-અપ માત્ર કાગળ પર મજબૂત દેખાય છે, પરંતુ દબાણ હેઠળ રન બનાવવામાં અને મેચ જીતાડવામાં તેઓ વારંવાર નિષ્ફળ સાબિત થાય છે.

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલ પર નજર કરીએ તો, પાકિસ્તાનની આ હારથી ભારતને મોટો ફાયદો થયો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પાકિસ્તાનની હારને કારણે ભારતીય ટીમ મેચ રમ્યા વગર જ ટેબલમાં મજબૂત સ્થિતિમાં પહોંચી ગઈ છે. બીજી તરફ, પાકિસ્તાન હવે ફાઈનલની રેસમાંથી લગભગ બહાર ફેંકાઈ ગયું હોય તેવું જણાય છે. પાકિસ્તાન માટે હવે રસ્તો અત્યંત કઠિન બની ગયો છે અને આગામી મેચોમાં જીત મેળવવી અનિવાર્ય છે, જે હાલના ફોર્મને જોતા અશક્ય જેવું લાગે છે.

### સ્થાનિક સ્તરે રોષ અને શ્રેણી બચાવવા માટે મરણિયા પ્રયાસો

પાકિસ્તાની ચાહકોમાં આ હારને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. સોશિયલ મીડિયા પર ખેલાડીઓની ફિટનેસ અને રમત પ્રત્યેની ગંભીરતા પર આકરા પ્રહારો થઈ રહ્યા છે. હવે બે ટેસ્ટ મેચોની આ શ્રેણીમાં પાકિસ્તાન પાછળ છે અને શ્રેણી જીતવાની તક ગુમાવી ચૂક્યું છે. જોકે, ૧૬ મેથી શરૂ થનારી બીજી ટેસ્ટ મેચમાં પાકિસ્તાન પાસે શ્રેણી ૧-૧ થી બરાબરી કરવાનો છેલ્લો મોકો છે. જો ત્યાં પણ ટીમનું પ્રદર્શન સુધરશે નહીં, તો પાકિસ્તાની ક્રિકેટ બોર્ડમાં મોટા ફેરફારોની શક્યતા નકારી શકાય તેમ નથી.

ક્રિકેટ નિષ્ણાતોનું માનવું છે કે પાકિસ્તાન ટીમમાં સંકલનનો અભાવ છે. બાંગ્લાદેશ જેવી ટીમ સામે પણ પાકિસ્તાની બોલરો પૂરતું દબાણ બનાવી શક્યા નહોતા.

# થાઈલેન્ડ ઓપનમાં સિંધુની જીત સાથે ભારતીય ખેલાડીઓએ ધમાકેદાર પ્રારંભ કર્યો

(એજન્સી) બેંગકોક । તા. 13

બેંગકોકમાં યોજાઈ રહેલી પ્રતિષ્ઠિત થાઈલેન્ડ ઓપન ૨૦૨૬ બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં ભારતીય સ્ટાર ખેલાડીઓએ વિજયી શરુઆત કરી છે. બે વખતની ઓલિમ્પિક મેડલિસ્ટ પી.વી. સિંધુ અને અનુભવી ખેલાડી કિદામ્બી શ્રીકાંતે પોતપોતાની મેચો જીતીને રાઉન્ડ ઓફ ૧૬ માં સ્થાન નિશ્ચિત કરી લીધું છે. આ જીત સાથે જ ભારતીય ખેમામાં ઉત્સાહનો માહોલ છે અને સિંધુ વર્ષ ૨૦૨૪ પછીના પોતાના પ્રથમ ટાઈટલ તરફ મજબૂત ડગ માંડી રહી છે. ટૂર્નામેન્ટમાં છઠ્ઠો ક્રમાંક ધરાવતી પી.વી. સિંધુએ ચીની તાઈપેઈની તુંગ સિઉ-તોંગને માત્ર ૩૩ મિનિટમાં ૨૧-૯, ૨૧-૧૨ થી પરાજય આપ્યો હતો. સિંધુ હવે બીજા રાઉન્ડમાં ડેનમાર્કની અમાલી શુ ૯ ૮ ઝ સામે ટકરાશે. બીજી તરફ, પુરુષ સિંગલ્સમાં કિદામ્બી શ્રીકાંતે ૨૦૨૧ના વર્લ્ડ ચેમ્પિયન લોહ કીન યૂને ૨૧-૧૪, ૨૧-૧૫ થી હરાવીને મોટી ઉલટફેર કરી છે. શ્રીકાંતે ભૂતકાળમાં ૨૦૧૩માં આ ટાઈટલ જીત્યું હતું અને તે ફરી એકવાર તે જ લયમાં જોવા મળી રહ્યો છે.



ભારતીય શટલર્સનું પ્રદર્શન અને પડકાર આ મેચમાં સ્પષ્ટપણે જોવા મળ્યો હતો. એશિયા ચેમ્પિયનશિપના સિલ્વર મેડલિસ્ટ આયુષ શેટ્ટીએ જાપાનના વિશ્વના ૯મા નંબરના ખેલાડી કોડાઈ નારાઓકા સામે જોરદાર ટક્કર આપી હતી, પરંતુ અંતે ૧૩-૨૧, ૨૧-૧૭, ૪-૨૧ થી તેનો પરાજય થયો હતો. તેવી જ રીતે ૧૮ વર્ષીય ઉન્નતિ હૂડાએ થાઈલેન્ડની ચોથી ક્રમાંકિત ખેલાડી સામે પ્રથમ ગેમ જીતીને આશા જગાવી હતી, પરંતુ અનુભવના અભાવે તે ૧૧-૨૧, ૨૧-૧૭, ૨૧-૧૬ થી હારી ગઈ હતી.

હવે પછીના મુકાબલામાં લક્ષ્ય સેન, અન્મોલ ખરબ અને માલવિકા બંસોડ જેવા ખેલાડીઓ એક્શનમાં જોવા મળશે. મિક્સ્ડ ડબલ્સમાં પણ ત્રણ ભારતીય જોડીઓ પોતાનું નસીબ અજમાવશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ સાત્વિક-ચિરાગની જોડી અગાઉ જ પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી ચુકી છે.

## ફર્નાન્ડીઝે ફૂટબોલ ક્લબ સાથે કરાર કર્યા અને રીલ લાઈફ બની રિયલ લાઈફ

### ટેડ લાસો ફેમ અભિનેતાની નવી સફર થી ચાહકોમાં ભારે ઉત્તેજના



(એજન્સી) બેંગલુરુ । તા. 13

લોકપ્રિય ટીવી શ્રેણી ‘ટેડ લાસો’માં પોતાની અદભૂત ભૂમિકાથી લાખો લોકોના દિલ જીતનાર મેક્સિકન અભિનેતા ક્રિસ્ટો ફર્નાન્ડીઝે હવે પડદા પરના ખેલાડીની ભૂમિકાને વાસ્તવિક જીવનમાં ઉતારી છે. ૩૫ વર્ષીય અભિનેતાએ અમેરિકાની બીજા સ્તરની પ્રોફેશનલ ફૂટબોલ ક્લબ ‘એલ પાસો લોકોમોટિવ એફસી’ સાથે સત્તાવાર રીતે કરાર કર્યા છે. આ સાથે જ ક્રિસ્ટોએ સાબિત કરી દીધું છે કે સપના પૂરા કરવાની કોઈ નિશ્ચિત ઉંમર હોતી નથી.

ક્રિસ્ટો ફર્નાન્ડીઝની આ સફર કોઈ ફિલ્મી વાર્તાથી ઓછી નથી. ૧૫ વર્ષની નાની ઉંમરે ઘૂંટણની ગંભીર ઈજાના કારણે તેણે મેક્સિકોમાં ફૂટબોલ રમવાનું છોડી દેવું પડ્યું હતું. જોકે, ૨૦ વર્ષ બાદ તેણે ફરીથી તે જ જુસ્સા સાથે મેદાનમાં વાપસી કરી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, આ વર્ષની શરૂઆતમાં તેણે મેજર લીગ ફૂટબોલની શિકાગો ફાયર ટીમ સાથે પણ તાલીમ લીધી હતી અને ત્યારબાદ બે મહિનાના કઠિન ટ્રાયલ પછી તેને ‘એલ પાસો’ ટીમમાં સ્થાન મળ્યું છે.

ક્લબના હેડ કોચ જુનિયર ગોન્ઝાલેઝે જણાવ્યું હતું કે, “ક્રિસ્ટો અમારા આક્રમક વિભાગમાં એક નવી ઊર્જા લાવશે. રમત પ્રત્યેનો તેનો પ્રેમ અને તેની નેતૃત્વ ક્ષમતા અમારા ડ્રેસિંગ રૂમના વાતાવરણને વધુ સકારાત્મક બનાવશે.” મીડિયા અહેવાલ મુજબ, ક્રિસ્ટોએ ક્લબની વેબસાઈટ પર પોતાની લાગણી વ્યક્ત કરતા કહ્યું હતું કે, “ફૂટબોલ હંમેશા મારા જીવન અને ઓળખનો મોટો હિસ્સો રહ્યો છે. હું કદાચ એક એવો ક્રેઝી માણસ છું જે પાગલ સપના જોવામાં માને છે.”

એપલ ટીવી પ્લસની હિટ શો ‘ટેડ લાસો’માં ક્રિસ્ટોએ દાની રોજાસનું પાત્ર ભજવ્યું હતું, જેમાં તેનો સંવાદ “ફૂટબોલ ઈઝ લાઈફ” વિશ્વભરમાં ફેમસ થયો હતો. હવે આ જ સંવાદને તે ખરેખર જીવવા માટે તૈયાર છે.



સ્ટાર ફાસ્ટ બોલર ટીમમાંથી બહાર થતા ચાહકોમાં આશ્ચર્ય ફેલાયું

## ઓસ્ટ્રેલિયાની મહિલા ટી૨૦ વર્લ્ડ કપ ટીમ જાહેર થતા સ્ટાર ફાસ્ટ બોલર ટીમમાંથી બહાર

(એજન્સી) મેલબોર્ન । તા. 13

ઈંગ્લેન્ડની ધરતી પર રમાનારા આગામી આઈસીસી મહિલા ટી૨૦ વર્લ્ડ કપ માટે ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાએ પોતાની ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરી દીધી છે. આ જાહેરાતમાં સૌથી મોટો આંચકો સ્ટાર ફાસ્ટ બોલર ડાર્સી બ્રાઉનને લાગ્યો છે, જેની બાદબાકી કરીને પસંદગીકારોએ સૌને ચોંકાવી દીધા છે. બ્રાઉનની જગ્યાએ બિનઅનુભવી ડાબોડી ફાસ્ટ બોલર લ્યુસી હેમિલ્ટનનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ટીમનું નેતૃત્વ અનુભવી સ્પિનર સોફી મોલિનક્સના હાથમાં સોંપવામાં આવ્યું છે.

ઓસ્ટ્રેલિયાની આ ટીમમાં એલિસ પેરી, બેથ મૂની અને એશ્લે ગાર્ડનર જેવા દિગ્ગજ ખેલાડીઓનો સમાવેશ થાય છે. ખાસ કરીને જ્યોર્જિયા વોલ અને ફોબ લિચફિલ્ડ જેવી યુવા પ્રતિભાઓ પર પસંદગીકારોએ વધુ વિશ્વાસ દાખવ્યો છે. જ્યોર્જિયા વોલે તાજેતરમાં વિમેન્સ પ્રીમિયર લીગ (WPL) માં શાનદાર પ્રદર્શન કરીને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને ચેમ્પિયન બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી, જેનો તેને ઈનામ મળ્યો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, એલિસ પેરી ૫૦ વર્લ્ડ કપ મેચ રમનાર પ્રથમ ખેલાડી બનવાની ઉંબરે છે.

ડાર્સી બ્રાઉન જેવી મહત્વની બોલરને બહાર રાખવાનો નિર્ણય ઘણો સાહસિક માનવામાં આવે છે. મીડિયા અહેવાલ મુજબ, લ્યુસી હેમિલ્ટને અંડર-૧૯ સ્તરે અને ભારત સામેની તાજેતરની શ્રેણીમાં પ્રભાવશાળી પ્રદર્શન કર્યું હતું, જેના કારણે તેને આ મહત્વની ટુર્નામેન્ટમાં તક મળી છે. આ ઉપરાંત, મુંબઈ ઈન્ડિયન્સ તરફથી ડબલ્યુપીએલમાં ચમકનારી નિકોલા કેરી પણ ટીમમાં પુનરાગમન કરવામાં સફળ રહી છે.

## ભારત અને પાકિસ્તાન સાથે કડક ટક્કર

આગામી વિશ્વ કપમાં ઓસ્ટ્રેલિયાને ગ્રુપ ૧ માં રાખવામાં આવ્યું છે, જ્યાં તેનો સામનો ભારત, પાકિસ્તાન, દક્ષિણ આફ્રિકા અને બાંગ્લાદેશ જેવી મજબૂત ટીમો સામે થશે. ઓસ્ટ્રેલિયા તેની પ્રથમ મેચ ૧૩ જૂને માન્ચેસ્ટર ખાતે દક્ષિણ આફ્રિકા સામે રમશે. છ વખતની ચેમ્પિયન ટીમ આ વખતે પણ ટાઈટલ જીતવા માટે પ્રબળ દાવેદાર માનવામાં આવે છે, પરંતુ ભારત જેવી ટીમો સામેનો મુકાબલો ઘણો રસપ્રદ બની રહેશે. ટીમમાં ઓલરાઉન્ડર તાહલિયા વિલ્સનને ટ્રાવેલિંગ રિઝર્વ તરીકે રાખવામાં આવી છે.

આઈપીએલ // હૈદરાબાદનો શરમજનક પરાજય ઈતિહાસમાં અંકિત

# ગુજરાત ટાઈટન્સની જીત વિજય રથ અવિરત

(એજન્સી) અમદાવાદ । તા. 13

નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલા હાઈ-વોલ્ટેજ મુકાબલામાં ગુજરાત ટાઈટન્સે આઈપીએલ ૨૦૨૬માં પોતાની સર્વશ્રેષ્ઠ રમત બતાવીને સનરાઈઝર્સ હૈદરાબાદને ૮૨ રનના વિશાળ અંતરથી ધૂળ ચટાડી છે. રનની દ્રષ્ટિએ આ ગુજરાત ટાઈટન્સના ઈતિહાસનો અત્યાર સુધીનો સૌથી મોટો વિજય છે, જ્યારે હૈદરાબાદ માટે આ એક કાળો રેકોર્ડ સાબિત થયો છે. સતત પાંચમી જીત સાથે ગુજરાતની ટીમ હવે પોઈન્ટ ટેબલમાં ૧૬ પોઈન્ટ્સ મેળવીને ટોચના સ્થાને પહોંચી ગઈ છે. જેસન હોલ્ડર અને કગિસો રબાડાની ઘાતક બોલિંગ સામે હૈદરાબાદની મજબૂત બેટિંગ લાઈન-અપ પત્તાના મહેલની જેમ વિખેરાઈ ગઈ હતી.



મુકાબલામાં ૧૬૯ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી સનરાઈઝર્સ હૈદરાબાદની શરૂઆત અત્યંત કમનસીબ રહી હતી. પાવરપ્લેમાં જ ગુજરાતે શિકાર શરૂ કર્યો હતો, જેમાં મોહમ્મદ સિરાજે વિસ્ફોટક ટ્રેવિસ હેડને શૂન્ય રને આઉટ કરીને પ્રારંભિક ઝટકો આપ્યો હતો. ત્યારબાદ કગિસો રબાડાનો જાદુ ચાલ્યો, તેણે અભિષેક શર્મા, ઈશાન કિશન અને સ્મરણ રવિચંદ્રનની વિકેટો ઝડપીને હૈદરાબાદનો સ્કોર ૩૨ રને ૪ વિકેટ કરી નાખ્યો હતો. હૈદરાબાદના બેટ્સમેનો પાસે ગુજરાતની સચોટ લાઈન અને લેન્થનો કોઈ જવાબ નહોતો.

મેચમાં નિર્ણાયક વળાંક ત્યારે આવ્યો જ્યારે જેસન હોલ્ડરે બોલ હાથમાં લીધો. હોલ્ડરે એક જ ઓવરમાં હેનરિક ક્લાસેન અને નીતીશ કુમાર રેડ્ડી જેવા ખતરનાક બેટ્સમેનોને પેવેલિયન ભેગા કરીને હૈદરાબાદની જીતની આશાઓ પર પાણી ફેરવી દીધું હતું. હૈદરાબાદની ટીમ માત્ર ૮૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ગુજરાત તરફથી રબાડા અને હોલ્ડરે ત્રણ-ત્રણ વિકેટ ઝડપી હતી, જ્યારે પ્રસિદ્ધ કૃષ્ણાને બે સફળતા મળી હતી. રાશિદ ખાન અને સિરાજે પણ પોતપોતાનું યોગદાન આપ્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, ગુજરાતની આ શિસ્તબદ્ધ બોલિંગે વિરોધી ટીમના મનોબળને તોડી નાખ્યું હતું.

### સાઈ સુદર્શન અને વોશિંગ્ટન સુંદરની અડધી સદી

અગાઉ ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ગુજરાત ટાઈટન્સની શરૂઆત પણ નબળી રહી હતી. કેપ્ટન શુભમન ગિલ અને જોસ બટલર સસ્તામાં આઉટ થયા બાદ સાઈ સુદર્શન અને વોશિંગ્ટન સુંદરે બાજી સંભાળી હતી. સાઈ સુદર્શને ૪૪ બોલમાં શાનદાર ૬૧ રન ફટકાર્યા હતા, જ્યારે વોશિંગ્ટન સુંદરે અંતિમ ઓવરોમાં આક્રમક બેટિંગ કરતા ૩૩ બોલમાં ૫૦ રનની ઈનિંગ રમી હતી. આ બંનેની મજબૂત ભાગીદારીના જોરે ગુજરાતે ૫ વિકેટ પર ૧૬૮ રનનો સ્પર્ધાત્મક સ્કોર ઉભો કર્યો હતો, જે બાદમાં હૈદરાબાદ માટે પહાડ જેવો સાબિત થયો હતો.

ભારતીય મહિલા ફૂટબોલ લીગ ૨૦૨૫-૨૬ માં મશાલ ગર્લ્સનો દબદબો

# ઈસ્ટ બંગાળ IWL ચેમ્પિયન બન્યું અને સતત બીજી વાર ટાઈટલ જાળવી રાખ્યું

(એજન્સી) કોલકાતા । તા. 13

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં ફૂટબોલ પ્રેમીઓ માટે ઉત્સવનો માહોલ છે, કારણ કે ઈસ્ટ બંગાળ એફસીએ ઈન્ડિયન વિમેન્સ લીગ (IWL) ૨૦૨૫-૨૬ નું ટાઈટલ અત્યંત શાનદાર શૈલીમાં જીતી લીધું છે. મંગળવારે રમાયેલા નિર્ણાયક મુકાબલામાં નીતા ફૂટબોલ એકેડેમીને ૨-૦ થી હરાવીને ઈસ્ટ બંગાળે બે મેચ બાકી હોવા છતાં પોતાનો તાજ જાળવી રાખ્યો છે. આ વિજય સાથે જ ‘મશાલ ગર્લ્સ’ તરીકે જાણીતી આ ટીમે સાબિત કરી દીધું છે કે તેઓ દેશની સર્વશ્રેષ્ઠ મહિલા ફૂટબોલ ટીમ છે.



પોતાના ઘરઆંગણે રમી રહેલી ઈસ્ટ બંગાળની ટીમે શરૂઆતથી જ મેચ પર પકડ જમાવી હતી. મેચની ૨૫મી મિનિટે આશા લતા દેવીના લોંગ પાસ પર સૌમ્યા ગુગુલોથે આકર્ષક ગોલ કરીને ટીમને ૧-૦ ની લીડ અપાવી હતી. બીજા હાફમાં પણ આક્રમણ જાળવી રાખતા ૬૫મી મિનિટે ફાઝિલાના પાસ પર સૌમ્યાએ પોતાનો બીજો ગોલ કરીને ટીમની જીત પર મહોર મારી દીધી હતી. તેના આ શાનદાર પ્રદર્શન બદલ તેને ‘પ્લેયર ઓફ ધ મેચ’ જાહેર કરવામાં આવી હતી.

ભારતીય મહિલા ફૂટબોલ લીગ ૨૦૨૫-૨૬ ના ૧૨મા રાઉન્ડના અંતે ઈસ્ટ બંગાળ ૩૩ પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને છે. સેથુ એફસી ૨૩ પોઈન્ટ સાથે બીજા અને કિકસ્ટાર્ટ એફસી ૧૯ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે. અન્ય મેચોમાં ગોકુલમ કેરાલાએ શ્રીભૂમિ એફસીને ૧-૦ થી હરાવ્યું હતું, જ્યારે સેથુ એફસી અને સેસા એકેડેમી વચ્ચેની મેચ ૧-૧ થી ડ્રો રહી હતી. કિકસ્ટાર્ટ કર્ણાટકે પણ ગઢવાલ યુનાઈટેડ સામે ૧-૦ થી વિજય મેળવ્યો હતો.

ઈસ્ટ બંગાળની આ જીત મહિલા ફૂટબોલ ક્ષેત્રે એક નવો અધ્યાય લખી રહી છે.

ચીને અમેરિકા માટે ચાર લક્ષ્મણ રેખા નક્કી કરી, વૈશ્વિક વ્યાપાર અને રાજદ્વારી જંગ પર દુનિયાની નજર

# ટ્રમ્પની ચીન મુલાકાત બેજિંગે ખેંચી 4 લક્ષ્મણ રેખા

(એજન્સી) વોશિંગ્ટન/બેજિંગ । તા. 13

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તેમની ત્રણ દિવસીય ઐતિહાસિક ચીન મુલાકાત માટે રવાના થઈ ચૂક્યા છે, પરંતુ આ મુલાકાત શરૂ થાય તે પહેલા જ ચીને અત્યંત આક્રમક વલણ અપનાવ્યું છે. બેજિંગે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે બંને દેશો વચ્ચેના સંબંધોમાં 'ચાર લક્ષ્મણ રેખા' (ફોર રેડ લાઈન્સ) એવી છે જેને કોઈ પણ સંજોગોમાં પડકારી શકાશે નહીં. ૧૩ થી ૧૫ મે દરમિયાન યોજાનારી આ મુલાકાત પર સમગ્ર વિશ્વની નજર ટકેલી છે, કારણ કે આ બે મહાસત્તાઓ વચ્ચેના સંબંધો આગામી દાયકાના વૈશ્વિક અર્થતંત્ર અને સુરક્ષાની દિશા નક્કી કરશે.

### ચીનની ચાર શરતો અને રાજદ્વારી મર્યાદા

ચીની દૂતાવાસ દ્વારા જાહેર કરવામાં આવેલી યાદી મુજબ, અમેરિકાએ ખાસ કરીને તાઈવાનનો મુદ્દો, લોકશાહી અને માનવાધિકાર, ચીનની રાજકીય વ્યવસ્થા અને તેના વિકાસના અધિકારને પડકારવો જોઈએ નહીં. મીડિયા અહેવાલ મુજબ, ચીને સ્પષ્ટ કર્યું છે કે પરસ્પર સન્માન અને શાંતિપૂર્ણ સહ-અસ્તિત્વ જ આગળ વધવાનો સાચો માર્ગ છે. જો ટ્રમ્પ વહીવટીતંત્ર આ સંવેદનશીલ મુદ્દાઓ પર દખલગીરી કરશે, તો વ્યાપારિક મંત્રણાઓ જોખમમાં મુકાઈ શકે છે. ચીન આ મુદ્દાઓને પોતાની સાર્વભૌમત્વ અને આંતરિક બાબતો માને છે.

રસપ્રદ વાત એ છે કે પ્રમુખ ટ્રમ્પ એકલા નથી જઈ રહ્યા. તેમની સાથે અમેરિકાના ટોચના ઉદ્યોગપતિઓનું એક મોટું પ્રતિનિધિમંડળ એરફોર્સ વનમાં ચીન પહોંચી રહ્યું છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પુષ્ટિ કરી છે કે એનવીડિયાના સીઈઓ જેન્સેન હુઆંગ પણ તેમની સાથે છે. આ ઉપરાંત ટેસ્લાના એલોન મસ્ક, એપલના ટિમ કૂક, બ્લેકરોકના લેરી ફિંક અને ગોલ્ડમેન સૅક્સના ડેવિડ સોલોમન જેવા દિગ્ગજો પણ આ પ્રવાસનો હિસ્સો છે. ટ્રમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય ચીનના બજારોને અમેરિકન



કંપનીઓ માટે વધુ ખુલ્લા કરવાનો છે.

મુલાકાત પૂર્વે ટ્રમ્પે મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, તેઓ ચીની પ્રમુખ શી જિનપિંગને ચીની બજાર 'ખોલવા' માટે વિનંતી કરશે. ટ્રમ્પના મતે, જો ચીન આર્થિક રીતે વધુ ખુલ્લું બને તો અમેરિકાના તેજસ્વી ઉદ્યોગપતિઓ ત્યાં પોતાનો જાદુ ચલાવી શકે છે અને બંને દેશોને સમૃદ્ધ બનાવી શકે છે. વ્યાપાર આ મુલાકાતનો મુખ્ય એજન્ડા રહેશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, અમેરિકા ચીન સાથે સંતુલિત વ્યાપાર અને ટેકનોલોજીની આપ-લે માટે નવા કરારો કરવા ઉત્સુક છે, પરંતુ ટેરિફ અને ઈમ્પોર્ટ ડ્યુટી જેવા મુદ્દાઓ પર હજુ પણ ખેંચતાણ ચાલુ છે.

જ્યારે પત્રકારોએ ટ્રમ્પને પૂછ્યું કે શું શી જિનપિંગ ઈરાન સાથેની સમજૂતીમાં મદદ કરી શકે છે, ત્યારે ટ્રમ્પે આત્મવિશ્વાસ સાથે જવાબ આપ્યો હતો કે તેમને ઈરાન મુદ્દે કોઈની મદદની જરૂર નથી. તેમણે દાવો કર્યો હતો કે ઈરાન લશ્કરી રીતે હારી ચૂક્યું છે અને તે કાં તો સાચો રસ્તો પસંદ કરશે અથવા અમેરિકા તે કામ પૂરું કરશે. જોકે, દક્ષિણ ચીન સમુદ્ર અને રશિયા-યુક્રેન યુદ્ધ જેવા મુદ્દાઓ પર પણ આ બંને નેતાઓ વચ્ચે ખાનગીમાં ચર્ચા થવાની શક્યતા છે. વ્હાઈટ હાઉસના જણાવ્યા અનુસાર, ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પ આ વખતે ચીન પ્રવાસમાં જોડાશે નહીં.

ઈરાન પરમાણુ બોમ્બ ધમકી

# તેહરાનની ખુલ્લી ચેતવણીથી વિશ્વ સ્તબ્ધ



(એજન્સી) તહેરાન/વોશિંગ્ટન । તા. 13

મધ્યપૂર્વમાં ચાલી રહેલો સંઘર્ષ હવે વિનાશક વળાંક લઈ રહ્યો હોય તેમ જણાય છે. ઈરાને અમેરિકાને સીધી અને અત્યંત ગંભીર ધમકી આપી છે કે જો તેના પર લશ્કરી હુમલો કરવામાં આવશે, તો તે વળતા જવાબમાં પરમાણુ બોમ્બ બનાવવામાં જરાય અચકાશે નહીં. ઈરાનની સંસદના પ્રવક્તા ઈબ્રાહિમ રેજાઈએ આ સનસનાટીભર્યા નિવેદન સાથે સ્પષ્ટ કર્યું છે કે તેહરાન હવે પોતાની સુરક્ષા માટે અંતિમ હદ સુધી જવા તૈયાર છે. આ જાહેરાત બાદ વૈશ્વિક રાજકારણમાં ભૂકંપ જેવી સ્થિતિ સર્જાઈ છે અને પરમાણુ યુદ્ધનો ખતરો વાસ્તવિક જણાવા લાગ્યો છે.

ઈરાનની સંસદના જણાવ્યા અનુસાર, દેશ પાસે હાલમાં ૬૦ ટકા સંવર્ધિત ૪૦૦ કિલોગ્રામ યુરેનિયમનો જથ્થો ઉપલબ્ધ છે. પ્રવક્તાએ ચેતવણી આપી છે કે અમેરિકાના હુમલાના કિસ્સામાં ઈરાન આ ૬૦ ટકા સંવર્ધિત યુરેનિયમને ગણતરીના સમયમાં ૯૦ ટકા સુધી લઈ જઈને પરમાણુ શસ્ત્રોનું નિર્માણ કરશે. અમેરિકન જાસૂસી એજન્સીઓના મીડિયા અહેવાલ મુજબ, ઈરાનનો પરમાણુ કાર્યક્રમ હવે એવી સ્થિતિમાં છે કે જ્યાં સુધી આ યુરેનિયમ ભંડારને સંપૂર્ણપણે નાબૂદ કરવામાં ન આવે, ત્યાં સુધી તેના પર લગામ લગાવવી અશક્ય છે. ઈરાની સ્પીકર મોહમ્મદ ગાલિફે ભારપૂર્વક કહ્યું છે કે અમેરિકાએ તેમના ૧૪ સૂત્રીય પ્રસ્તાવ સ્વીકારવા જ પડશે, અન્યથા તેની કિંમત અમેરિકન કરદાતાઓએ ચૂકવવી પડશે.

બીજી તરફ, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનની શાંતિ દરખાસ્તોને 'કચરો' ગણાવીને ફગાવી દીધી છે. ટ્રમ્પ વહીવટીતંત્રનું માનવું છે કે ઈરાન માત્ર સમય પસાર કરવા માટે આવી મંત્રણાઓ કરી રહ્યું છે. ટ્રમ્પના આ કડક વલણ બાદ મધ્યપૂર્વમાં શાંતિ સ્થપાવાની આશાઓ લગભગ ઓસરી ગઈ છે. વોશિંગ્ટન તરફથી મળતા સંકેતો મુજબ, અમેરિકા ઈરાનના પરમાણુ કેન્દ્રો પર સર્જિકલ સ્ટ્રાઈક કરવાની યોજના બનાવી રહ્યું છે, જેની સામે ઈરાને પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરવાની ધમકી આપીને બાજી પલટવાનો પ્રયાસ કર્યો છે.

માત્ર અમેરિકા જ નહીં, પરંતુ ઈરાનના પાડોશી દેશો પણ હવે ભયના ઓથાર હેઠળ છે. કુવૈતે ગંભીર આરોપ લગાવ્યો છે કે ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડના કમાન્ડોએ પર્સિયન ગલ્ફમાં આવેલા તેના 'બુબિયન ટાપુ' પર કબજો કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે ઈરાને આ અંગે મૌન સેવ્યું છે. તે જ સમયે, ઈઝરાયેલે ઈરાનના સંભવિત મિસાઈલ પ્રહારોથી બચવા માટે યુનાઈટેડ આરબ અમીરાત (યુએઈ) ને પોતાની 'આયર્ન ડોમ' સંરક્ષણ પ્રણાલી પૂરી પાડી છે અને સૈનિકોને તાલીમ આપવા માટે નિષ્ણાતો મોકલ્યા છે. બહેરીને પણ ઈરાન માટે જાસૂસી કરનારા બે ડઝનથી વધુ લોકોને કડક સજા ફટકારીને કડક વલણ અપનાવ્યું છે. વૈશ્વિક સ્તરે ઈરાનને અલગ-થલગ કરવાના પ્રયાસો તેજ બન્યા છે.

### પાક.ની શંકાસ્પદ ભૂમિકા અને અમેરિકાનો આક્રોશ

આ યુદ્ધ જેવી સ્થિતિમાં પાકિસ્તાન ફરી એકવાર વિવાદોના ઘેરામાં આવ્યું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પાકિસ્તાને તેના 'નૂર ખાન એરબેઝ' પર ઈરાની લશ્કરી વિમાનોને અમેરિકન હુમલાથી બચવા માટે આશરો આપ્યો છે. સેટેલાઈટ તસવીરોમાં આ પોલ ખુલી જતાં અમેરિકા લાલઘૂમ થયું છે. પાકિસ્તાનનો બચાવ અમેરિકાના ગળે ઉતરતો નથી, કારણ કે ભૂતકાળમાં ઓસામા બિન લાદેન પણ પાકિસ્તાનની ધરતી પરથી જ મળી આવ્યો હતો. આ ઘટનાએ સાબિત કર્યું છે કે પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સ્તરે બેવડી રમત રમી રહ્યું છે, જેના પરિણામો તેને ભોગવવા પડી શકે છે.

## ન્યૂઝ બ્રીફ

### પશ્ચિમ એશિયામાં યુદ્ધના ભણકારા વચ્ચે સાઉદીનું રક્ષણાત્મક વલણ



રિયાધ | પશ્ચિમ એશિયાના ગંભીર અશાંત વાતાવરણમાં એક અત્યંત ચોંકાવનારો ખુલાસો થયો છે, જેમાં સાઉદી અરેબિયાએ ઈરાન વિરુદ્ધ સીધી લશ્કરી કાર્યવાહી કરી હોવાનું સામે આવ્યું છે. અત્યાર સુધી પડદા પાછળ રહીને રણનીતિ ઘડતા સાઉદી અરેબિયાએ માર્ચ મહિનાના અંતિમ દિવસોમાં ઈરાનના સૈન્ય ઠેકાણાઓ પર અનેક ગુપ્ત હવાઈ હુમલાઓ કરીને સમગ્ર વિશ્વને અચંબામાં મૂકી દીધું છે. આ ઓપરેશન એટલી ગુપ્ત રીતે પાર પાડવામાં આવ્યું હતું કે તેની ભણક દુનિયાના અન્ય દેશોને પણ લાગી નહોતી. આ આક્રમક કાર્યવાહી પાછળ સાઉદી અરેબિયા પર થયેલા સતત ડ્રોન અને મિસાઈલ હુમલાઓ જવાબદાર માનવામાં આવે છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, માર્ચના અંતિમ સપ્તાહમાં ઈરાન દ્વારા તે તમામ દેશોને નિશાન બનાવવામાં આવી રહ્યા હતા જ્યાં અમેરિકન સૈન્યની હાજરી હતી. પોતાની સાર્વભૌમત્વની રક્ષા કાજે સાઉદી વાયુસેનાએ વળતો પ્રહાર કરવાનો મક્કમ નિર્ણય લીધો હતો. આશ્ચર્યજનક રીતે, આ હુમલાઓ પૂર્વે ઈરાનને કૂટનીતિક સ્તરે જાણ કરવામાં આવી હોવાનું પણ કહેવાય છે.

### બ્રાઝિલનું એન્ટી-ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ ઓપરેશન શરૂ કરી ગુનેગારોની કમર તોડી નંખાશે



સાઓ પાઉલો | બ્રાઝિલની લુલા સરકારે સંગઠિત ગુનાખોરીના આર્થિક અને ઓપરેશનલ માળખાને જડમૂળથી ઉખેડી નાખવા માટે એક અત્યંત મહત્વકાંક્ષી રાષ્ટ્રીય વ્યૂહરચનાની જાહેરાત કરી છે. મંગળવારે લોન્ચ કરવામાં આવેલા 'બ્રાઝિલ અગેન્સ્ટ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ પ્રોગ્રામ' હેઠળ દેશમાં સક્રિય ગુનાહિત ગેંગના આર્થિક સ્ત્રોતો, શસ્ત્રોની હેરાફેરી અને જેલમાંથી ચાલતા નેટવર્કને તોડી પાડવા માટે ૧૧ અબજ રિયાલના જંગી રોકાણની જાહેરાત કરવામાં આવી છે. આ ઓપરેશનનો મુખ્ય હેતુ માત્ર સશસ્ત્ર ગેંગોને પકડવાનો જ નહીં, પરંતુ તેમની નાણાકીય કરોડરજ્જુ તોડી નાખવાનો છે. આ યોજનાના પ્રથમ તબક્કા હેઠળ, ગેરકાયદેસર નાણાકીય વ્યવહારો રોકવા માટે ૩૮૮.૯ મિલિયન રિયાલ ફાળવવામાં આવ્યા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, સરકાર એકીકૃત ટાસ્ક ફોર્સની રચના કરશે જે આંતરરાજ્ય કામગીરીનું સંકલન કરશે. ન્યાય મંત્રાલય દ્વારા ગુનેગારોની મિલકતો ઝડપથી જપ્ત કરી તેની હરાજી કરવાની પ્રક્રિયા પણ તેજ કરવામાં આવશે, જેથી ગુનાહિત આવકનો ઉપયોગ રોકી શકાય.

પાકિસ્તાનની બેવડી નીતિનો પર્દાફાશ થયો, ઈરાની સૈન્ય વિમાન વિવાદથી આંતરરાષ્ટ્રીય સ્તરે ફજેતી

# પાકિસ્તાનનો અમેરિકા સાથે દગો ઈરાની વિમાન દેખાતા ખળભળાટ

(એજન્સી) ઈસ્લામાબાદ । તા. 13

વૈશ્વિક સ્તરે શાંતિદૂત બનવાનો ઢોંગ કરતા પાકિસ્તાનનો મોટો પર્દાફાશ થયો છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ભારે તણાવ વચ્ચે પાકિસ્તાને ગુપ્ત રીતે ઈરાની સૈન્ય વિમાનોને પોતાના એરબેઝ પર આશરો આપ્યો હોવાના પુરાવા સામે આવ્યા છે. સેટેલાઈટ તસવીરોએ પાકિસ્તાનના જૂઠને ઉઘાડું પાડ્યું છે, જેમાં રાવલપિંડી સ્થિત 'નૂર ખાન એરબેઝ' પર ઈરાની વાયુસેનાનું સૈન્ય પરિવહન વિમાન સ્પષ્ટપણે જોવા મળી રહ્યું છે. આ ઘટનાએ વોશિંગ્ટન અને ઈસ્લામાબાદ વચ્ચેના સંબંધોમાં વળાંક લાવી દીધો છે અને પાકિસ્તાનની વિશ્વસનીયતા પર ગંભીર સવાલો ઊભા કર્યા છે.

તાજેતરના મીડિયા અહેવાલ મુજબ, અત્યંત સંવેદનશીલ ગણાતા પાકિસ્તાની સૈન્ય મથક પર ઈરાનનું C-130 હર્ક્યુલસ વિમાન લાંબા સમય સુધી રોકાયેલું જોવા મળ્યું હતું. સંરક્ષણ નિષ્ણાતોનું માનવું છે કે જ્યારે અમેરિકા ઈરાન પર સખત સૈન્ય દબાણ બનાવી રહ્યું છે, ત્યારે પાકિસ્તાને ઈરાની વિમાનોને અમેરિકન હુમલાઓથી બચાવવા માટે સુરક્ષિત આશરો પૂરો પાડ્યો છે. આ ખુલાસા બાદ પાકિસ્તાન હવે આંતરરાષ્ટ્રીય સ્તરે અલગ-થલગ પડી રહ્યું હોય તેમ જણાય છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ વિમાન જાસૂસી અને સૈન્ય સાધન સામગ્રીની હેરફેર માટે સક્ષમ હોવાથી મામલો વધુ ગંભીર બન્યો છે.

આ ગંભીર આરોપો બાદ પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે હંમેશની જેમ બચાવની મુદ્રા અપનાવી છે. મંત્રાલયે સત્તાવાર નિવેદનમાં ઈરાની સૈન્ય વિમાનોની કાયમી હાજરીને નકારી કાઢી છે, પરંતુ અડધી-પડધી કબૂલાત કરતા જણાવ્યું છે કે ઈરાની અને અમેરિકન વિમાનોએ સુરક્ષા ટીમોની અવરજવર માટે પાકિસ્તાનના હવાઈ ક્ષેત્રનો ઉપયોગ કર્યો હતો. જોકે, આ ખુલાસો ગળે ઉતરે તેમ નથી, કારણ કે RC-130 જેવા સંવેદનશીલ જાસૂસી વિમાનોની હાજરી પાછળના ઠોસ કારણો



આપવામાં પાકિસ્તાન નિષ્ફળ રહ્યું છે. આ ઘટનાએ સાબિત કર્યું છે કે પાકિસ્તાન 'ડબલ ગેમ' રમી રહ્યું છે.

આ સમાચાર વાયુવેગે ફેલાતા અમેરિકાના રાજકીય વર્તુળોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ટ્રમ્પ વહીવટીતંત્રના પ્રભાવશાળી સીનેટરોએ પાકિસ્તાનની ભૂમિકા પર આકરા પ્રહારો કર્યા છે. લિન્ડસે ગ્રાહમ જેવા નેતાઓએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે પાકિસ્તાન પર વિશ્વાસ કરવો એ ભૂલ સાબિત થઈ શકે છે. અમેરિકન અધિકારીઓને આશંકા છે કે પાકિસ્તાન મધ્યસ્થીના નામે ઈરાનના વલણને વધુ પડતું સકારાત્મક દર્શાવીને અમેરિકાની આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ કરી રહ્યું છે. પાકિસ્તાન દ્વારા ઈરાન સાથેની મંત્રણાની સાચી વિગતો છુપાવવામાં આવી રહી હોવાનું પણ માનવામાં આવે છે.

### ઈઝરાયલ અને સાથી દેશોની કડક નજર

પશ્ચિમ એશિયામાં બદલાતા સમીકરણો વચ્ચે ઈઝરાયલ અને અન્ય પશ્ચિમી દેશો હવે પાકિસ્તાન પર બાજ નજર રાખી રહ્યા છે. પાકિસ્તાનનું ઈઝરાયલ વિરોધી વલણ અને હવે ઈરાન સાથેની આ ગુપ્ત સાંઠગાંઠે વૈશ્વિક સુરક્ષા માટે નવો પડકાર ઊભો કર્યો છે. મીડિયા અહેવાલ અનુસાર, અમેરિકા હવે પાકિસ્તાનને અપાતી સૈન્ય અને આર્થિક સહાયમાં કાપ મુકવા અંગે પણ ગંભીરતાથી વિચારી શકે છે. જો પાકિસ્તાન તેની બેવડી નીતિ છોડશે નહીં, તો તેને આંતરરાષ્ટ્રીય સ્તરે આર્થિક પ્રતિબંધોનો પણ સામનો કરવો પડી શકે છે.

### વ્યૂહાત્મક ભૂલ કે જાણીજોઈને લેવાયેલું પગલું?

નિષ્ણાતો માને છે કે પાકિસ્તાન પોતાની આંતરિક આર્થિક હાલત સુધારવા માટે એક તરફ અમેરિકા પાસે મદદની આશા રાખે છે અને બીજી તરફ ઈસ્લામિક દેશોમાં પોતાની છબી સુધારવા ઈરાનને મદદ કરી રહ્યું છે. પરંતુ આ 'બે કાંઠે પગ' રાખવાની નીતિ હવે તેને ભારે પડી રહી છે. જળબંબાકારની સ્થિતિ હોય કે યુદ્ધ જેવી પરિસ્થિતિ, પાકિસ્તાન હંમેશા તકવાદી રહ્યું છે, પરંતુ ૨૦૨૬ના આધુનિક ટેકનોલોજીના યુગમાં હવે કોઈ પણ હિલચાલ છૂપી રહેવી મુશ્કેલ છે.

# મેક્સિકોમાં સીઆઈએનું ગુપ્ત ઓપરેશન શરૂ થતા ડ્રગ માફિયાઓમાં ભારે હાહાકાર

(એજન્સી) વોશિંગ્ટન । તા. 13

અમેરિકાની ગુપ્તચર એજન્સી સીઆઈએ (CIA) એ મેક્સિકોમાં ડ્રગ કાર્ટેલ વિરુદ્ધ તેના ગુપ્ત અભિયાનોમાં ધરખમ વધારો કર્યો હોવાના મીડિયા અહેવાલથી આંતરરાષ્ટ્રીય સ્તરે ખળભળાટ મચી ગયો છે. અહેવાલ મુજબ, અમેરિકાએ હવે મધ્ય પૂર્વમાં આતંકવાદીઓ વિરુદ્ધ જેવી રણનીતિ અપનાવી હતી, તેવી જ 'કાઉન્ટર-ટેરરિઝમ' શૈલીમાં ડ્રગ માફિયાઓના નેટવર્કને તોડવાનું શરૂ કર્યું છે. આ અભિયાનમાં ટાર્ગેટેડ કિલિંગ અને ઈન્ટેલિજન્સ આધારિત મિશનોનો સમાવેશ થાય છે, જેનાથી મેક્સિકોના સાર્વભૌમત્વ પર સવાલો ઉભા થયા છે.

મેક્સિકો સિટી નજીક સિનાલોઆ કાર્ટેલના મધ્યમ સ્તરના ઓપરેટિવ ફ્રાન્સિસ્કો બેલ્ટ્રાન ઉર્ફે "એલ પાયિન" ની એક કાર વિસ્ફોટમાં હત્યા કરવામાં આવી હતી. મેક્સિકન અધિકારીઓએ આ મામલે મૌન સેવ્યું છે, પરંતુ આ ઘટનામાં સીઆઈએના ગ્રાઉન્ડ બ્રાન્ચ યુનિટની સંડોવણી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. તપાસમાં વાહનની અંદર વિસ્ફોટક ઉપકરણ મૂકવામાં આવ્યું હોવાની પુષ્ટિ થઈ છે, જે સીઆઈએની વધતી જતી સક્રિયતા તરફ ઈશારો કરે છે.

મેક્સિકોના સુરક્ષા સચિવ ઓમર ગાર્સિયા હરફુચે સોશિયલ મીડિયા પર સ્પષ્ટ કર્યું છે કે તેમની સરકાર રાષ્ટ્રીય ધરતી પર વિદેશી એજન્સીઓના કોઈપણ પ્રકારના એકતરફી અથવા ગુપ્ત ઘાતક ઓપરેશનને ક્યારેય સ્વીકારશે નહીં. પ્રમુખ ક્લાઉડિયા શેનબૌમે પણ ભારપૂર્વક જણાવ્યું છે કે મેક્સિકન ક્ષેત્રમાં અમેરિકી સંસ્થાઓના એજન્ટોની સીધી કામગીરી સાંખી લેવામાં આવશે નહીં. આ વિવાદને કારણે બંને પડોશી દેશો વચ્ચે રાજદ્વારી તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે.

# ભારતની કેએસ ફાર્મસી પર પ્રતિબંધ લાદતા અમેરિકાએ 13 લોકોના વિઝા રદ કર્યા, નકલી દવાઓ અને નશીલા દ્રવ્યોની દાણચોરી વિરુદ્ધ ટ્રમ્પ સરકાર આક્રમક

અમેરિકાના વિઝા પ્રતિબંધની કાર્યવાહીથી ફાર્મા ક્ષેત્રે ફેલાયો ભારે ફફડાટ

(એજન્સી) વોશિંગ્ટન । તા. 13

અમેરિકાએ ભારત સ્થિત ઓનલાઈન ફાર્મસી નેટવર્ક વિરુદ્ધ અત્યાર સુધીની સૌથી કડક કાર્યવાહી કરતા ૧૩ ભારતીયો પર વિઝા પ્રતિબંધની જાહેરાત કરી છે. ભારતની કેએસ ફાર્મસી તરીકે જાણીતી 'કેએસ ઈન્ટરનેશનલ ટ્રેડર્સ' પર અમેરિકી નાગરિકોને જીવલેણ 'ફેંટાલિન' મિશ્રિત નકલી દવાઓ વેચવાનો ગંભીર આરોપ મૂકવામાં આવ્યો છે. અમેરિકી ગૃહ વિભાગે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે જે લોકો અમેરિકનોને ઝેર આપવાનું કામ કરશે, તેમના માટે અમેરિકાના દ્વાર કાયમ માટે બંધ કરી દેવામાં આવશે.

અમેરિકી પ્રમુખે એક વિશેષ કાર્યકારી આદેશ હેઠળ ગેરકાયદે ફેંટાલિનને માનવજાત માટે અત્યંત જોખમી હથિયાર ગણાવ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, આ ઓનલાઈન ફાર્મસી દ્વારા



અજાણતા અમેરિકનોને એવી દવાઓ મોકલવામાં આવતી હતી જેમાં નશીલા દ્રવ્યોનું પ્રમાણ વધુ હતું. આ કાર્યવાહી ઈમિગ્રેશન એન્ડ નેશનાલિટી એક્ટની કલમ ૨૧૨(એ) હેઠળ કરવામાં આવી છે, જે અંતર્ગત હવે સાદિક અબ્બાસ હબીબ સૈયદ અને ખિજર મોહંમદ ઈકબાલ શેખ સહિતના ૧૩ સહયોગીઓ અમેરિકામાં ક્યારેય પ્રવેશ કરી શકશે નહીં.

ગૃહ વિભાગના પ્રવક્તાએ જણાવ્યું કે આ કડક પગલું ગેરકાયદે નશીલી દવાઓના નેટવર્કને જડમૂળથી ઉખેડી નાખવા માટેની ભારત અને અમેરિકાની સંયુક્ત પ્રતિબદ્ધતાને દર્શાવે છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, આ ફાર્મસીએ ગેરકાયદેસર રીતે વિદેશી ધરતી પર દવાઓ મોકલીને કરોડો રૂપિયાની કમાણી કરી હતી. આ અગાઉ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે પણ સપ્ટેમ્બર મહિનામાં આ સંસ્થાઓને પ્રતિબંધિત યાદીમાં મૂકીને તેમની અસ્કયામતો પર રોક લગાવી દીધી હતી.

આ આંતરરાષ્ટ્રીય પ્રતિબંધ બાદ હવે ભારતીય એજન્સીઓ પણ સક્રિય થઈ છે. મીડિયા અહેવાલ સૂચવે છે કે ઓનલાઈન ફાર્મસીના નામે ચાલતા આ કાળા કારોબારના મૂળ કેટલા ઊંડા છે તેની તપાસ તેજ કરવામાં આવી છે.

આ કાર્યવાહીથી ગેરકાયદેસર રીતે ઓનલાઈન ફાર્મસી ચલાવતા અને વિદેશમાં નકલી દવાઓ સપ્લાય કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. સરકારના આ કડક વલણથી આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય ફાર્મા ઉદ્યોગની છબી ખરડાય નહીં તે માટે સાવચેતી રાખવામાં આવી રહી છે.

સાઈબર | ચીની સૈનિકનું સાહસિક એસ્કેપ ૨૦૨૬ મ્યાંમારમાં મોતના મુખમાંથી ફિલ્મી સ્ટાઈલમાં બચાવ

# સાઈબર ગુનેગારોના ચુંગાલમાંથી મુક્તિ મેળવી વતન વાપસી

(એજન્સી) બેઈજિંગ । તા. 13

કુખ્યાત સાઈબર ક્રાઈમ અડ્ડાઓ હાલમાં આંતરરાષ્ટ્રીય સ્તરે આતંકનું પર્યાય બની ગયા છે. ચીનના એક પૂર્વ સૈનિકે પોતાની લશ્કરી તાલીમ અને ગજબની સૂઝબૂઝના જોરે આ નરક સમાન અડ્ડામાંથી જે રીતે છુટકારો મેળવ્યો છે, તે કોઈ ફિલ્મી પટકથાથી કમ નથી. યાંગ લેઈ નામના આ પૂર્વ સૈનિકે ૧૯ ફૂટ ઊંચી દીવાલ કૂદી અને શિકારી કૂતરાઓથી બચવા શરીર પર છાણ લગાવીને જે રીતે જીવ બચાવ્યો છે, તે સાંભળીને સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયા છે. મ્યાંમારમાં સક્રિય સાઈબર માફિયાઓના સકંજામાં ફસાયેલા હજારો યુવાનો માટે યાંગ લેઈની આ કહાની આશાનું કિરણ અને ચેતવણી બંને છે.

ઘટનાક્રમ મુજબ, યાંગ લેઈ એક મહિના પહેલા થાઈલેન્ડમાં ૧૦ પ્રવાસીઓના જૂથનું નેતૃત્વ કરી રહ્યો હતો. તે સમયે તેમણે જે ટૂર ઓપરેટરની સેવા લીધી હતી, તેની પાસે કાયદેસરની પરવાનગી નહોતી. આ તકનો લાભ ઉઠાવીને આખું જૂથ મ્યાંમારની સરહદ પર



સાઈબર ગુનેગારોના હાથે ઝડપાઈ ગયું હતું. મિડીયા અહેવાલ મુજબ, ક્રિપ્ટોકરન્સીના વ્યવહાર દ્વારા માનવ તસ્કરી કરનારા એક જૂથે યાંગ લેઈ સહિત ૧૧ લોકોને બીજા ગુનેગાર જૂથને વેચી દીધા હતા. આ રીતે પ્રવાસ પર નીકળેલું જૂથ અચાનક જ સાઈબર ગુલામીના દળદલમાં ફસાઈ ગયું હતું.

યાંગ લેઈએ ચીન પરત ફર્યા બાદ આપવીતી સંભળાવતા કહ્યું કે, તેમને એક મહિના સુધી અત્યંત ગંદી અને બદબૂદાર જગ્યાએ ગોંધી રાખવામાં આવ્યા હતા. ત્યાં તેમની પાસે પરાણે સાઈબર ફ્રોડ અને ઓનલાઈન કૌભાંડો કરાવવામાં આવતા હતા. જો કોઈ કામ કરવાની ના પાડે તો તેને ઢોર માર મારવામાં આવતો હતો. આ કેમ્પમાં સેંકડો યુવાનો બંધક છે, જેમને વર્ષમાં માંડ એકાદ વાર પરિવાર સાથે વાત કરવા દેવામાં આવે છે. સતત દેખરેખ અને અત્યાચાર વચ્ચે જીવતા યાંગે નક્કી કર્યું હતું કે ભલે જીવ જાય પણ આ નરકમાંથી તે ભાગીને જ રહેશે.

યાંગ લેઈ પાસે લશ્કરી તાલીમ હોવાથી તેની શારીરિક ક્ષમતા અને માનસિક મક્કમતા તેને કામ લાગી હતી. આકરા પહેરા વચ્ચે પણ તેણે મોકો જોઈને જેલની અંદાજે ૧૮ થી ૧૯ ફૂટ ઊંચી દીવાલ કૂદી લીધી હતી. જોકે, માત્ર દીવાલ ઓળંગવી પૂરતું નહોતું. જેલના રક્ષકો અને શિકારી કૂતરાઓ ગમે ત્યારે તેની પાછળ પડી શકે તેમ હતા. જો તે ફરી પકડાયો હોત તો તેને જીવતો મારી નાખવામાં આવત. આ પરિસ્થિતિમાં તેણે પોતાની બુદ્ધિ વાપરીને અદભૂત નુસખો અજમાવ્યો હતો.

# હોર્મુઝની સામુદ્રધુની સુરક્ષા અભિયાન દક્ષિણ કોરિયા જોડાશે

(એજન્સી) સેઉલ/વોશિંગ્ટન । તા. 13

મધ્યપૂર્વમાં વધી રહેલા તણાવ અને હોર્મુઝની સામુદ્રધુનીમાં વ્યાપારી જહાજોની સુરક્ષાને લઈને દક્ષિણ કોરિયાએ એક મોટો વ્યૂહાત્મક નિર્ણય લીધો છે. દક્ષિણ કોરિયાએ અમેરિકાના નેતૃત્વ હેઠળના દરિયાઈ સુરક્ષા અભિયાનમાં તબક્કાવાર રીતે જોડાવાની જાહેરાત કરી છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના 'પ્રોજેક્ટ ફ્રીડમ' અંતર્ગત વ્યાપારી જહાજોને સલામત માર્ગ પૂરો પાડવા માટે દક્ષિણ કોરિયા પોતાનું યોગદાન આપવા તૈયાર થયું છે. આ નિર્ણય દક્ષિણ કોરિયાના સંરક્ષણ મંત્રી આહન ગ્યુ-બેક અને અમેરિકી સંરક્ષણ સચિવ પીટ હેગસેથ વચ્ચે થયેલી ઉચ્ચ સ્તરીય બેઠક બાદ લેવામાં આવ્યો છે.

દક્ષિણ કોરિયાના સંરક્ષણ મંત્રી આહને વોશિંગ્ટન સ્થિત દૂતાવાસમાં પત્રકારોને સંબોધતા જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય સમુદાયના એક જવાબદાર સભ્ય તરીકે સેઉલ પોતાની ભૂમિકા ભજવવા તૈયાર છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે આ સહયોગ તબક્કાવાર રીતે આગળ વધારવામાં આવશે. મીડિયા અહેવાલ મુજબ, આ મદદમાં માત્ર સૈન્ય કાર્યવાહી જ નહીં, પરંતુ ગુપ્ત માહિતીની આપ-લે, જવાનોની તૈનાતી અને જરૂર પડ્યે લશ્કરી સાધનોની સહાયનો પણ સમાવેશ થઈ શકે છે. જોકે, સીધી લશ્કરી તૈનાતી અંગે હજુ પણ દેશની આંતરિક કાયદાકીય પ્રક્રિયાઓને અનુસરવું અનિવાર્ય હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં જ સંકેત આપ્યા હતા કે જો ઈરાન સાથે કોઈ શાંતિ સમજૂતી નહીં થાય, તો તેઓ હાલમાં સ્થગિત કરાયેલા 'પ્રોજેક્ટ ફ્રીડમ'ને ફરીથી સક્રિય કરશે અને તેને 'પ્રોજેક્ટ ફ્રીડમ પ્લસ' તરીકે ઓળખાવશે.

## ૬૪૫ કરોડનું કૌભાંડ આચરી નાણાંની હેરાફેરી કરી, જાહેર ભંડોળ ઉચાપત કેસમાં તપાસ એજન્સીએ સપાટો બોલાવ્યો

# ઈડી દ્વારા બે પૂર્વ બેન્કકર્મીઓની ધરપકડ કરાઈ

(એજન્સી) નવી દિલ્હી | તા.13

દેશમાં મની લોન્ડરિંગ અને નાણાકીય ગેરરીતિઓ સામે લડતી કેન્દ્રીય એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ એક મોટી સફળતા હાંસલ કરી છે. આઈડીએફસી (IDFC) ફર્સ્ટ બેન્કના બે ભૂતપૂર્વ કર્મચારીઓની ૬૪૫ કરોડ રૂપિયાના જાહેર ભંડોળની ઉચાપતના કેસમાં ધરપકડ કરવામાં આવી છે. આ તપાસ મની લોન્ડરિંગના ગંભીર આરોપો હેઠળ ચાલી રહી છે, જેમાં સરકારી વિભાગો અને શૈક્ષણિક સંસ્થાઓના નાણાંનો દુરુપયોગ કરવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું છે. આ કાર્યવાહીથી બેન્કિંગ ક્ષેત્ર અને સરકારી વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે.



સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઈડીની ચંદીગઢ ઝોનલ ઓફિસે ૧૧ મેના રોજ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA), ૨૦૦૨ હેઠળ રિભવ ઋષિ અને અભય કુમાર નામના બે પૂર્વ કર્મચારીઓની અટકાયત કરી હતી. ધરપકડ બાદ બંને આરોપીઓને સ્પેશિયલ પીએમએલએ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. અદાલતે બંને આરોપીઓના ૨૧ મે સુધી એટલે કે ૧૦ દિવસના ઈડી રિમાન્ડ મંજૂર કર્યા છે. તપાસ એજન્સી હવે આ કૌભાંડના મૂળ સુધી પહોંચવા માટે આરોપીઓની સઘન પૂછપરછ હાથ ધરશે.

સરકારી તિજોરી પર તરાપ: ૬૪૫ કરોડની ગેરરીતિ ઈડીની અત્યાર સુધીની તપાસમાં ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે. હરિયાણા સરકાર, ચંદીગઢ કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટીતંત્ર અને ચંદીગઢ તથા પંચકુલા સ્થિત બે ખાનગી શાળાઓના બેન્ક ખાતાઓમાંથી કુલ ૬૪૫ કરોડ રૂપિયાની ઉચાપત કરવામાં આવી હતી. આ તમામ ખાતાઓ આઈડીએફસી ફર્સ્ટ બેન્કમાં હતા, જ્યાં આરોપીઓ ફરજ બજાવતા હતા. જાહેર જનતાના વિકાસ અને શિક્ષણ માટે ફાળવવામાં આવેલા ભંડોળને અંગત સ્વાર્થ માટે ડાયવર્ટ કરવામાં આવ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું છે.તપાસ એજન્સીના જણાવ્યા અનુસાર, આરોપીઓએ નાણાં છુપાવવા માટે શેલ (બોગસ) કંપનીઓનું જાળું બિછાવ્યું હતું. રિભવ ઋષિએ તેના અંગત સહાયક અને ડ્રાઈવરના નામે 'કેપકો ફિનટેક સર્વિસીસ' અને 'આરએસ ટ્રેડર' જેવી નકલી કંપનીઓ ઉભી કરી હતી. તેવી જ રીતે, અભય કુમારે તેની પત્ની અને સાળાના નામે 'સ્વાસ્તિક દેશ પ્રોજેક્ટ્સ' નામની શેલ એન્ટિટી બનાવી હતી. સરકારી ખાતાઓમાંથી સીધેસીધા કરોડો રૂપિયા આ શેલ કંપનીઓમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ લેયરિંગ દ્વારા નાણાં સગેવગે કરવામાં આવ્યા હતા.

ઈડી અત્યારે આ કૌભાંડના સંપૂર્ણ 'મની ટ્રેલ' (નાણાંની હિલચાલ) ને શોધવા માટે પ્રયત્નો કરી રહી છે. આ કૌભાંડના અન્ય લાભાર્થીઓ કોણ છે અને ઉચાપત કરેલા નાણાંમાંથી કઈ કઈ મિલકતો ખરીદવામાં આવી છે તેની ઓળખ કરવાની પ્રક્રિયા ચાલુ છે. એજન્સી એ જાણવા માંગે છે કે આટલું મોટું કૌભાંડ બેન્કની સિસ્ટમમાં પકડાયા વગર કેવી રીતે ચાલતું રહ્યું અને શું તેમાં અન્ય કોઈ ઉચ્ચ અધિકારીઓની સંડોવણી છે કે કેમ. આ કેસ આવનારા દિવસોમાં હજુ વધુ વળાંકો લઈ શકે છે.

# સાંગલીમાં ધાર્મિક કાર્યક્રમ દરમિયાન દીવાલ ધરાશાયી થતા 6ના કરુણ મોત

મીરાજ (મહારાષ્ટ્ર): મહારાષ્ટ્રના સાંગલી જિલ્લામાં મંગળવારે સાંજે એક હૃદયદ્રાવક દુર્ઘટના ઘટી છે. ભારે વરસાદ અને જોરદાર વાવાઝોડા દરમિયાન એક ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવા આવેલા શ્રદ્ધાળુઓ પર દીવાલ ધરાશાયી થતા 6 લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા છે, જ્યારે 13થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ દુર્ઘટના મંગળવારે સાંજે 5 વાગ્યાની આસપાસ બની હતી જ્યારે ભક્તો વરસાદથી બચવા માટે એક નિર્માણાધીન સ્થળ પર આશ્રય લઈ રહ્યા હતા. સાંગલીના મોટવાડી વિસ્તારમાં દેવી મુરગુબાઈને સમર્પિત ધાર્મિક વિધિમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. કાર્યક્રમ દરમિયાન અચાનક વાતાવરણ પલટાયું હતું અને જોરદાર પવન સાથે વરસાદ શરૂ થયો હતો. બચવા માટે શ્રદ્ધાળુઓ નજીકના બાંધકામ હેઠળના સ્થળે ઉભા રહ્યા હતા. તે જ સમયે, તોફાની પવનને કારણે પતરાના છાપરાનો એક મોટો ભાગ ઉખડીને પથ્થરની દીવાલ પર પડ્યો હતો, જેના દબાણને કારણે દીવાલ નીચે ઉભેલા શ્રદ્ધાળુઓ પર ધસી પડી હતી. સાંગલીના પોલીસ અધિક્ષક (SP) તુષાર દોશીએ આ મામલે પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, "દુર્ઘટનામાં 6 લોકોના મોત થયા છે અને 13 લોકો ઈજાગ્રસ્ત થયા છે. હાલ તમામ ઈજાગ્રસ્તો જોખમની બહાર છે અને વહીવટીતંત્ર દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે." ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે જત ગ્રામીણ હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે. સાંગલીના કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ મૈનક ઘોષે જણાવ્યું હતું કે, વહીવટીતંત્ર મૃતકોના પરિવારોની પડખે છે. તેમણે ઉમેર્યું કે, "મૃતકોના પરિવારોને આર્થિક વળતર આપવા માટેનો પ્રસ્તાવ રાજ્ય સરકારને મોકલી આપવામાં આવ્યો છે." સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ધાર્મિક આસ્થાના પ્રસંગે ભેગા થયેલા લોકોએ કલ્પના પણ નહોતી કરી કે કુદરત આ રીતે રુઠશે. ભારે પવનને કારણે બાંધકામની ગુણવત્તા અને સલામતીના પગલાં અંગે પણ ચર્ચાઓ શરૂ થઈ છે. હાલમાં પોલીસ અને વહીવટીતંત્ર ઘટનાસ્થળે હાજર છે.

## News Brief

### લગ્નના ખોટા વચન હેઠળ દુષ્કર્મના કેસમાં દિલ્હી કોર્ટે આરોપીને જામીન આપ્યા

નવી દિલ્હી: પીડિતાએ ૨ મે, ૨૦૨૬ ના રોજ એફઆઈઆર નોંધાવી હતી. ફરિયાદમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે મે ૨૦૨૫ માં એક મેટ્રિમોનિયલ પ્લેટફોર્મ દ્વારા બંને સંપર્કમાં આવ્યા હતા. આરોપીએ પોતાની ઓળખ વિદેશમાં કામ કરતા પીએચડી ધારક તરીકે આપી હતી. આક્ષેપ છે કે ૨૬ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ દિલ્હીના મહિપાલપુરની એક હોટલમાં આરોપીએ લગ્નની ખાતરી આપીને મહિલા સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા. જોકે, એપ્રિલ ૨૦૨૬ માં આરોપીએ અન્ય મહિલા સાથે લગ્ન કરી લીધા બાદ પીડિતા સાથે વાતચીત બંધ કરી દીધી હતી. સુનાવણી દરમિયાન આરોપીના વકીલ વિનીત જિંદલે દલીલ કરી હતી કે પીડિતા ૩૬ વર્ષની ઉંમર ધરાવતી પોસ્ટ-ગ્રેજ્યુએટ મહિલા છે અને તે સંબંધોના પ્રકારથી પૂરેપૂરી વાકેફ હતી. બચાવ પક્ષે સૌથી મહત્વની દલીલ એ કરી હતી કે મેજિસ્ટ્રેટ સમક્ષ કલમ ૧૮૩ (BNSS) હેઠળ નોંધાયેલા નિવેદનમાં પીડિતાએ પોતે સ્વીકાર્યું હતું કે તેમની વચ્ચે લગ્નની કોઈ કટિબદ્ધતા (Commitment) નહોતી અને નિયમિત વાતચીત દરમિયાન જ શારીરિક સંબંધો વિકસ્યા હતા. આરોપીએ એમ પણ જણાવ્યું કે તે ઇટાલીમાં કામ કરે છે અને તે પલાયન થવાનો કોઈ ઈરાદો ધરાવતો નથી, જરૂર પડે તો પાસપોર્ટ જમા કરાવવા પણ તૈયાર છે. કોર્ટે જામીન મંજૂર કરતા અવલોકન કર્યું કે બંને પક્ષો વચ્ચે માત્ર એક જ વાર શારીરિક સંબંધ બંધાયો હોવાનો આક્ષેપ છે. વળી, પીડિતાએ મેજિસ્ટ્રેટ સમક્ષ લગ્નના વચનનો ઈન્કાર કર્યો છે.

## મુખ્ય સચિવનો આદેશ: મંજૂરી વગરના તમામ બેરિકેડ્સ હટાવો

# પશ્ચિમ બંગાળમાં ગેરકાયદે ટોલ નાકા બંધ કરવા મુખ્ય સચિવનો કડક આદેશ

## પશ્ચિમ બંગાળમાં વહીવટી ફેરફાર બાદ ગેરકાયદે વસૂલાત સામે લાલ આંખ

(એજન્સી) કોલકાતા | તા.13

પશ્ચિમ બંગાળમાં સત્તા પરિવર્તન બાદ નવી બનેલી ભાજપ સરકાર એક્શન મોડમાં જોવા મળી રહી છે. રાજ્યના નવનિયુક્ત મુખ્ય સચિવ મનોજ કુમાર અગ્રવાલે બુધવારે એક મહત્વપૂર્ણ આદેશ જારી કરીને રાજ્યભરમાં સરકારી મંજૂરી વગર ચાલતા તમામ ટોલ ગેટ, ડ્રોપ ગેટ અને બેરિકેડ્સ તાત્કાલિક અસરથી બંધ કરવાના નિર્દેશ આપ્યા છે. વહીવટીતંત્રના આ આકરા વલણથી ગેરકાયદે વસૂલાત કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.મુખ્ય સચિવ મનોજ કુમાર અગ્રવાલે તમામ જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓને પોતપોતાના વિસ્તારોમાં ગેરકાયદે ટોલ કલેક્શન કેન્દ્રોની ઓળખ કરવા અને તેમને દૂર કરવા માટે તાત્કાલિક પગલાં લેવા જણાવ્યું છે. આ સાથે જ ભવિષ્યમાં આવા કેન્દ્રો ફરીથી ઉભા ન થાય તે માટે સતત દેખરેખ રાખવા પણ તાકીદ કરી છે. આદેશ મુજબ, ૧૫ મેના રોજ બપોરે ૧૨ વાગ્યા સુધીમાં તમામ કાયદેસર અને ગેરકાયદે ટોલ નાકાઓની યાદી તૈયાર કરીને અન્ડર સેક્રેટરીને સુપરત કરવાની રહેશે. મુખ્ય સચિવ તરીકે નિમણૂક થયા બાદ અગ્રવાલ દ્વારા લેવામાં આવેલું આ પ્રથમ મોટું પગલું છે.

જોકે, મનોજ કુમાર અગ્રવાલની મુખ્ય સચિવ તરીકેની નિમણૂક રાજ્યમાં વિવાદનું કેન્દ્ર બની છે. તેઓ તાજેતરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી (CEO) હતા. તૃણમૂલ કોંગ્રેસ (TMC) અને વિપક્ષી નેતાઓએ આ નિમણૂક સામે સવાલો ઉઠાવ્યા છે. ટીએમસી સાંસદ સૌગત રોયે જણાવ્યું હતું કે, ચૂંટણી પ્રક્રિયાની દેખરેખ રાખનાર વ્યક્તિને મુખ્ય સચિવ બનાવવામાં આવે તે આશ્ચર્યજનક છે અને આ ભાજપની જીત માટેનો "પુરસ્કાર" હોઈ શકે તેવો ગંભીર આરોપ તેમણે લગાવ્યો છે.

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ આ નિમણૂકની આકરી ટીકા કરી છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું કે, "ભાજપ-ચૂંટણી પંચના ચોર બજારમાં - જેટલી મોટી ચોરી, તેટલો મોટો પુરસ્કાર." ઉલ્લેખનીય છે કે ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ૨૯૪ સભ્યોની વિધાનસભામાં ૨૦૬ બેઠકો જીતીને જંગી બહુમતી મેળવી છે. આ સાથે જ પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસના ૧૫ વર્ષના શાસનનો અંત આવ્યો છે. ટીએમસી માત્ર ૮૦ બેઠકો પર સમેટાઈ ગઈ છે, જ્યારે કોંગ્રેસના ફાળે માત્ર ૨ બેઠકો આવી છે. નવી સરકાર રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધારવા તેમજ ગેરકાયદે વસૂલાત રોકવા માટે મક્કમ છે.

## સીબીઆઈની મોટી સફળતા:

### અઝરબૈજાનથી વોન્ટેડ ભાગેડુ પ્રભદીપ સિંહનું ભારત પ્રત્યાર્પણ કરાયું

નવી દિલ્હી: ભારતીય તપાસ એજન્સી સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) એ વિદેશ મંત્રાલય (MEA), ગૃહ મંત્રાલય (MHA) અને દિલ્હી પોલીસના સહયોગથી એક મોટી સફળતા હાંસલ કરી છે. ઈન્ટરપોલની 'રેડ નોટિસ' ધરાવતા વોન્ટેડ ભાગેડુ પ્રભદીપ સિંહને અઝરબૈજાનથી ભારત પ્રત્યાર્પણ (Extradition) કરવામાં આવ્યો છે. પ્રભદીપ સિંહ ડ્રગ્સ સ્મગલિંગના મોટા નેટવર્કનો મુખ્ય સૂત્રધાર હોવાનું માનવામાં આવે છે અને તે લાંબા સમયથી પોલીસને થાપ આપી વિદેશમાં છુપાયેલો હતો. સીબીઆઈના સત્તાવાર નિવેદન અનુસાર, પ્રભદીપ સિંહ વિરુદ્ધ દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ પોલીસ સ્ટેશનમાં નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (NDPS) એક્ટ, ૧૯૫૮ હેઠળ કેસ નોંધાયેલ હતો. આ કેસમાં મોટા પાયે નશીલા પદાર્થોનો જથ્થો ઝડપાયો હતો અને તેના અન્ય સાથીદારોની અગાઉ ધરપકડ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે પ્રભદીપ સિંહ આ આખા નાર્કોટિક્સ રેકેટનો મુખ્ય આયોજક અને સંચાલક હતો.

દિલ્હી પોલીસની વિનંતી પર, સીબીઆઈએ ઈન્ટરપોલ ચેનલો દ્વારા પ્રભદીપ વિરુદ્ધ 'રેડ નોટિસ' જારી કરાવી હતી. આ નોટિસના આધારે જ અઝરબૈજાન સત્તાવાળાઓએ તેને શોધી કાઢ્યો હતો અને તેની અટકાયત કરી હતી. ત્યારબાદ ભારત સરકાર દ્વારા જરૂરી કાયદાકીય દસ્તાવેજો મોકલીને તેના પ્રત્યાર્પણની માંગણી કરવામાં આવી હતી. અઝરબૈજાનની અદાલતોમાં કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેને ભારત સોંપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.આ ભાગેડુને ભારત લાવવા માટે દિલ્હી પોલીસની ત્રણ સભ્યોની વિશેષ એસ્કોર્ટ ટીમ અઝરબૈજાનની રાજધાની બાકુ પહોંચી હતી. પ્રભદીપ સિંહને લઈને આ ટીમ ૧૩ મેના રોજ દિલ્હી પરત ફરી છે. દિલ્હી એરપોર્ટ પર ઉતરતાની સાથે જ તેની સત્તાવાર ધરપકડની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે.

## 3 અને 4 ઓક્ટોબરના રોજ લખનૌમાં સાહિત્યિક યોદ્ધાઓનો એક અનોખો ઉત્સવ યોજાશે

### લિટરરી વોરિયર્સ ગ્રૂપના ચોથા લિટફેસ્ટમાં ભારત અને વિદેશીના લેખકો ભાગ લેશે

મુંબઈ : સાહિત્ય, કલા અને સંસ્કૃતિના ક્ષેત્રોમાં સક્રિય, પ્રગતિશીલ અને સમાવિષ્ટ પ્લેટફોર્મ, લિટરરી વોરિયર્સ ગ્રુપ (LWG) ૩ અને ૪ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ લખનૌમાં તેના ચોથા વાર્ષિક સાહિત્યિક ઉત્સવ, 'લિટફેસ્ટ ૪.૦' નું આયોજન કરી રહ્યું છે. ભારત અને વિદેશના લેખકો, કવિઓ, સાહિત્યિક હસ્તીઓ અને કલા પ્રેમીઓ મોટી સંખ્યામાં આ બે દિવસીય કાર્યક્રમમાં ભાગ લેશે.આ માહિતી જાહેર કરતા, પ્રખ્યાત સાહિત્યિક વ્યક્તિત્વ અને જૂથના સ્થાપક, નીલમ સક્સેના ચંદ્રાએ સમજાવ્યું કે ૨૦૧૧ માં ભારતમાં સ્થાપિત LWG એક ઓનલાઈન સાહિત્યિક પ્લેટફોર્મ તરીકે શરૂ થયું હતું અને હવે લગભગ ૧,૨૦૦ સભ્યો સાથે એક મજબૂત આંતરરાષ્ટ્રીય સાહિત્યિક નેટવર્કમાં વિકસ્યું છે. આ જૂથ ભારત, તેમજ યુનાઈટેડ સ્ટેટ્સ, યુરોપ, પશ્ચિમ એશિયા અને દક્ષિણપૂર્વ એશિયાના વિવિધ લેખકો સાથે જોડાયેલું છે. આ જૂથનો ઉદ્દેશ વિવિધ વય જૂથો, સામાજિક અને સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિના લેખકો અને વાચકો માટે એક સામાન્ય પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે, સર્જનાત્મક અભિવ્યક્તિને પ્રોત્સાહન આપવાનો છે અને સાહિત્યિક સંવાદને મજબૂત બનાવવાનો છે. તેમણે જણાવ્યું હતું કે LWG સમાવેશીતા, સમાન તક અને સામૂહિક વિકાસ જેવા મૂલ્યો માટે પ્રતિબદ્ધ છે. આ અનુરૂપ, LitFest 4.0 વિવિધ સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ રજૂ કરશે. આમાં હિન્દી, અંગ્રેજી અને મરાઠીમાં ઓનલાઈન કવિતા સ્પર્ધાઓ, હિન્દી અને અંગ્રેજીમાં




પુસ્તક સ્પર્ધાઓ, પુસ્તક વિમોચન, કવિતા વાંચન, કવિતા પ્રસ્તુતિઓ અને વિવિધ સાહિત્યિક કાર્યશાળાઓનો સમાવેશ થશે. વધુમાં, LWG સમગ્ર વર્ષ દરમિયાન કવિતા પરિસંવાદ, વાર્તા વાંચન, લેખન સ્પર્ધાઓ, પેનલ ચર્ચાઓ, નાટકો અને ઈન્ટરેક્ટિવ સત્રોનું આયોજન ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે કરે છે, જે બધા સભ્યોને તેમની સર્જનાત્મક પ્રતિભાને નિખારવાની તક પૂરી પાડે છે. LWG જૂથ ખાસ કરીને તેના સભ્યોની સાહિત્યિક કૃતિઓના પ્રકાશન અને પ્રોત્સાહન માટે પણ જાણીતું છે. તેમણે સમજાવ્યું કે જૂથનો પહેલો સંગ્રહ, 'એઝ અ બિગિનર ફોર અ બિગિનિંગ' જાન્યુઆરી 2015 માં પ્રકાશિત થયો હતો, જ્યારે તેનો સૌથી તાજેતરનો સંગ્રહ, 'વક્ત એક રહસ્ય - અનસ્ક્રેમ્બલિંગ ટાઈમ' નવેમ્બર 2024 માં પ્રકાશિત થયો હતો. આ ઉપરાંત, 'શઝર કી છોં ટેલ', 'ગૂંજ - બ્રેકિંગ ધ શેકલ્સ', 'અયોધ્યા - રામ અને સીતા રિટર્ન' અને 'કરી ફોર ધ સ્પિરિટેડ સોલ' જેવા સંગ્રહો મુખ્ય ઓનલાઈન પ્લેટફોર્મ પર ઉપલબ્ધ છે. મુંબઈમાં એક વરિષ્ઠ પ્રતિનિધિએ સમજાવ્યું કે LWG એ 6 જાન્યુઆરી, 2023 ના રોજ તેનો પહેલો ઓફલાઈન કાર્યક્રમ યોજ્યો હતો, જેમાં પ્રખ્યાત લેખિકા નીલમ સક્સેના ચંદ્રા દ્વારા એક પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, જૂથે મુંબઈમાં નેશનલ સેન્ટર ફોર ધ પર્ફોર્મિંગ આર્ટ્સ (NCPA), લખનૌમાં નેશનલ બુક ફેર અને પુણેમાં કોલેજ ઓફ મિલિટરી એન્જિનિયરિંગ જેવા પ્રતિષ્ઠિત સ્થળોએ સફળતાપૂર્વક અસંખ્ય કાર્યક્રમોનું આયોજન કર્યું છે. આ કાર્યક્રમોમાં કવિતા વાંચન, પુસ્તક વિમોચન, નૃત્ય અને સંગીત પ્રદર્શન અને કલા પ્રદર્શનો શામેલ છે. LWGનો પહેલો સાહિત્ય મહોત્સવ ૧૮ નવેમ્બર, ૨૦૨૩ના રોજ નવી દિલ્હીમાં સાહિત્ય અકાદમી ખાતે યોજાયો હતો.

# NEET-UG પેપર લીક: "શું આપણા દેશની Gen-Z મંત્રીઓને જેલ ન મોકલી શકે?" - અરવિંદ કેજરીવાલ

(એજન્સી) નવી દિલ્હી | તા.13

NEET-UG ૨૦૨૬ પરીક્ષા રદ થયા બાદ દેશભરમાં પેપર લીક મુદ્દે રાજકારણ ગરમાયું છે. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે બુધવારે એક પત્રકાર પરિષદને સંબોધતા દેશની નવી પેઢી એટલે કે 'Gen-Z' ને સંબોધીને સરકાર વિરુદ્ધ મોરચો માંડવાની હાકલ કરી છે. કેજરીવાલે આક્ષેપ કર્યો છે કે વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીમાં ૯૩ વખત વિવિધ પરીક્ષાઓના પેપર લીક થયા છે, જેણે ૬ કરોડ યુવાનોની કારકિર્દી પર માઠી અસર કરી છે. તેમણે યુવાનોને રસ્તા પર ઉતરીને આ 'ગંદા ખેલ' ને બંધ કરાવવા માટે આહવાન કર્યું છે.કેજરીવાલે તેમના સંબોધનમાં પડોશી દેશો નેપાળ અને બાંગ્લાદેશના યુવા આંદોલનોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, "જો નેપાળ અને બાંગ્લાદેશના યુવાનો રસ્તા પર ઉતરીને તેમની સરકારો બદલી શકતા હોય, તો શું આપણા દેશની Gen-Z પેપર લીકમાં સામેલ ભ્રષ્ટ મંત્રીઓને જેલના સળિયા પાછળ ન ધકેલી શકે? મને તમારા પર પૂરો વિશ્વાસ છે." તેમણે યુવાનોને વિનંતી કરી કે તેઓ ચૂપ ન રહે અને અન્યાય સામે રસ્તા પર ઉતરીને વિરોધ પ્રદર્શન કરે.અરવિંદ કેજરીવાલે ડેટા ટાંકીને જણાવ્યું હતું કે મોટાભાગની પેપર લીકની ઘટનાઓ ભાજપ શાસિત રાજ્યો જેવા કે રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને ગુજરાતમાં બની છે. તેમણે તાજેતરના NEET પેપર લીકનું એપીસેન્ટર (મુખ્ય કેન્દ્ર) પણ રાજસ્થાન હોવાનું જણાવ્યું હતું. તેમણે સવાલ ઉઠાવ્યો કે જો આ કૌભાંડોમાં મોટા નેતાઓ સામેલ હોય, તો શું સીબીઆઈ (CBI) ખરેખર નિષ્પક્ષ તપાસ કરી શકશે? આ એક સંયોગ નથી પણ સુનિયોજિત ષડયંત્ર હોવાનો તેમણે ગંભીર આક્ષેપ કર્યો હતો. નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ અગાઉ ૩ મેના રોજ લેવાયેલી પરીક્ષા રદ કરવાની જાહેરાત કરી છે. જોકે, એજન્સીએ સ્પષ્ટતા કરી છે કે વિદ્યાર્થીઓએ ફરીથી રજીસ્ટ્રેશન કરાવવાની કે કોઈ વધારાની ફી ચૂકવવાની જરૂર નથી. જૂના સેન્ટર અને ડેટા જ રી-ટેસ્ટ માટે માન્ય રહેશે.

# NFR એડવાન્સ્ડ વેધર મોનિટરિંગ સિસ્ટમ્સ સાથે ચોમાસાની સલામતીને મજબૂત બનાવે છે

માલીગાંવ | વરસાદની ઋતુ દરમિયાન રેલ્વે સલામતી અને આપત્તિ તૈયારીઓને મજબૂત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલામાં, ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેએ તેના નેટવર્કમાં સંવેદનશીલ સ્થળોએ ઓટોમેટિક વેધર સ્ટેશન (AWS) ની સ્થાપના શરૂ કરી છે. આ પહેલનો ઉદ્દેશ સચોટ અને વાસ્તવિક સમયની હવામાન આગાહી સુનિશ્ચિત કરવાનો છે, જે પૂર, ભૂસ્ખલન અને પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓ દરમિયાન સમયસર નિવારક પગલાંને સક્ષમ બનાવે છે.

NFR હેઠળ વ્યૂહાત્મક રીતે ઓળખાયેલા સંવેદનશીલ સ્થળોએ કુલ નવ ઓટોમેટિક વેધર સ્ટેશનો સ્થાપિત કરવામાં આવી રહ્યા છે. આ સ્થળોએ આસામમાં લુમડિંગ - બદરપુર સેક્શન, મિઝોરમને જોડતો કટાખલ - સૈરંગ સેક્શન અને મણિપુરમાં જીરીબામ - ખોંગસાંગ સેક્શનનો સમાવેશ થાય છે. ચોમાસાની ઋતુ દરમિયાન આ વિસ્તારો ખાસ કરીને ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલન માટે સંવેદનશીલ હોય છે, જે સલામત ટ્રેન કામગીરી માટે સતત હવામાન દેખરેખ જરૂરી બનાવે છે.અત્યાર સુધીમાં, ત્રણ ઓટોમેટિક વેધર સ્ટેશન સફળતાપૂર્વક ઈન્સ્ટોલ થઈ ગયા છે, જ્યારે બાકીના છ હાલમાં ઈન્સ્ટોલેશનના વિવિધ તબક્કાઓ



હેઠળ છે અને મે 2026 ના અંત સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે.આ વેધર સ્ટેશનોની સ્થાપના ભારતીય હવામાન વિભાગ (IMD) સાથે ગાઢ સંકલનમાં કરવામાં આવી રહી છે. AWS નેટવર્ક ચોક્કસ અને સ્થાન-વિશિષ્ટ હવામાન ડેટા પ્રદાન કરશે, જે રેલ્વે અધિકારીઓને કટોકટી અને પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓ દરમિયાન સમયસર અને જાણકાર નિર્ણયો લેવામાં મદદ કરશે. આ પહેલથી તૈયારી અને પ્રતિભાવ પદ્ધતિઓમાં નોંધપાત્ર સુધારો થવાની અપેક્ષા છે, ખાસ કરીને પૂર-સંભવિત અને ભૂસ્ખલન-સંવેદનશીલ વિભાગોમાં.ઓટોમેટિક વેધર સ્ટેશનો ઉચ્ચ ચોકસાઈ સાથે બહુવિધ હવામાન પરિમાણોનું નિરીક્ષણ કરવા સક્ષમ અદ્યતન સેન્સરથી સજ્જ છે. રેઈન ગેજ સેન્સર પ્રતિ કલાક 900 મીમી સુધી વરસાદની તીવ્રતા રેકોર્ડ કરી શકે છે, જ્યારે તાપમાન સેન્સર માઈનસ 40 ડિગ્રી સેલ્સિયસથી પ્લસ 75 ડિગ્રી સેલ્સિયસ સુધીનું તાપમાન માપી શકે છે. પવન દેખરેખ સેન્સર 80 મીટર પ્રતિ સેકન્ડ સુધી પવનની ગતિ રેકોર્ડ કરી શકે છે. વધુમાં, સ્ટેશનો 0 થી 100% સુધીની રેન્જને આવરી લેતા ભેજ સેન્સર અને 1200 hPa સુધીના વાતાવરણીય દબાણને માપવા સક્ષમ દબાણ સેન્સરથી સજ્જ છે.

## પશ્ચિમ એશિયા સંકટની અસર: "મોંઘવારીનો બોજ સામાન્ય માણસ પર પડશે" - હરીશ રાવત

દેહરાદૂન: ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા હરીશ રાવતે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટને લઈને ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. બુધવારે મીડિયા સાથેની વાતચીતમાં રાવતે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રવર્તી રહેલી અસ્થિરતાની સીધી અસર હવે ભારતીય બજારો પર દેખાવા લાગી છે. તેમણે ચેતવણી આપી છે કે તેલ, ગેસ અને ખાતર જેવી જીવનજરૂરી ચીજવસ્તુઓના વધતા ભાવનો અંતિમ બોજ દેશના સામાન્ય નાગરિકોના ખિસ્સા પર પડશે.હરીશ રાવતે સરકારની આર્થિક પ્રાથમિકતાઓ પર સવાલ ઉઠાવતા કહ્યું કે, અત્યારે દેશમાં એવી વિચિત્ર સ્થિતિ છે કે રોજિંદી જરૂરિયાતની વસ્તુઓના ભાવ આસમાને પહોંચી રહ્યા છે, જ્યારે લક્ઝરી આઈટમ્સના ભાવમાં સાપેક્ષ ઘટાડો જોવા મળી રહ્યો છે. તેમણે આને એક ગંભીર પડકાર ગણાવ્યો અને કહ્યું કે સરકારે મોંઘવારી પર અંકુશ મેળવવા માટે માત્ર સૂચનો નહીં પણ નક્કર પગલાં લેવાની જરૂર છે. રાવતે વડાપ્રધાનને વિનંતી કરી છે કે આ ગંભીર પરિસ્થિતિ પર ચર્ચા કરવા માટે તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓની એક તાકીદની બેઠક બોલાવવામાં આવે. રવિવારે સિકંદરાબાદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના નાગરિકોને એક વિશેષ અપીલ કરી હતી. પીએમએ વિદેશી મુદ્રા ભંડાર બચાવવા અને આયાત પર નિર્ભરતા ઘટાડવા માટે નાગરિકોને 'વર્ક ફ્રોમ હોમ' અપનાવવા, ઈંધણનો વપરાશ ઘટાડવા, એક વર્ષ સુધી વિદેશ પ્રવાસ ટાળવા અને સ્વદેશી ઉત્પાદનોનો ઉપયોગ કરવા વિનંતી કરી હતી.

## છત્રપતિ સંભાજીનગરમાં વહીવટીતંત્રની કાર્યવાહી સામે ભારે જનરોષ

# ઈમ્તિયાઝ જલીલનો વહીવટીતંત્ર પર પ્રહાર: "ન્યાય પ્રક્રિયાનું અપમાન"

(એજન્સી) છત્રપતિ સંભાજીનગર | તા.13

મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં AIMIM કોર્પોરેટર મતીન પટેલના ઘર અને ઓફિસ પર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બુલડોઝર ફેરવી દેવામાં આવતા રાજકીય વાતાવરણ ગરમાયું છે. આ કાર્યવાહીને લઈને AIMIM ના પ્રદેશ અધ્યક્ષ અને પૂર્વ સાંસદ ઈમ્તિયાઝ જલીલે વહીવટીતંત્ર પર આકરા પ્રહારો કર્યા છે. જલીલે આ કાર્યવાહીને 'બુલડોઝર એક્શન' નહીં પણ 'ન્યાયની સ્મશાનયાત્રા' ગણાવી છે. તેમણે સવાલ ઉઠાવ્યો છે કે જો માત્ર આરોપોના આધારે જ સજા નક્કી કરવાની હોય, તો પછી દેશમાં અદાલતોની શું જરૂર છે?

ઈમ્તિયાઝ જલીલે મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, જ્યારે કોર્પોરેશન અને પોલીસની ટીમ મતીન પટેલના નિવાસસ્થાને પહોંચી, ત્યારે પરિવારના સભ્યોએ તેમને ફૂલોથી વધાવ્યા હતા અને ભારતીય



બંધારણની નકલ સોંપી હતી. જલીલના મતે, આ ફૂલો અધિકારીઓ પર નહીં પણ 'અન્યાયની અંતિમયાત્રા' પર વરસાવવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે કોઈ વ્યક્તિ ગુનેગાર છે કે નહીં તે નક્કી કરવાનું કામ અદાલતનું છે, મીડિયા કે રાજકીય પક્ષોનું નહીં.

જલીલે આરોપ લગાવ્યો છે કે આ કાર્યવાહીમાં સુપ્રીમ કોર્ટના દિશાનિર્દેશોનું સરેઆમ ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. મતીન પટેલના વકીલે બોમ્બે હાઈકોર્ટની ઔરંગાબાદ બેન્ચમાં સુપ્રીમ કોર્ટના એ આદેશનો હવાલો આપ્યો હતો જેમાં સ્પષ્ટ જણાવાયું છે કે કોઈપણ બાંધકામ તોડતા પહેલા ૧૫ દિવસની નોટિસ આપવી અનિવાર્ય છે. જોકે, કોર્પોરેશને માત્ર ૩ દિવસની મુદત પૂરી થતા જ વહેલી સવારે બુલડોઝર ચલાવવાનું શરૂ કરી દીધું હતું. જલીલે પૂછ્યું હતું કે, "શું આખા શહેરમાં માત્ર મતીન પટેલનું જ બાંધકામ ગેરકાયદે છે?"બુલડોઝરની આ કાર્યવાહીમાં મતીન પટેલના વૃદ્ધ માતા-પિતા, પત્ની અને બાળકો પણ ઘરવિહોણા બન્યા છે. ઈમ્તિયાઝ જલીલે ભાવુક થતા સવાલ કર્યો કે જે બાળકો અને વૃદ્ધોનો આ કેસ સાથે કોઈ લેવાદેવા નથી, તેમનો શું વાંક? નરેગાંવ વિસ્તારમાં આ ઘટનાને લઈને લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. જલીલે મધ્યરાત્રિએ સ્થળ પર પહોંચીને ભીડને શાંત પાડી હતી અને આશ્વાસન આપ્યું હતું કે જનતાના સહયોગથી તે જ જગ્યાએ નવું અને વધુ સારું મકાન બનાવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, મતીન પટેલ પર નાસિક ટીસીએસ કેસની આરોપી નિદા ખાનને આશ્રય આપવાનો આરોપ છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓનું કહેવું છે કે મતીન પટેલની ઓફિસ અને રહેણાંકના બાંધકામની કાયદેસરતા અંગે નોટિસ આપવામાં આવી હતી અને સમયમર્યાદા પૂરી થયા બાદ જ આ કાર્યવાહી કરવામાં આવી છે. જોકે, જલીલે દાવો કર્યો છે કે નોટિસમાં ક્યાંય નિદા ખાનને આશ્રય આપવાનો ઉલ્લેખ નથી, માત્ર ગેરકાયદે બાંધકામની વાત કરવામાં આવી છે, જે વહીવટીતંત્રની દાનત પર શંકા જન્માવે છે. આ મામલો હવે રાજકીય અને કાયદાકીય એમ બંને મોરચે લડાય તેવી શક્યતા છે.

**તાત્કાલિક સૂચના**

**મેસર્સ ફેરવેલ્થ હાઉસિંગ પ્રાઈવેટ લિમિટેડ (CIRP હેઠળ) ના તમામ ફાળવણીદારો / ઘર ખરીદનારાઓ માટે**

CIN: U70200HR2009PTC039709

માનનીય નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT), ચંદીગઢ બેન્ચ - II
CP (IB) No. 627/Chd/Hry/2019

ફેરવેલ્થ હાઉસિંગ પ્રાઈવેટ લિમિટેડ, જેની રજિસ્ટર્ડ ઓફિસ 651-652, ઉદ્યોગ વિહાર ફેઝ - V, ગુડગાંવ, હરિયાણા, ભારત - 122001 ખાતે આવેલી છે અને જેનો પ્રોજેક્ટ ખસરા નંબર 604, 605, 606, 607, 615, ગામ ધીરિયાવાસ, SRO ટાપુકારા, તિજારા, અલવર, ભિવાડી, રાજસ્થાન ખાતે આવેલો છે, તે માનનીય નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ, બેન્ચ - II, ચંદીગઢના તારીખ 01.06.2022 ના આદેશ મુજબ કોર્પોરેટ ઈન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રોસેસ (CIRP) હેઠળ છે અને નીચે સહી કરનારની રેઝોલ્યુશન પ્રોફેશનલ તરીકે નિમણૂક કરવામાં આવી છે. માનનીય નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ, ચંદીગઢ બેન્ચ દ્વારા તારીખ 17.02.2026 ના રોજ પસાર કરવામાં આવેલા આદેશ મુજબ, નીચે સહી કરનારને બાકી રહેલા તમામ ફાળવણીદારો/ઘર ખરીદનારાઓના દાવાઓ મંગાવવા માટે નવી જાહેરાત પ્રસિદ્ધ કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે.

હાલમાં રિઝોલ્યુશન પ્રક્રિયા ચાલુ હોવાથી, મેસર્સ ફેરવેલ્થ હાઉસિંગ પ્રાઈવેટ લિમિટેડ ના જે ઘર ખરીદનારાઓ/ફાળવણીદારોએ હજુ સુધી પોતાના દાવા રજૂ કર્યા નથી, તેઓને આ પ્રકાશનની તારીખથી 14 દિવસની અંદર નીચે દર્શાવેલ ઈમેઈલ પર જરૂરી સહાયક દસ્તાવેજો સાથે ફોર્મ CA માં તેમના દાવા ફાઈલ કરવા માટે ફરી એકવાર આમંત્રિત કરવામાં આવે છે. કોઈપણ પૂછપરછના કિસ્સામાં, રેઝોલ્યુશન પ્રોફેશનલનો નીચેના સરનામે સંપર્ક કરી શકાય છે.

શ્રી સંજુ કુમાર રેઝોલ્યુશન પ્રોફેશનલ
સંપર્ક સરનામું: 707, ઈન્દ્ર પ્રકાશ બિલ્ડિંગ, બારાખંભા રોડ, નવી દિલ્હી - 110001
ઈમેઈલ એડ્રેસ: fairwealth.cirp@gmail.com

સિટી એક્સપ્રેસ
THURSDAY 14 MAY-2026
AHMEDABAD



## સીબીઆઈ નિયામકની પસંદગી પ્રક્રિયા મુદ્દે રાહુલ ગાંધીનો વિરોધ નોંધાયો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્રીય અનુસંધાન બ્યુરો (સીબીઆઈ)ના નવા નિયામકની પસંદગી પ્રક્રિયા અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખી કડક અસહમતિ વ્યક્ત કરી છે. સીબીઆઈ નિયામકની પસંદગી માટે રચાયેલ સમિતિમાં સભ્ય તરીકે રહેલા રાહુલ ગાંધીએ પ્રક્રિયાને અયોગ્ય અને પૂર્વનિર્ધારિત ગણાવી વિરોધ નોંધાવ્યો છે. પત્રમાં તેમણે આક્ષેપ કર્યો છે કે સરકાર દ્વારા રાજકીય વિરોધીઓ, પત્રકારો અને ટીકાકારો સામે સીબીઆઈનો દુરુપયોગ કરવામાં આવ્યો છે.

## ગુજરાતમાં નાળિયેર ઉત્પાદનનો નવો રેકોર્ડ, બે વર્ષમાં 20% વધારો

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | ગુજરાતમાં બાગાયતી ખેતી અને મૂલ્યવર્ધિત પાકોને મળતા પ્રોત્સાહનના પરિણામે નાળિયેર ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. છેલ્લા બે વર્ષ દરમિયાન રાજ્યમાં ટેન્ડર કોકોનટના ઉત્પાદનમાં અંદાજે 20 ટકાનો વધારો થયો હોવાનું સામે આવ્યું છે. હાલમાં રાજ્યમાં દર વર્ષે આશરે 26 કરોડ નાળિયેરનું ઉત્પાદન થઈ રહ્યું છે, જે ગુજરાતના કૃષિ ક્ષેત્ર માટે મહત્વપૂર્ણ સિદ્ધિ માનવામાં આવી રહી છે. રાજ્યના ગીર સોમનાથ, જૂનાગઢ, ભાવનગર, નવસારી, વલસાડ, કચ્છ અને દેવભૂમિ દ્વારકા જેવા દરિયાકાંઠાના જિલ્લાઓમાં આશરે 28 હજાર હેક્ટર વિસ્તારમાં નાળિયેરની ખેતી થઈ રહી છે.

# 72 IASની બદલી, ચૂંટણી પૂર્ણ થતાં જ રી-શફલ:8 નવી મનપાના મ્યુનિ.કમિશનર બદલાયા

## ચાર્જ લેશે પછી જ મેયર-સ્ટેન્ડિંગ ચેરમેનની જાહેરાત; જુઓ સંપૂર્ણ લિસ્ટ : ડી.એન. મોદીની ગાંધીનગર વિકાસ કમિશનર તરીકે ટ્રાન્સફર

ગાંધીનગર | રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ (GAD) દ્વારા બુધવારે વહેલી સવારે IAS અધિકારીઓની મોટી બદલીનો આદેશ જાહેર કરવામાં આવ્યો છે. રાજ્યભરમાં કુલ 72 IAS અધિકારીઓની બદલી અને નવી નિમણૂકો કરવામાં આવી છે. આ ફેરફારોમાં અનેક જિલ્લા કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર તેમજ વિવિધ સરકારી નિગમોના ઉચ્ચ અધિકારીઓનો સમાવેશ થાય છે. સરકારના આ નિર્ણયને વહીવટી તંત્રમાં મોટા રી-શફલ તરીકે જોવામાં આવી રહ્યું છે. આ બદલીઓમાં તાજેતરમાં જ નવી બનેલી 9 મનપાની પહેલીવાર ચૂંટણી યોજાઈ હતી. આ 9માંથી 8 મનપાના મ્યુનિકમિશનરની બદલી કરી નવા કમિશનર મૂકવામાં આવ્યા છે. જ્યારે પોરબંદર મનપાના કમિશનરની બદલી કરવામાં આવી નથી. દોઢ વર્ષ પહેલા નવી બનાવવામાં આવેલી મહાનગરપાલિકાઓમાં મ્યુનિસિપલ કમિશનરોની બદલી કરવામાં આવી છે. નવા મ્યુનિસિપલ કમિશનર આવ્યા બાદ સૌપ્રથમ વખત મેયર સહિતના પદાધિકારીઓની નિમણૂક કરવામાં આવશે. આજે બદલીઓ થયા બાદ બે દિવસમાં નવા મ્યુનિસિપલ કમિશનરો ચાર્જ લીધા બાદ જ હવે નવી ચૂંટાયેલી પાંખ જાહેર થશે.જાહેર થયેલા આદેશ મુજબ જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર ડી.એન. મોદીની ગાંધીનગર વિકાસ કમિશનર તરીકે ટ્રાન્સફર કરવામાં આવી છે. અમદાવાદ કલેક્ટર સુજીત કુમારને સ્ટેટ ટેક્સના સ્પેશિયલ કમિશનર તરીકે નિમણૂક આપવામાં આવી છે. સુરત કલેક્ટર ડૉ. સૌરભ પારધીને સિવિલ સપ્લાયઝ વિભાગના ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે ભરુચ કલેક્ટર ગૌરાંગ મકવાણાને ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (GEDA)ના ડિરેક્ટર તરીકે જવાબદારી સોંપાઈ છે.આ ઉપરાંત નર્મદા-રાજપીપળાના કલેક્ટર સંજય મોદીની ટ્રાન્સફર કરી તેમને ગુજરાત સ્ટેટ ટ્રાઈબલ ડેવલપમેન્ટ રેસિડેન્શિયલ એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યુશન સોસાયટી (GSTDREIS)ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે મુકવામાં આવ્યા છે. મોરબી કલેક્ટર કિરણ ઝવેરીને નડિયાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર તરીકે નિમણૂક આપવામાં આવી છે.રાજ્ય સરકારે તાજેતરમાં સ્થાનિક સ્વરાજ અને વિકાસ સંબંધિત પ્રોજેક્ટોને વધુ ગતિ આપવા માટે વહીવટી માળખામાં આ વ્યાપક ફેરફારો કર્યા હોવાનું માનવામાં આવી રહ્યું છે. અનેક અધિકારીઓને વધારાનો ચાર્જ પણ સોંપવામાં આવ્યો છે, જેથી વિવિધ વિભાગોની કામગીરીમાં સતતતા જળવાઈ રહે.IAS અધિકારીઓની ટ્રાન્સફર માત્ર રૂટિન વહીવટી ફેરફાર નથી, પરંતુ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બાદ સરકારની નવી વહીવટી ગોઠવણ તરીકે જોવાઈ રહી છે. થોડા દિવસો પહેલા ઘણા કલેક્ટરોને પ્રમોશન આપવામાં આવ્યું હતું, પરંતુ તે સમયે ચૂંટણી પ્રક્રિયા ચાલી રહી હોવાથી તેમની બદલી અટકાવવામાં આવી હતી. હવે ચૂંટણી પૂર્ણ થતાં જ પ્રમોશન પામેલા અધિકારીઓને સચિવાલય તેમજ મહત્વપૂર્ણ વિભાગોમાં જવાબદારી સોંપવામાં આવી છે. સરકાર હવે જિલ્લા વહીવટ કરતાં નીતિગત અને અમલીકરણ સ્તરે અનુભવી અધિકારીઓનો વધુ ઉપયોગ કરવા માગે છે તેવો સંકેત આ બદલીઓમાંથી મળી રહ્યો છે.રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી IAS અધિકારીઓની અછત ગંભીર મુદ્દો બની રહી છે. તેના કારણે અનેક અધિકારીઓને એક સાથે બે-ત્રણ મહત્વપૂર્ણ વિભાગોના વધારાના ચાર્જ સોંપવામાં આવ્યા છે. આ ટ્રાન્સફર ઓર્ડરમાં પણ ઘણા અધિકારીઓને વધારાની જવાબદારી આપવામાં આવી છે, જે દર્શાવે છે કે સરકાર પાસે અનુભવી અધિકારીઓની મર્યાદિત ઉપલબ્ધતા છે. ખાસ કરીને ઊર્જા, શિક્ષણ, ટ્રાઈબલ ડેવલપમેન્ટ અને નગર વિકાસ જેવા વિભાગોમાં એક જ અધિકારી પાસે અનેક પદોની જવાબદારી રાખવામાં આવી છે. વહીવટી સતતતા જળવાઈ રહે અને નિર્ણયો ઝડપથી લેવાઈ શકે તે માટે આ મોડેલ અપનાવવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે. આ બદલીઓમાં એક મહત્વનું પાસું એ પણ છે કે જ્યાં લાંબા સમયથી વધારાના ચાર્જના આધારે કામગીરી ચાલી રહી હતી ત્યાં હવે નિયમિત પોસ્ટિંગ આપવામાં આવી રહી છે. અનેક કોર્પોરેશન, કમિશનર કચેરીઓ અને જિલ્લા કક્ષાના પદો પર રેગ્યુલર અધિકારીઓ મુકાતા વહીવટી ગતિ વધવાની શક્યતા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન સરકાર કોઈ મોટો વહીવટી ફેરફાર કરવા માંગતી નહોતી, પરંતુ હવે ચૂંટણી પૂર્ણ થતાં જ આખા તંત્રમાં વ્યાપક રી-શફલ કરવામાં આવ્યું છે. આથી આગામી સમયમાં વિકાસકાર્યો અને નીતિ અમલીકરણમાં વધુ સ્પષ્ટતા અને જવાબદારી નક્કી થવાની શક્યતા છે.સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગમાં થયેલી બદલી ખાસ ચર્ચામાં રહી છે. આ વિભાગ છેલ્લા ઘણા સમયથી આંતરિક વિવાદો અને વહીવટી અસંતોષને લઈને ચર્ચામાં હતો. વિભાગના મેનેજિંગ ડિરેક્ટર અરવિંદ વિજયનની બદલી કરીને બોટાદના કલેક્ટર તરીકે ફરજ બજાવતા જિન્સી રોયને નવી જવાબદારી સોંપવામાં આવી છે. તાજેતરમાં આ વિભાગમાં આંતરિક સ્તરે પણ અનેક ફેરફારો થયા હતા, જેના કારણે સરકાર હવે નવા નેતૃત્વ દ્વારા વિભાગમાં સ્થિરતા લાવવા અને પ્રોજેક્ટ અમલીકરણને ગતિ આપવા માંગે છે તેવો સંદેશો મળી રહ્યો છે.

## પુરુષોત્તમ પર્વ- આચાર્યશ્રીરણછોડલાલજીનાં મુખે વચનામૃત સત્ર અને પ્રભુનાં મનોરથો

અમદાવાદ : વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદનાં હાર્દ સમા કાલુપુર દોશીવાડાની પોળ ખાતે આવેલ ગોપીનાથજી જ્યોતિઃ પીઠ ગોસ્વામી હવેલીમાં આચાર્યશ્રી રણછોડલાલજીની અધ્યક્ષતામાં અનેકો સાંસ્કૃતિક, ધાર્મિક અને સામાજિક કાર્યક્રમોની શ્રેણી યોજાઈ રહી છે.તે પૈકી ૧૭ મે




થી ૧૫ જૂન દરમિયાન અધિક માસને પુરુષોત્તમ પર્વ તરીકે ઉજવાશે. જેમાં વલ્લભાચાર્યજી રચિત ભાગવત નામાવલી - પુરુષોત્તમસહસ્ત્રનામ સ્તોત્રનું વિવેચન આચાર્ય શ્રીરણછોડલાલજીનાં મુખે વચનામૃત કથા રસપાન કરવામાં આવશે. આ સ્તોત્રનું અધિક માસમાં વિશેષ મહત્વ હોવાથી તેનાં સાયં ૫:૩૦ વાગે - પાઠ, ૬ થી ૮ વાગે - કથા અને પૂજન- આરતીનો લાભ સનાતન ધર્મ સમુદાય ને પ્રાપ્ત થશે. ૮ વાગે અત્રે વિરાજતાં શ્રીપ્રભુનાં વિવિધ આકર્ષક મનોરથોની ઝાંખી પણ થશે. આ મનોરથોંમાં પુષ્ટિમાર્ગનાં સિદ્ધાંતો મુજબ વિવિધ સાજ સાહિત્ય સજાવટ અને કીર્તનનાં માધ્યમથી પ્રભુ સુખાર્થ વિશેષ ઉપચારો થશે. આ પુરુષોત્તમ માસમાં ભગવાનની સેવા-પૂજા અને સ્મરણ-કથા વિશેષ બની રહે તે હેતુ થી આ આયોજન નવીન આધ્યાત્મિક ઉર્જા નું કેન્દ્ર મનાય છે.

# સેલ્સ ગર્લે કરોડોના સોનાના દાગીના ચોર્યા, CCTV:Stay Loyalનું સ્ટેટસ, શૂટ-પેન્ટ ને ચહેરા પર સ્માઈલ; અમદાવાદના શો-રૂમમાંથી દાગીના લઈ રફુચક્કર

(એજન્સી) અમદાવાદ | તા. 13

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક વર્ષ સુધી સોનુ ન ખરીદવાની અપીલ કરી છે ત્યારે અમદાવાદના નિકોલ વિસ્તારમાં આવેલા સોના-ચાંદીના જ્વેલર્સના શો-રૂમમાં સેલ્સ ગર્લ તરીકે કામ કરતી યુવતી શો-રૂમમાંથી 20-25 લાખ નહીં, પરંતુ 1.66 કરોડ રૂપિયાના સોનાના દાગીના લઈને ફરાર થઈ ગઈ છે. શો-રૂમના યુનિફોર્મ એવા શૂટ અને પેન્ટમાં સોનાના દાગીના મૂકીને માલિકે રજા આપી છે. તેથી જઈ રહી છે એમ કહીને શોરૂમમાંથી નીકળી ગઈ હતી. નિકોલ પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધી આરોપી મહિલાની શોધખોળ શરૂ કરી છે.




મળતી માહિતી મુજબ શહેરના કૃષ્ણનગર વિસ્તારમાં આવેલા નયનનગર સોસાયટીમાં દર્શનભાઈ શાહ તેમના પરિવાર સાથે રહે છે. નિકોલ વિસ્તારમાં અનમોલ સર્કલ પાસે ગ્રેવિટી શોપિંગ મોલમાં આભૂષણ નામનો સોના ચાંદીનો શોરૂમ ધરાવીને વ્યવસાય કરે છે. દર્શનભાઈના શોરૂમમાં મેનેજર, સેલ્સમેન, માર્કેટિંગ સહિત કુલ 19 લોકો કામ કરે છે. 11 મહિના પહેલા શો-રૂમમાં હર્ષિદા શેટ્ટી નામની યુવતી સેલ્સ ગર્લ્સ તરીકે જોડાઈ હતી. 11 મે 2026ના રોજ બપોરના સમયે દર્શનભાઈ ઘરે જમવા ગયા હતા ત્યારે શોરૂમના મેનેજર અને સ્ટાફના લોકો હાજર હતા તે દરમિયાન આ ચોરીની ઘટના બની હતી.

સાંજે 5 વાગ્યે દર્શનભાઈ શોરૂમ ઉપર આવ્યા હતા ત્યારે એક ગ્રાહક શોરૂમ પર ખરીદી કરવા આવ્યા ત્યારે સ્ટાફના કાનજીભાઈને ટ્રેમાં રાખેલી સોનાની એક લકી ઓછી જણાઈ હતી. ગ્રાહકના ગયા બાદ કાનજીભાઈએ આ બાબત જણાવી હતી. જેથી શોરૂમમાં હાજર સેલ્સ ગર્લ્સ તરીકે નોકરી કરતી હર્ષિદા શેટ્ટી હાજર નહોતી. જેથી આ બાબતે પૂછતા તેમણે કહ્યું હતું કે તમારી રજા લઈને ઈમરજન્સી કામ હોવાથી 4:30 વાગ્યે નીકળી ગઈ હતી. દર્શનભાઈએ કોઈ રજા આપી નહોતી અને કહ્યા વગર નીકળી જતા સીસીટીવી તપાસ્યા હતા.

શોરૂમમાં લાગેલા CCTV તપાસ કરતા હર્ષિદાબેન સાંજે 4થી 4:30 વાગ્યાના સમયગાળા દરમિયાન બેઠકની પાછળના ભાગે કબાટમાં રાખેલા સોનાના દાગીના કાઢી ખિસ્સામાં મુકતા જોવા મળ્યા હતા. ત્યારબાદ દુકાનના બીજા માળે આવેલા સ્ટોર રૂમ તરફ જતા હતા અને સ્ટોર રૂમમાંથી પોતાની બેગ લઈને બહાર નીકળી ગયા હતા.

હર્ષિદાબેનના મોબાઈલ ફોન ઉપર ફોન કરતા મોબાઈલ ફોન સ્વીચ ઓફ આવતો હતો. જેથી આખા શો રૂમમાં સોનાના દાગીનાની તપાસ કરતાં સોનાની ચેન, લકી, ઘડિયાળ, બુટ્ટી, મંગળસૂત્ર, પેન્ડલ અને વીંટીઓ મળીને કુલ 1.66 કરોડ રૂપિયાના સોનાના દાગીના લઈને ફરાર થઈ ગયા હોવાનું ધ્યાને આવ્યું હતું. સમગ્ર મામલે નિકોલ પોલીસ દ્વારા ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે.

વડોદરા જિલ્લાના વાઘોડિયા બજારમાં ફિલ્મી ઢબે લૂંટની ઘટના બનતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. શહેરમાં ડીસી જ્વેલર્સ નામે સોના-ચાંદી અને ધીરધારનો વ્યવસાય કરતા વેપારી જીગ્નેશભાઈ પર ત્રણ બુકાનીધારી શખ્સોએ જીવલેણ હુમલો કરી અંદાજિત 40 ગ્રામ સોનું અને 50,000 ભરેલી બેગની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા.

# જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા આયોજિત વિવિધ સત્રોમાં નિષ્ણાતોએ જાતિગત સંવેદનશીલતા વિષય પર માર્ગદર્શન આપ્યું



### રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના કર્મયોગીઓ માટે "POSH Act, 2013 તથા જેન્ડર સેન્સિટાઈઝેશન" વિષયક દ્વિદિવસીય તાલીમ યોજાઈ

અમદાવાદ | રોજિંદા જીવન અને કાર્યસ્થળ પર લિંગ આધારિત પૂર્વગ્રહોને ઓળખી વધુ સંવેદનશીલ અને સમાનતાપૂર્ણ વર્તન અપનાવવાના હેતુ સાથે "POSH Act, 2013 તથા જેન્ડર સેન્સિટાઈઝેશન" વિષય પર તા. ૧૧ અને ૧૨ મે, ૨૦૨૬ દરમિયાન દ્વારકા હોલ, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર ખાતે તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

તાલીમ દરમિયાન યોજાયેલા વિવિધ સત્રોમાં POSH Act, 2013 તથા કાર્યસ્થળે ગરિમાપૂર્ણ અભિગમ અને સમાવેશતા વિષય પર નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું. તા. ૧૧ મેના રોજ શ્રી યોગિતા આહુજા, Chairperson CII_Indian Women Network અને તા.૧૨ મે ના રોજ ડૉ. જરણા પાઠક, સેક્રેટરી, અમદાવાદ વીમેન એક્શન ગ્રુપ (AWAG) દ્વારા કાયદાકીય જોગવાઈઓ, ફરિયાદ નિવારણ વ્યવસ્થા તથા સુરક્ષિત કાર્યસ્થળ નિર્માણ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી. આ તાલીમ કાર્યક્રમનો મુખ્ય હેતુ કાર્યસ્થળે મહિલાઓના જાતીય સતામણી નિવારણ માટેના કાયદા (POSH Act, 2013) અંગે જાગૃતિ વધારવા તેમજ અધિકારીઓ અને કર્મચારીઓમાં જાતિગત સંવેદનશીલતા, સમાનતા અને સમાવેશી અભિગમ વિકસાવવાનો હતો. રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ કાર્યરત જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા સામાન્ય વહીવટ વિભાગના અધિકારીઓશ્રી અને કર્મચારીશ્રીઓ માટે આ બે દિવસની ખાસ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. સત્રના અંતે પોસ્ટ-ટેસ્ટ દ્વારા ભાગલેનારાઓના જ્ઞાનમાં થયેલા વિકાસનું મૂલ્યાંકન પણ કરવામાં આવ્યું હતું.

## NEET પરીક્ષાના પેપર લીક મામલે વિરોધ:ગુજરાત યુનિવર્સિટી બહારના રોડ પર NSUIએ શિક્ષણમંત્રીનું પૂતળું બાળ્યું

અમદાવાદ | NEETની પરીક્ષાનું પેપર લીક થતા જ દેશભરમાં વિધાર્થીઓ અને વાલીમાં રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે અમદાવાદમાં NSUI દ્વારા પણ NEET પરીક્ષાના પેપર લીક મામલે વિરોધ કરવામાં આવ્યો હતો. ગુજરાત યુનિવર્સિટી બહાર NSUIના કાર્યકરો વિરોધ કરી રહ્યા હતા જેમની પોલીસે અટકાયત કરવામાં રહી ત્યાં સામે NSUIના અન્ય કાર્યકરોએ શિક્ષણમંત્રીનું પૂતળું દહન કરી દીધું હતું.

NSUI દ્વારા આજે ગુજરાત યુનિવર્સિટી બહાર વિરોધ કરવામાં આવ્યો હતો. કાર્યકરો દ્વારા સુત્રોચાર પણ કર્યાં હતા. કેટલાક કાર્યકરોએ તો રસ્તો બંધ કરીને વિરોધ કરવાનું શરૂ કર્યું હતું. જો કે સ્થાનિક પીઆઈ અને સ્ટાફ દ્વારા વિરોધકર્તાઓની અટકાયત કરવામાં આવી હતી. આ અટકાયત દરમિયાન સામેના રોડ પર જ NSUIના કાર્યકર દ્વારા



શિક્ષણમંત્રીના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું.

સ્થાનિક પીઆઈ સિવાય બહારથી આવેલા એક પીઆઈ પણ હાજર હતા પરંતુ આ પીઆઈની સામે જ કાર્યકરોએ પૂતળું દહન કર્યું છતાં પીઆઈએ અટકાયત ન કરતા સ્થાનિક પીઆઈએ અટકાયત કરવા જવું પડ્યું હતું. NSUI નેતા ચિરાગ દરજીએ જણાવ્યું હતું કે NTA દ્વારા સામે પગલાં લેવામાં આવે.

## મોદી બાદ અમિત શાહ ગુજરાત આવશે:16 અને 17 મેએ અમદાવાદ-ગાંધીનગરના કાર્યક્રમોમાં હાજરી આપશે

(એજન્સી) ગાંધીનગર | તા. 13

પશ્ચિમ બંગાળ સહિતના રાજ્યોમાં ભવ્ય જીત બાદ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ સૌપ્રથમ વખત ગુજરાત આવવાના છે. આગામી 16 અને 17 મેના રોજ અમદાવાદ અને ગાંધીનગર ખાતેના કાર્યક્રમમાં હાજરી આપશે. મ્યુનિસિપલ કોર્પોરેશનના નવનિયુક્ત કોર્પોરેટરોને મળશે. અમદાવાદ અને ગાંધીનગર લોકસભાના વિકાસ કાર્યોને લઈને મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ સાથે પણ બેઠક કરશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં અમદાવાદના મેયર સહિતના મુખ્ય પાંચ પદાધિકારીઓની વરણી કરવામાં આવે તેવી શક્યતા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આગામી 16 અને 17 મેના રોજ અમદાવાદ ખાતે આવશે. પશ્ચિમ બંગાળ સહિતના રાજ્યોમાં ભાજપની ભવ્ય જીત અને રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ બાદ પ્રથમ વખત ગૃહમંત્રી ગુજરાત ખાતે આવી રહ્યા છે. રાજ્યમાં તમામ મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોમાં પ્રમુખ અને મુખ્ય પદાધિકારીઓની નિમણૂકો હજી બાકી છે ત્યારે ગૃહમંત્રીના ગુજરાત પ્રવાસ દરમિયાન નામોની જાહેરાત થાય તેવી શક્યતા જોવા મળી રહી છે.

આગામી 14 મે બાદ તમામ મહાનગરપાલિકાઓમાં મેયર, ડેપ્યુટી મેયર પદ માટે ચૂંટણી કરવા મહાનગરપાલિકામાં કમિશનર દ્વારા સામાન્ય સભા બોલાવવામાં આવશે અને સ્ટેન્ડિંગ ચેરમેન માટે જાહેરાત થશે. જેથી અમદાવાદમાં પણ કેન્દ્રીય ગૃહમંત્રીની હાજરીમાં મેયર સહિતના મુખ્ય પદાધિકારીઓની જાહેરાત થાય તેવી પૂરી શક્યતા છે. અમદાવાદ મહાનગરપાલિકા રાજ્યની સૌથી મોટી મહાનગરપાલિકા છે જેથી મેયર સહિતના પદાધિકારીઓની નિમણૂક માટે ચર્ચા બાદ નામની જાહેરાત થશે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ દ્વારા અમદાવાદના દક્ષિણ પશ્ચિમ ઝોનની ઓફિસ ખાતે આગામી 16 મેના રોજ ગાંધીનગર લોકસભા અંતર્ગત અમદાવાદમાં કરોડો રૂપિયાના વિકાસ કાર્યો.

## શીલજમાં 5 લાખ માટે ભત્રીજાએ ફુવાને મોતને ઘાટ ઉતાર્યા

અમદાવાદ | શીલજ વિસ્તારમાં આવેલા અવનીશ હાઈટ્સમાં પૈસાની લાલચમાં એક ભત્રીજાએ પોતાના જ ફુવાની હત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. મંગળવારે સવારે મનીષ ચોકસી નામની વ્યક્તિનો ઈજાગ્રસ્ત હાલતમાં મૃતદેહ મળી આવતા બોપલ પોલીસે સીસીટીવી અને ટેકનિકલ તપાસના આધારે આરોપી વ્રજ સોનીની ઉદયપુરથી અટકાયત કરી છે. શીલજમાં આવેલી અવનીશ હાઈટ્સમાં રહેતા અને ફોટોગ્રાફીના વ્યવસાય સાથે સંકળાયેલા મનીષભાઈ ચોકસી તેમના પુત્ર સમર્થ અને સાળાના દીકરા (ભત્રીજા) વ્રજ સાથે રહેતા હતા. મનીષભાઈના પત્ની તિરુપતિ ખાતે મેડિટેશનમાં ગયા હતા, જ્યારે તેમનો પુત્ર સોમવારે રાત્રે કામ અર્થે સ્ટુડિયોમાં હતો. મંગળવારે સવારે સમર્થ જ્યારે ઘરે પરત ફર્યો ત્યારે તેને મનીષભાઈનો લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતા બોપલ પોલીસ, એફએસએલ (FSL) અને ડોગ સ્કોડની ટીમે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. ફ્લેટના સીસીટીવી ફૂટેજ તપાસતા સામે આવ્યું હતું કે, મનીષભાઈના સાળાનો દીકરો વ્રજ સોની ઘરમાંથી પાંચ લાખ રૂપિયા લઈને ભાગી રહ્યો હતો.

## 'વર્ક ફ્રોમ હોમ' મોડલ પર વિચારણા:બાવળિયાએ કહ્યું- ખાનગી કંપનીઓ અને એસોસિયેશનો સાથે પણ બેઠક યોજીશું; પેટ્રોલ-ડીઝલ બચાવવા સરકાર સક્રિય



ગાંધીનગર | રાજ્ય સરકાર દ્વારા ખર્ચમાં ઘટાડો અને ઈંધણ બચત માટે મહત્વપૂર્ણ આયોજન પર વિચારણા શરૂ કરવામાં આવી છે. મુખ્યમંત્રી તથા નાયબ મુખ્યમંત્રીના આઉટડોર સરકારી કાર્યક્રમો હવે વધુ પ્રમાણમાં વર્ચ્યુઅલ રીતે યોજાય તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે. ખાસ કરીને હેલિકોપ્ટરના ઉપયોગમાં ઘટાડો કરીને પેટ્રોલ-ડીઝલ અને એવિએશન ફ્યુઅલની બચત કરવાનો સરકારનો પ્રયાસ હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. સરકારી કાર્યક્રમોને ડિજિટલ માધ્યમથી આયોજિત કરવા અંગે ઉચ્ચ સ્તરે ચર્ચા ચાલી રહી છે, જેથી સમય અને ખર્ચ બંનેમાં ઘટાડો થઈ શકે.

રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલના વધતા વપરાશ વચ્ચે હવે સરકાર વિવિધ સ્તરે બચત માટે નવા વિકલ્પો પર વિચારણા કરી રહી છે. આ મુદ્દે શ્રમ અને રોજગાર મંત્રીએ મહત્વપૂર્ણ નિવેદન આપતાં જણાવ્યું હતું કે, કોર્પોરેટ સેક્ટરમાં શક્ય હોય ત્યાં સુધી 'વર્ક ફ્રોમ હોમ' કલ્ચરને પ્રોત્સાહન આપવા માટે પ્રયાસ કરવામાં આવશે.

મંત્રીએ જણાવ્યું કે, અનેક ખાનગી કંપનીઓ અને એસોસિયેશનો સાથે બેઠક યોજીને આ અંગે ચર્ચા કરવામાં આવશે અને ત્યારબાદ યોગ્ય નિર્ણય લેવામાં આવશે. ખાસ કરીને મોટા શહેરોમાં રોજિંદા ઓફિસ જવા-આવવાના કારણે પેટ્રોલ અને ડીઝલનો વ્યાપક ઉપયોગ થાય છે, જેને ઘટાડવા માટે ઓનલાઈન કાર્ય પદ્ધતિ અસરકારક બની શકે છે.

તેમણે વધુમાં કહ્યું કે, સરકાર દ્વારા ઈંધણ બચત માટે સતત પ્રયાસો ચાલી રહ્યા છે અને વિવિધ વિભાગોને પણ જરૂરી સૂચનાઓ આપવામાં આવી રહી છે. સરકારી અને ખાનગી ક્ષેત્રે શક્ય હોય ત્યાં ડિજિટલ માધ્યમથી કામકાજ વધારવા પર ભાર મુકવામાં આવશે.

શ્રમ અને રોજગાર મંત્રીએ સ્પષ્ટ કર્યું કે, તમામ નિર્ણયોમાં પ્રોટોકોલ અને વહીવટી નિયમોનું સંપૂર્ણ પાલન કરવામાં આવશે. સાથે જ ઉદ્યોગો અને કર્મચારીઓ બંનેને અનુકૂળ રહે તે રીતે આયોજન કરવામાં આવશે. સરકારના આ સંકેતોને કારણે આગામી સમયમાં કોર્પોરેટ ક્ષેત્રમાં ફરી એકવાર 'વર્ક ફ્રોમ હોમ' મોડલને પ્રોત્સાહન મળવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...